॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

# શ્રીવ્રતકથાઓ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

**-: છપાવી પ્રસિદ્ધ કરનાર :-**
**સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી**
**શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.**

**-: સંપાદક - સંશોધક :-**
**સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી**
**શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.**

**સંવત્ ૨૦૬૬, જન્માષ્ટમી**
**તા. ૨, સપ્ટેમ્બર ૨૦૧૦, ગુરુવાર**

**પ્રથમ આવૃત્તિ, પ્રત ૩૦૦૦, કિંમત રૂા. ૩૦**

પ્રાપ્તિ સ્થાન :- શ્રીસ્વામિનારાયણ મંદિર
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ રોડ, ભુજ - કચ્છ.

અ.નિ. સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી દેવચરણદાસજી, અ.નિ. સ.ગુ. સ્વામી મોરારીચરણ દાસજીની પુણ્ય સ્મૃતિમાં તથા સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની પ્રેરણા તથા આશીર્વાદથી ગામ બળદીયાના હાલે સીડની ઓસ્ટ્રેલીયા નિવાસી પ.ભ. મનજીભાઇ વિશ્રામ વરસાણી ધ.પ. કેશરબાઇ, સુપુત્ર નારાણભાઇ ધ.પ. પુષ્પાબેન, પૌત્ર પ્રિતેશ, અવનીશ, હિરેન, સુપુત્ર ધનજીભાઇ ધ.પ. અમૃતબેન, પૌત્રી નિશમા, પૌત્ર દિપેશ, જીતેન, સુપુત્ર કાંતિભાઇ ધ.પ. વનિતાબેન, પૌત્ર રીતેશ, પૌત્રી હિરલ, કીરીશ, કાન્તી તથા સુપુત્રી રામબાઇ રવજી પટેલ, સુપુત્રી વનિતાબેન જાદવજી કેરાઇ આદિક સહકુટુંબ પરિવારે ભુજ શ્રીનરનારાયણદેવના નૂતન મંદિર મહોત્સવના ઉપલક્ષમાં આર્થિક સેવા કરેલ છે તો શ્રીહરિ તેમને સદાય આવીને આવી સેવા કરવાની પ્રેરણ કરતા રહે એવી શ્રીનરનારાયણદેવ પાસે નમ્ર પ્રાર્થના.

મુદ્રક :-શ્રીનરનારાયણદેવ પ્રીન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# પ્રસ્તાવના

ભારતભૂમિ દેવોની ભૂમિ છે અને દેવની પ્રસન્નતાર્થે વ્રતો રાખવાનો બોધ આપી મુમુક્ષુઓને મોક્ષમાર્ગ ચીંધવામાં આવેલ છે. ઉદ્ધવ સંપ્રદાયના અનેક 'વ્રતરાજ' આદિ સત્‌શાસ્ત્રોમાં વ્રતોની વાતો સદૃષ્ટાંત રજૂ કરેલી છે. વ્રતો દ્વારા હરિભક્તોને સત્ય, સત્સંગ, શ્રદ્ધા અને સુનીતિનો બોધ સરળતાપૂર્વક સરસ રીતે આપેલો છે. પૃથ્વીના પટ પર પ્રભુએ અનેક લીલાઓ કરી છે અને હરિભક્તોને દર્શન આપી કૃતાર્થ કર્યા છે. અખિલ બ્રહ્માંડના અધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રદ્ધા સાથે સમર્પિત થયેલા સાચા સંનિષ્ઠ હરિભક્તને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શનનું સુખ આપી અનેક પરચા પૂર્યા છે અને વ્રતોનો મહિમા ગાયો છે.

આજે હરિભક્તોના કલ્યાણાર્થે 'શ્રીવ્રતકથાઓ' રજૂ કરતાં હર્ષની લાગણી અનુભવાય છે. વ્રતોથી વિટંબણા ટળે છે, ટેકથી ટકી રહેવાય છે અને આસ્થાથી અવરોધોનો અંત આવે છે. ભવસાગરમાં ભૂલેલા અને ભવાટવીમાં ભટકતા લોકો આ વ્રતકથાઓમાંથી બોધ લઈ, વ્રતો દ્વારા આત્મ ઉધ્ધાર સાથે શ્રીજીમહારાજની પ્રસન્નતા પામી શકશે.

આ રીતે આવા આ ગ્રંથનું આમ જનતા વાંચે, વિચારે અને પુરાણોમાં લખાએલ વ્રતકથાઓ તેની જાણકારી મેળવે એવી મહારાજને પ્રાર્થના. આ ગ્રંથ છપાવવામાં કોઈ ક્ષતિ રહેવા પામી હોય તો નિર-ક્ષીર ન્યાયે ક્ષમ્ય ગણશો.

લિ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# એકાદશી ઉત્પત્તિ અને મહાત્મ્ય

## વચનામૃત મધ્ય પ્ર. ના ૮ મા માં

શ્રીજી મહારાજ કહે છે જે, અમારા આશ્રિતો ત્યાગી સંતો ગૃહસ્થ ભક્તો ભાઈયો બહેનોએ સર્વે તેમણે એકાદશીનું વ્રત અવશ્ય કરવું. તે દિવસે દશે ઈન્દ્રિયોના અને અગિયારમું મન એમ અગિયારે ઈન્દ્રિયોના આહાર વ્રતને દિવસે કરવા નહિ કારણ કે, સર્વે પાપો અન્નને આસરીને રહે છે. એકાદશીને દિવસે જો કોઈ અન્નનો આહાર કરે ? તો તે અન્નને આસરીને રહેલાં સર્વે પાપ અન્ન ખાનારમાં પ્રવેશ કરે છે.

## એકાદશીવ્રતની ઉત્ત્પત્તિની કથા

પૂર્વે સત્યુગમાં નાડીજંઘ નામના અસુરનો દિકરો મુરદાનવ નામે હતો, તે અતિ બળવાન હોવાથી અતિ ઉધ્ધત હતો, એ મુરદાનવે અતિ દુષ્કર કઠીન તપ કરીને બ્રહ્મા પાસેથી કોઈપણ દેવ, દૈત્ય, મનુષ્ય પશુ, પક્ષી વગેરે કોઈ પણ પુરુષથી મારું મરણ ન થાય આવું વરદાન માગ્યું. બ્રહ્માજીએ તથાસ્તુ કહીને વરદાન આપ્યું. પછી એ અસુર અતિ ઉધ્ધત થઈ ઈન્દ્રાદિક સર્વે દિગ્પાલોને જીતિને સર્વેને હાંકી કાઢીને સર્વે સ્થળે પોતાની જાતીના દૈત્યોને ગોઠવી દીધા, દેવતાઓ નિર્બળ અને નિસ્તેજ થઈ બ્રહ્માજીને શરણે ગયા. પોતાનું બધું દુઃખ બ્રહ્માજીને કહી સંભળાવ્યું. પછી બ્રહ્માજી પોતે એ કષ્ટ નિવારણ કરવા માટે સમર્થ ન હોવાથી શિવજી પાસે ગયા અને સર્વે

વૃતાંત શંકરને કહિ સંભળાવ્યું ત્યારે બધાએ મળીને વિચાર કર્યો જે આમાં કામ ભગવાનનું છે, બીજા કોઈનું કામ નથી. એમ વિચારી બધા ક્ષીરસાગરને કિનારે જ્યાં શ્વેતદ્વિપ ધામ છે ત્યાં સર્વે ગયા. ત્યાં સર્વે એક પગે ઊભા રહી હાથ ઉંચા કરીને તપ કરતા થકા ભગવાનની આરાધના કરવા માંડ્યા. તપથી ભગવાન પ્રસન્ન થયા. પોતાનાં દિવ્ય દર્શન આપ્યાં. પ્રભુએ વર માગવા કહ્યું ત્યારે સર્વે દેવોએ મુરદાનવ થકી આવેલું દુઃખ કરી સંભળાવ્યું. ત્યારે દેવોને દુઃખી જોઈ દયાળુ પ્રભુએ તે દૈત્યને મારવાનું વરદાન આપી પોતે દેવોને સાથે લઈ ચંદ્રાવતી નગરીમાં જઈને પાંચજન્ય નામનો શંખ જોરથી વગાડીને દૈત્યને ચેતવણી આપી, શંખનાદ સાંભળી બધા દૈત્યો ભય પામ્યા. મુરદાન પુર બહાર આવી દેવતાઓ સાથે લડાઈ કરવા લાગ્યો, દેવો સર્વે તેના મારને સહન નહિ કરી શકવાથી નાશી ગયા. એટલે તે ભગવાનની સાથે યુદ્ધ કરવા લાગ્યો. બ્રહ્માએ આપેલા વરદાનને કારણે એક હજાર વર્ષ પર્યંત તેની સાથે પ્રભુએ યુદ્ધ કર્યું પણ એ મર્યો નહિ. ત્યારે ભગવાન પણ તેને મોહ પમાડવા માટે પોતાની હાર થયેલી દેખાડીને ત્યાંથી જેમ કોઈ હારી ભય પામીને ભાગી જાય તેમ ત્યાંથી પલાન કરીને ભગ્યા તે બદ્રિનારાયણની સિંહવતી ગુફામાં પ્રવેશ કરીને ત્યાં સુઈ ગયા.

મુરદાનવ દેડતો દોડતો ભગવાનની પાછડ આવ્યો, ભગવાન તે સમયે પોતાનાં દશ ઈન્દ્રિયો અને અગિયારમું મન એમ અગિયારે ઈન્દ્રિયોને પોતાની અંતર્સન્મુખ કરીને પોઢ્યા હતા ત્યારે તેના અગિયારે ઈન્દ્રિયોમાંથી અતિશય તેજનો સમુહ

પ્રગટ થયો અને તે તેજમાંથી એક રૂપવાન કન્યા પ્રગટ થઈ તેને જોઈને મુરદાનવ મોહિત થઈને પુછવા લાગ્યો જે હે દેવી આપ કોણ છો? અને તમો પરણેલાં ? કે કુમારાં છો ? અને જો આપ કુમારાં હોતો મને વરો. ત્યારે કન્યા બોલી જે હું તો હજુ કુમારી છું અને પરણવા ઈચ્છુ છું. પણ મારી એક પ્રતિજ્ઞા છે, તે શું ? તો જે મને યુદ્ધમાં જીતે તે મને વરે. પછી તે કન્યાની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો ત્યારે કન્યાએ પહેલેજ ઘાએ ખડગે કરીને મુરદાનવનું મસ્તક કાપી નાખ્યું ત્યારે સર્વે દેવો દેવીને પગે લાગ્યા અને હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે ભગવાન પણ અતિરાજી થયા. પછી ભગવાન પણ અજાણ્યા થઈને કન્યા પ્રત્યે બોલ્યા જે, તું કોણ છે ? ત્યારે કન્યા કહે જે હે પ્રભુ હે ભગવન્ હું તમારા અગિયારે ઈન્દ્રિયોના તેજમાંથી પ્રગટ થએલી એવી આપની દાશી એક શક્તિ છું. તપસ્વિની છું. મારું નામ એકાદશી છે. ભગવાન કહે આ દૈત્ય કોઈ રીતે મરતો ન હતો તેને તેં માર્યો જેથી હું તારી ઉપર અતિ પ્રસન્ન થએલો છું માટે તારે જે ઈચ્છા હોય તે મારી પાસેથી તું વરદાન માગ, ત્યારે એ કન્યા કહે જે જો આપ મારી ઉપર પ્રસન્ન થયા હો તો મને એજ વરદાન આપો, જે જનો મારું અનુષ્ઠાન કરે, મારે દિવસે ઉપવાસ કરે તે જન આલોકમાં મનોવાંછિત સિદ્ધિને પામે અને દેહને અંતે સર્વ પાપોથી મુક્ત થઈને મુક્તિને પામે અને જે ઉપવાસ કરવામાં અસમર્થ હોય તો તે ફળાહાર એક વખત કરીને પણ વ્રતને કરે તો તે પણ વાંછિત સુખને પામે એ વર મને આપો. ત્યારે ભગવાને રાજી થઈને તેને વરદાન આપ્યું

જે આજ દિવસથી આરંભીને જો કોઈ પણ મનુષ્ય મારા પૂજનોત્સવે સહિત તમારું વ્રત કરશે તે સર્વે પોતાના ઈછિત ફળને અવશ્ય પામશે. આ લોકમાં પણ સર્વે ઈચ્છિત મનોરથને પામશે અને અંતે મોક્ષને અવશ્ય પામશે. વળી હું તમારો કેશવાદિક ચોવિસરૂપે પતિ થઈને તમોને અતિ આનંદ આપીશ. આવી રીતે ભગવાન થકી વરદાનને પામીને એકાદશી પ્રસન્ન થઈને અંતર્ધાન થઈ ગઈ. ત્યાર પછી ભગવાને બધા દેવો પાસે એ વ્રત કરાવ્યું. બદ્રિકાશ્રમવાસી બધા મુનિઓએ પણ એ વ્રત કર્યું. તે દિવસથી આરંભીને આ લોકમાં આ વ્રતની પ્રવૃત્તિ થઈ છે.

શ્રીજી મહારાજ કહે છે કે ધર્મ શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે એકાદશીનું વ્રત અવશ્ય કરવું. તે દિવસ કામ, ક્રોધ, લોભાદિક સંબંધી ભુંડા ઘાટ મનમાં થવા દેવા નહિ અને દેહે કરીને પણ કોઈ ભુંડું આચરણ કરવું નહિ, એમ શાસ્ત્રમાં કહ્યું છે અને એ શાસ્ત્ર પ્રમાણે જ અમે પણ કહીએ છીએ જે એકાદશીને દિવસે ઢોર લાંઘણ કરવી નહિ અને એકાદશ ઈન્દ્રિયોના આહારનો ત્યાગ કરે ત્યારે એ એકાદશી સાચી અને તે વિના તો ઢોરલાંઘણ કહેવાય. માટે તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કર્યું કહેવાય પણ અગિયારે ઈન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોત પોતાના અન્નને ખાય ? તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય, માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ. એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે છે તે ખબડદાર થઈને કરવું તો

તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે પણ જે ઢોર લાંઘણ કરે તેણે કરીને ભગવાન પ્રસન્ન થતા નથી અને શ્વેતદ્વિપમાં જે નિરન્નમુક્ત કહેવાય છે તે તો સદાય આ વ્રત રાખે છે માટે એ નિરન્ન કહેવાય છે માટે આપણે પણ ઈચ્છા તો એવીજ રાખવી જે, જેવા શ્વેતદ્વિપમાં નિરન્નમુક્તો છે ? તેવું જ થાવું છે પણ એ વાતમાં હિમત હારવી નહિ. એવી રીતે જે હિમત રાખીને જેવું મોરે કહ્યું તેવું એકાદશીનું વ્રત કરે અને ભગવાનની કથા કીર્તનાદિકે કરીને સાંભળે અને રાત્રિએ જાગરણ કરે તો તે વ્રત સાચું છે અને શાસ્ત્રમાં તેનું જ નામ એકાદશી કહી છે. વળી શ્રીજી મહારાજે સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણમાં અ.૩૩ માં એ વ્રત તેના તેના કેશવાદિક પતિઓ સાથે અને એકાદશીના પૂજન સહિત એ વ્રત કરવાની પોતાના આશ્રિતોને આજ્ઞા આપી છે અને આ પુસ્તકમાં જે એકાદશીઓ, જન્માષ્ટમી, રામનવમી, નૃસિંહ ચતુર્દશી, જયાપાર્વતીવ્રત, જીવંતિકા વગેરે વ્રતો અને તેની સંક્ષિપ્ત કથાઓ કહેલી છે તે મહાન ગ્રન્થ વ્રતરાજ નામે છે તેમાં વિસ્તારથી છે તેજ કથાઓ સંક્ષેપમાં લખેલી છે જેથી સર્વેને વાંચવા, સાંભળવામાં સુગમ થશે માટે આ પુસ્તક વાંચી, સાંભળીને એ વ્રતો વિધિ પ્રમાણે કરવા માટે સાવધાન થઈએ એવી શ્રીનરનારાયણ દેવના ચરણમાં પ્રાર્થનાની સાથે વિરમુ છું એજ.

લી. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીના

જય શ્રીસ્વામિનારાયણ

# અનુક્રમણિકા


| સંખ્યા | | પેજ |
|---|---|---|
| ૧ | જન્માષ્ટમી વ્રત કથા | ૧૧ |
| ૨ | બુધાષ્ટમીની કથા | ૧૩ |
| ૩ | માગશર માસની શુક્લા મોક્ષદા એકાદશી વ્રતની કથા | ૧૪ |
| ૪ | માગશર વદની સફલા એકાદશીની વ્રત કથા | ૧૬ |
| ૫ | પોષ માસના શુક્લ પક્ષની એકાદશીની વ્રત કથા | ૧૮ |
| ૬ | પોષ માસની કૃષ્ણ પક્ષની ષટતિલા એકાદશીની કથા | ૨૦ |
| ૭ | માઘશુદી જયા એકાદશીની કથા | ૨૨ |
| ૮ | માઘવદની વિજ્યા એકાદશીની કથા | ૨૪ |
| ૯ | આમલકી એકાદશી ફાગણ શુક્લની કથા | ૨૬ |
| ૧૦ | ફાગણ કૃષ્ણ પાપમોચીની એકાદશી | ૨૯ |
| ૧૧ | ચૈત્ર શુક્લા કામદા એકાદશીની કથા | ૩૧ |
| ૧૨ | ચૈત્રકૃષ્ણ વરૂથિની એકાદશી વ્રત કથા | ૩૩ |
| ૧૩ | વૈશાખ શુક્લ મોહિની એકાદશી વ્રત કથા | ૩૫ |
| ૧૪ | વૈશાખ કૃષ્ણ અપરા એકાદશી વ્રત કથા | ૩૬ |
| ૧૫ | જેઠ સુદ નિર્જલા એકાદશીની વ્રત કથા | ૩૭ |
| ૧૬ | જેઠ વદિ યોગિની એકાદશીની વ્રત કથા | ૩૯ |
| ૧૭ | અષાઢ શુક્લ દેવશયની એકાદશી વ્રત કથા તેને પદ્મા એવે નામે પણ કહેવાય છે | ૪૨ |
| ૧૮ | અષાઢ વદિ કામિકા એકાદશીની વ્રત કથા | ૪૪ |
| ૧૯ | શ્રાવણ શુદિ પુત્રદા એકાદશીની વ્રત કથા | ૪૪ |
| ૨૦ | શ્રાવણ વદી અજા એકાદશીની વ્રત કથા | ૪૭ |
| ૨૧ | ભાદરવા શુક્લ (વામન) પરિવર્તની એકાદશી | ૪૯ |
| ૨૨ | ભાદ્રકૃષ્ણ ઈન્દિરા એકાદશીની વ્રત કથા | ૫૧ |
| ૨૩ | આસો શુદિ પાશાંકુશા એકાદશીની વ્રત કથા | ૫૩ |
| ૨૪ | આસો વદિ રમા એકાદશીની વ્રત કથા | ૫૪ |

| | | |
|---|---|---|
| ૨૫ | કાર્તિક શુક્લ પ્રબોધિની એકાદશીની વ્રત કથા- એને ભીષ્મક પંચક વ્રત પણ કહે છે | ૫૭ |
| ૨૬ | કાર્તિક વદિ ઉત્પત્તિ એકાદશીની વ્રત કથા તથા | ૬૦ |
| ૨૭ | અધિક શુક્લ એકાદશી પદ્મિનીની વ્રત કથા | ૬૦ |
| ૨૮ | અધિક માસની કૃષ્ણા પરમા એકાદશીની વ્રત કથા | ૬૩ |
| ૨૯ | ભાદરવા સુદી બારસ | ૬૭ |
| ૩૦ | શ્રવણ બારસની વ્રત કથા | ૬૮ |
| ૩૧ | સુરૂપા બારસ વ્રત કથા | ૭૩ |
| ૩૨ | નૃસિંહ ચતુર્દશી વ્રત કથા | ૭૮ |
| ૩૩ | ગણપતિજીની વ્રત કથા (અલુણા વ્રત) | ૮૦ |
| ૩૪ | દુર્વાથી ગણપતિનું પૂજન કરવું | ૮૩ |
| ૩૫ | કાર્તિક સ્વામીની કથા | ૮૯ |
| ૩૬ | ઋષિ પંચમી વ્રત કથા નં. ૧ | ૯૨ |
| ૩૭ | ઋષિ પંચમી વ્રતની કથા નં. ૨ | ૯૩ |
| ૩૮ | શીતલા સાતમની કથા | ૯૭ |
| ૩૯ | અક્ષય તૃતીયાની વ્રત કથા | ૧૦૦ |
| ૪૦ | શિવરાત્રીની વ્રત કથા | ૧૦૨ |
| ૪૧ | કોજાગર વ્રતની (શરદપૂનમ) કથા | ૧૦૩ |
| ૪૨ | ભાઈબીજની કથા | ૧૦૭ |
| ૪૩ | વીરપસલી વ્રતની કથા | ૧૦૯ |
| ૪૪ | જયા પાર્વતી વ્રત | ૧૧૭ |
| ૪૫ | જીવન્તિકા વ્રત | ૧૧૯ |
| ૪૬ | ધરો આઠમ | ૧૨૫ |
| ૪૭ | શ્રી પુરુષોત્તમ માસ | ૧૨૭ |
| ૪૭ | વટસાવિત્રી વ્રત (સતિ સાવિત્રી વ્રત) | ૧૩૦ |
| ૪૮ | નાગપંચમી વ્રત કથા | ૧૩૬ |
| ૪૯ | સોમવતી અમાસની વ્રત કથા | ૧૪૧ |

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

# જન્માષ્ટમી આદિ વ્રતકથાઓ

## જન્માષ્ટમી વ્રત કથા (૧)

જનમાષ્ટમી અર્ધરાત્રિ વ્યાપિની લેવી - વિશ્વનું ધર્મોતર પ્રમાણે રોહિણી સહિત શ્રાવણ વદ આઠમની મધ્યરાત્રિનો યોગ હોય અને ચંદ્રોદય થયો હોય તે દિવસે વ્રત કરવું.

બન્ને દિવસે મધ્યરાત્રિએ આઠમ હોય તો બીજા દિવસે વ્રત કરવું કેમ કે બીજા દિવસે પ્રાતઃકાળે સંકલ્પ વખતે અષ્ટમી હોય છે. બ્રહ્મ વૈવર્ત પુરાણમાં સાતમના વેધવાળી આઠમનો વ્રતમાં ત્યાગ કરવાનું કહેલ છે. જો પહેલે દિવસે મધ્યરાતે માત્ર આઠમ જ હોય અને બીજે દિવસે રોહિણીના યોગવાળી આઠમ હોય પરંતુ તે મધ્યરાત સુધી પહોંચતી ન હોય તો પહેલે દિવસે જ વ્રત કરવું.

બન્ને દિવસે આઠમ હોય પરંતુ એક દિવસે મધ્યરાતે આઠમ પૂર્ણ હોય અને એક દિવસે મધ્યરાતે આઠમ થોડી જ હોય તેમજ રાત્રિ કે દિવસે રોહિણીનો યોગ ન હોય જે દિવસે મધ્યરાતે પૂર્ણ અષ્ટમી હોય તે દિવસની આઠમ વ્રતમાં લેવી પરંતુ જો થોડી પણ અષ્ટમી રોહિણીના યોગવાળી હોય અને પૂર્ણ આઠમ રોહિણીના યોગ વગરની હોય તો પૂર્ણ અષ્ટમીનો ત્યાગ કરીને

થોડી પણ રોહિણીના યોગવાળી મધ્યરાત વખતની અષ્ટમી વ્રતમાં લેવી પરંતુ પારણું તો આઠમ અને રોહિણી નક્ષત્ર ઉતર્યા પછી જ કરવું પણ અષ્ટમી અને રોહિણીમાં પારણું કરવું નહિ.

બુધવારથી યુક્ત આઠમ સર્વકામનાઓને પૂર્ણ કરે છે. પૂર્વે સત્યયુગમાં માઈલ નામનો રાજા હતો. તે એક વખત પોતાના અનુચરો સાથે હિમાલયની તળેટીમાં ફરવા ગયેલો હતો. ત્યાં એક પાર્વતી માતાનું વન હતું. તેની રક્ષા સ્વયં મહેશ્વર પોતે જ કરતા હતા તે વનમાં કોઈપણ પુરુષ પ્રવેશ કરે તો તત્કાળ સ્ત્રી બની જતો તેનું કારણ એ હતું કે, પાર્વતીએ એક વખત શંકરને કહ્યું કે, હે દેવ આ વન મારે ક્રિડા કરવાના સ્થાન રૂપ છે તો હું પતિવ્રતા છું. માટે આ વનમાં કોઈપણ પુરુષ ન આવે એવું વરદાન આપો ત્યારે શિવે કહ્યું કે, તથાસ્તું હું એવું વરદાન આપું છું. છતાં પણ જો કોઈપણ પુરુષ આવશે તો તે તમારી જેમ જ સ્ત્રી થઈ જશે. માઈલ રાજા પણ ઘોડા ઉપર બેસીને મૃગયા માટે ફરતો ફરતો પોતાના અનુચરોથી એકલો વિખુટો પડી ગયો અને એકલો જ તે ઉમાવનમાં અજાણતાં પ્રવેશ્યો અને તેજ ક્ષણમાં અતિરૂપવાન સ્ત્રી બની ગયો અને હું કોણ છું ક્યાંથી આવી છું. તેનું પણ ભાન રહ્યું નહિ તેજ સમયે ચંદ્રનો દિકરો બુધ આકાશમાં ફરતો હતો તેણે આ રૂપવાન સ્ત્રીને જોઈને મોહિત થયો અને તેને લઈને પોતાને ઘેર રાખી તે દિવસે વદ આઠમ હતી અને તે બુધથી એક પુત્ર થયો તે પુરૂરવા નામે પ્રસિદ્ધ ચંદ્રવશી રાજા થયો તે સર્વ રાજાઓમાં આદિ રાજા કહેવાય છે તે કારણથી જ બુધવારથી યુક્ત અષ્ટમી ઉત્તમ ફળને આપનારી કહેવાય છે અને તે અનંત પ્રકારના પાપને નાશ કરનારી આઠમ કહેવાય છે. ॥૧॥

# બુધાષ્ટમીની કથા – ૨

એક નિમિ નામે રાજા હતો તેને શત્રુઓએ યુધ્ધમાં મારી નાખ્યો અને તેનું રાજ્ય લઈ લીધું તેથી નિર્ધન થયેલી તેની રાણી ઉર્મિલા પોતાના એક પુત્ર અને પુત્રી એમ બે બાળકોને લઈને ભટકતી ભટકતી અવંતી નગરીમાં ગઈ. ત્યાં બાળકો તથા પોતાના ભરણપોષણ માટે એક બ્રાહ્મણને ત્યાં રહીને ઘર વાળવું, ખાંડવું, દળવું વગેરે ઘરનું કામ કરતી હતી. એક દિવસે ભૂખથી પિડાતા અને રૂદન કરતાં બાળકોને જોઈને તેને બ્રાહ્મણને પૂછ્યા વિના ઘઉંના સાત દાણા આપ્યા પછી સમય જતાં તે સ્ત્રી મરણ પામી અને પુત્રે ફરીવાર પોતાના પિતાનું રાજ્ય પાછુ મેળવીને રાજ્ય કરવા લાગ્યો અને કન્યાને ધર્મરાજાની સાથે પરણાવી. તે ધર્મ રાજાને અતિ પ્રિય હતી તેનું નામ શ્યામળા હતું. એક દિવસ પ્રસન્ન થયેલા ધર્મરાજાએ કહ્યું કે હે સતિ, આ ઘરનો વ્યવહાર તું જ ચલાવજે. સેવકોને પણ જે કાંઈ અન્ન, ધન, વસ્ત્રો વગેરે તારે જ યોગ્ય પ્રમાણે આપવાં. પણ એટલું કરજે કે આ સાત ઓરડીઓનાં તાળાં વાસ્યાં છે, તે કોઈ દિવસ ઉઘાડીશ નહિ. ત્યારે શ્યામળાએ કહ્યું કે બહુ સારું પછી ઘરનું કામ કરતાં એક દિવસ વિચાર આવ્યો કે મારા પતિ બહાર ગયા છે માટે આ સાત ઓરડી ઉઘાડવાની ના કહિ છે તો એવું શું હશે ? જોઉં તો ખરી એમ વિચારીને પહેલી ઓરડી ઉઘાડીને જોયું તો તેમાં પોતાની માતાને યમદૂતો ઉકળતા તેલમાં નાખીને ઉકાળતા હતા અને માર મારતા હતા, તેથી તે અતિ રુદન કરીને અતિ દુઃખી થઈ ગઈ અને પછી બીજીમાં ઘાણીમાં પિલાતી જોઈ, ત્રીજીમાં મોટા દેહવાળા હાથીઓના પગે કચડાતી જોઈ, ચોથામાં ભયંકર કૂતરાઓથી ફાડી ખવાતી જોઈને, પાંચમીમાં

પૃથ્વી ઉપર પટકાતી યમનો માર ખાતી જોઈને, છઠ્ઠીમાં શેરડીના ચિંચોડામાં પીલાતી જોઈ, સાતમીમાં ભયંકર કીડાઓથી પીડાતી પોતાની માતાને જોઈને મુખ કરમાઈ ગયું અને ચુપચાપ બેસી રહી. આમ ઉદાસ ચહેરે બેઠેલી શ્યામળાને બહારથી અચાનક આવેલા ધર્મ રાજાએ જોઈને પૂછ્યું કે, આજે આમ ઉદાસીન કેમ જણાય છે ? તેં આ ઓરડીઓને ખોલી તો નથી ને ? ત્યારે તેણીએ હા કહી ભૂલની માફી માંગીને કહેવા લાગી કે, મારી માતા આવું દારૂણ દુઃખ ભોગવે છે. તમો તેના જમાઈ છો માટે દયા કરીને દુઃખથી ઉધ્ધાર કરો અને એણે એવું શું પાપ કર્યું છે ? કે, આવું દુઃખ તે ભોગવે છે ત્યારે ધર્મ રાજાએ હસતાં હસતાં કહ્યું કે, તારી માતાએ આગલા જન્મમાં પોતાના સંતાનોમાં સ્નેહને વશ થઈને બ્રાહ્મણના ઘઉંના સાત કણ ચોરેલા હતા તે પાપે કરીને આ દુઃખ ભોગવે છે. હવે તેના ઉધ્ધાર માટે તેં આજથી પહેલાં સાતમે જન્મે બુધાષ્ટમીનું વ્રત વિધિસર કરેલું હતું તે પુણ્યનું ફળ મારી દેખતાં આપ્ય તો ઉધ્ધાર થાય ત્યારે ત્રણવાર સંકલ્પ કરીને તે પુણ્ય આપ્યું એટલે ઉર્મિલા તરત જ દિવ્ય દેહ પામી વિમાનમાં બેસીને સ્વર્ગમાં જઈને સ્વર્ગનાં દિવ્ય સુખ ભોગવવા લાગી. બુધાષ્ટમીનું આવું મોટું પુન્ય છે તે વ્રત ભગવાનના સંબંધથી કરાયેલું હોય તો તેનો આત્યંતિ મોક્ષ થાય છે એમાં સંશય નથી. ॥૨॥

## માગશર માસની શુકલા મોક્ષદા એકાદશી વ્રતની કથા – ૩

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે માગશર સુદ એકાદશીના અધિષ્ટાતા દેવ કેશવ ભગવાન છે તે દિવસે એ ભગવાનનું પૂજન શ્રી નામની પત્ની સાથે માલતી પુષ્પોથી કરવું.

અર્ઘ્યમાં નારંગીનું ફળ આપવું. નૈવેદ્યમાં ચુરમાના લાડુ આપવા અને દાનમાં જવ, ઘઉં, ડાંગર, કાંગ, મગ, સામો વગેરે આપવા. આવી રીતે એ વ્રત કરવાથી નરક થકી પિત્રુઓનો ઉધ્ધાર થાય છે. તે વિશે એક પુરાતની કથા કહું છું સાંભળો જે,

પૂર્વે એક નગરનો વૈખાનસ નામનો રાજા હતો. તે પોતે ધર્મનું પાલન કરતો હતો અને સર્વ પ્રજા પણ અતિ ધર્મવાળી હતી. તેને એક સમયે રાત્રિમાં સ્વપ્ન આવ્યું. સ્વપ્નામાં પોતાના પિતાને યમપુરીમાં નરકના કુંડમાં દુઃખી થતા અને હે પુત્ર તું મને આ નરકથી બહાર કાઢ, આમ બૂમોપાડતા જોયા પછી જાગ્યો ત્યારે હૃદયમાં દુઃખી થઇ ચિંતા કરવા લાગ્યો કે, અરે આ મારા પિતા કયા પાપથી નર્કમાં પડ્યા છે અને તેનો ઉધ્ધાર કઇ રીતે થાય ! આમ વિચાર કરતાં કેટલાક બ્રાહ્મણોને એ વાત કરી અને કહ્યું કે હું પિતાનો ઉધાર કરૂ તો જ પુત્ર કહેવાઉં કેમકે (પુંતારયતીતિ પુત્ર) પું- એટલે નરક થકી તારે તે પુત્ર કહેવાય માટે મને તેનો ઉપાય બતાવો ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે અહીં વનમાં એક પર્વત નામે ઋષિ રહે છે તે અતિ સમર્થ છે માટે એને તમો પૂછો તો તે ઉપાય બતાવશે. પછી તે રાજા ઘોડા ઉપર બેસીને કેટલા અમાત્યોની સાથે વનમાં ગયો ત્યાં પર્વત મુનિના પવિત્ર વિશાળ આશ્રમમાં બીજા પણ ઘણાંક મુનિઓ હતા તેની માથે બેઠેલા પર્વત મુનિને જોઈને દંડવત પ્રણામ કરી પગે લાગી પૂછ્યું કે મારા પિતા નરકમાં પડ્યા છે તેનો ઉધ્ધાર કેમ થાય તેનો ઉપાય બતાવો ત્યારે મુનિએ અંતરમાં વિચાર કરીને ભગવાનનું ધ્યાન ધરીને કહ્યું કે આવતા માગશર માસના સુદ એકાદશી (મોક્ષદા) એવા નામથી કહેવાય છે તેનું વ્રત ભગવાનના પૂજન સ્મરણ અને ઉદ્યાપન જાગરણની સાથે કરો

અને તેનું પુન્ય તમારા પિતાને આપો તો નરક થકી ઉદ્ધાર થશે અને મોક્ષને પામશે અને તે તમારા પિતાની બે રાણીઓ હતી. એક રાણી ઉપર વધારે સ્નેહ રાખતા હતા અને એકને તો બોલાવતા પણ નહિ તે પાપે કરીને નરકમાં પડ્યા છે. પછી તે રાજાએ પોતાને ઘેર આવીને પત્ની પુત્ર સહિત તે એકાદશીનું વ્રત ભગવાનના સ્મરણ પૂજન જાગરણ ઉદ્યાપન સહિત કર્યું અને તેનું પુન્ય પિતાને અર્પણ કર્યું એટલે તેને યોગે કરીને પિતા નરકના કુંડમાંથી નીકળી દિવ્ય શરીરને પામીને વિમાનમાં બેસીને હે પુત્ર હે પુત્ર તું તો બહુ પ્રતાપી છે. મારો પણ તેં ઉધ્ધાર કર્યો હવે હું દુઃખથી મુક્ત થઈ ભગવાનના ધામમાં જાઉં છું. એમ કહીને પુત્રને દર્શન દઈને આકાશમાં અદૃશ્ય થઈ ગયો. આવો પ્રતાપ તે એકાદશીનો છે અને તે એકાદશીની કથા સાંભળે તો પણ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને ભગવાનના પૂજન સ્મરણ સાથે તે વ્રત કરે છે તો તેનો અવશ્ય મોક્ષ થાય છે. ॥ ૩ ॥

## માગશર વદની સફલા એકાદશીની વ્રત કથા – ૪

માગશર માસની કૃષ્ણ પક્ષની એકાદશી સફલા એવે નામે કહેવાય છે. તે એકાદશીના અધિષ્ટાતા દેવ શંકર્ષણ ભગવાન છે, તો તે દિવસે સુનંદા પત્નીની સાથે અગથિઆનાં પુષ્પોથી ભગવાનનું પૂજન કરવું. નૈવેદ્યમાં ગોડના લાડુ અને અર્ધ્યમાં જામફળ આપવું અને સુવર્ણનું દાન કરવાથી ગમે તેવો પાપી દુરાચારી પણ પવિત્ર થઈ ? દેહને અંતે મોક્ષ ગતિને અવશ્ય પામે છે. તે વિશે અહીં એક પવિત્ર કથા કહું છું તે સાંભળો ભીષ્મપિતા કહે છે હે રાજન્

ચંપાવતી નગરીનો માહિસ્મત નામનો રાજા હતો. તેને

ચાર પુત્રો હતા તે રાજા અતિ ધર્મવાળો હતો અને ત્રણ પુત્રો પણ હંમેશાં પિતાને અનુસરનારા હતા પણ ચારમાં મોટો પુત્ર લુંપક દુરાચારી, વ્યભિચારી માંસાહારી અને કુકર્મી હતો. સાધુ, બ્રાહ્મણ અને વિષ્ણુ ભક્તનો દ્રોહી હતો તેથી પિતાએ અને નગરજનો સંબંધીજનોએ તેનો ત્યાગ કર્યો અને રાજાએ તેને રાજ્યમાંથી કાઢી મૂક્યો તેથી હવે મારું કોઈ સહાયક નથી એમ જાણી એકલો જ વનમાં ગયો. દિવસે વનમાં રહેતા જીવોની હત્યા કરીને દેહ નિર્વાહ કરતો અને રાત્રે તેજ શહેરમાં આવીને લૂંટફાટ કરતો માણસોને મારી નાખતો અને ભંજવાડ કરી જતો. ક્યારેક કોઈ પકડી લેતા છતા રાજ પુત્ર જાણીને છોડી દેતા વનમાં જ્યાં એ રહેતો ત્યાં એક પુરાતન પીપળો હતો તેથી તે સ્થળ પવિત્ર હતું. તેમાં રહેતા લુંપકને માગશર માસના કૃષ્ણ પક્ષની દશમને દિવસે શરીરમાં અતિશય ટાઢ ઉપડી. તેની પાસે ઓઢવા પહેરવા કાંઈપણ હતું નહિ. તે દિવસે બપોરમાં જીવ હત્યા કરીને કાંઈક ખાધુ પણ ટાઢની પીડાથી અશક્ત થયેલો હોવાથી સાંજે ખાધા પીધા વિના એમને એમ પીપળા નીચે પડી રહ્યો. રાતે નિદ્રા તો આવી જ નહિ. બીજે દિવસે બપોરે સૂર્યના તાપથી કાંઈક ટાઢ ઓછી થઈ એટલે ધીમે ધીમે આહાર માટે જંગલમાં ફરવા માંડ્યો પણ કોઈ જીવની હત્યા કરવાની શક્તિ નહિ હોવાથી નીચે ખરી પડેલાં થોડાંક ફળો લઈને પીપળા પાસે આવ્યો. પરંતુ ફરીવાર સાંજે ટાઢ પડતી હોવાથી શક્તિ રહિત થઈ ગયેલો એટલે ખાવાની હિંમત ચાલી નહિ. ફળોને પીપળાના થડ પાસે મુકીને હે પ્રભુ આ ફળો તમો આરોગો અને મારી ઉપર કૃપા કરો એમ કહીને એમને એમ પડી રહ્યો પણ નિદ્રા તો આવી જ નહિ. એમ દુઃખમાંને દુઃખમાં રાત વિતી ગઈ અને સવાર થઈ.

જ્યારે મધ્યાહ્‌ન સમય થવા આવ્યો ત્યારે કાંઇ ટાઢ ઓછી થઇ એવી રીતે તેનાથી અજાણતા એકાદશીનું વ્રત થઇ ગયું. પીપળાને ભગવાનની વિભૂતિ સ્વરૂપ કહેલ છે તેથી ભગવાને એકાદશીનું વ્રત માન્યું. રાત્રે નિદ્રા ન આવી તેને જાગરણ માન્યું અને ફળોને નૈવેધ માનીને તેના ઉપર પ્રસન્ન થયા તે પીપળાની સમીપે રહેલા ફળોને બારસને દિવસે મધ્યાહન સમયે આહાર કર્યો ત્યાં તો ત્યાં જ એક નાના પ્રકારના અલંકારોથી અલંકૃત એક દિવ્ય અશ્વ આવ્યો અને લુંપકને કહ્યું કે તારા પર એકાદશીના વ્રતની અને જાગરણ અને ભગવાનને નૈવેદ્ય ધરવાથી પ્રભુ પ્રસન્ન થયા છે માટે મારા ઉપર બેસ અને રાજ્યમાં ચાલ અને તારા પિતા તને રાજ્યાભિષેક કરશે તે માટે ધર્મથી રાજ્યનું પાલન કર. આવું અશ્વનું વચન સાંભળીને વિસ્મય પામીને અશ્વ ઉપર બેઠો ત્યાં તો તેનું શરીર, સ્વભાવ, બદલાઇ ગયું અને રાજ્યમાં જઇને પોતાના પિતા પાસે ઊભો રહીને પગે લાગ્યો અને પોતે કરેલા કુકર્મોની માફી માંગી એટલે પિતાએ પ્રસન્ન થઇને તેને રાજ્ય સોંપ્યું અને ધર્મથી હંમેશાં પ્રજાનું પાલન કરવા લાગ્યો અને એમ જાણ્યું કે આ બધો એકાદશીના વ્રતનો જ પ્રભાવ છે એમ જાણીને હંમેશાં પોતાની પત્નીની સાથે એકાદશીનું વ્રત ભગવાનનું પૂજન દાન પુણ્ય વગેરે પ્રેમ શ્રદ્ધાથી કરતો હતો. ધર્મવાળો પુત્ર થયો. ધનધાન્ય વગેરે સંબંધી સુખ ભોગવી વૃદ્ધ અવસ્થામાં રાજ્ય પુત્રને આપીને પત્નીની સાથે વનમાં જઇ તપ કરી અંતે ભગવાનના વૈકુંઠ ધામને પામ્યો. ॥૪॥

## પોષ માસના શુક્લ પક્ષની એકાદશીની વ્રતકથા – ૫

પોષ માસની શુક્લ એકાદશી પુત્રદા એવે નામે છે, તો

તેના અધિષ્ટાતા દેવ નારાયણ ભગવાનની પદ્મા નામની પત્નીની સાથે ગુગડના ફુલો આદિક ઉપચારોથી પૂજન કરવું. નૈવેદ્યમાં ચુરમાના લાડુ ધરાવવા, અર્ધ્યમાં દાડમનું ફળ અને દાનમાં ઘૃતથી ભરેલું પાત્ર અર્પણ કરવું. આ વ્રત કરવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે, તે વિશે એક પુરાતની કથા કહું છું. સાંભળો, ભિષ્મ પિતામહ કહે છે કે હે રાજન પૂર્વે ભદ્રાવતીનગરીનો સુકેતુ નામનો રાજા હતો. તેની રાણીનું નામ શૈલ્યા હતું. પરંતુ તેને પુત્ર ન હતો. તે રાજા ધર્મવાળો હતો. યજ્ઞાદિક ઘણા શુભ કાર્યો એને કર્યા પણ પુત્ર ન થયો. તેણે કરીને તે અતિ ઉદાસ રહેતો હતો અને પોતાના રાજ્યના વૈભવોને શૂન્ય જોતો હતો. ક્યારેક આત્મઘાતની પણ ઈચ્છા કરતો પણ તેમાં મહાપાપ છે નરકમાં પડવું પડે એમ જાણીને પોતાના મનને પાછું વાળી લેતો એક દિવસે વિચાર કર્યો કે ગમે એટલા પુણ્ય હોય પણ ભગવાનની ભક્તિ વિના પુત્ર નહિ થાય માટે રાજ્યનો ત્યાગ કરીને વનમાં જાઉં, ત્યાં કોઈક મહાત્મા મળે તો તેનો સમાગમ કરીને ભગવાનની ભક્તિ કરી લઉં તો કદાચ ભગવાનની ઈચ્છાથી મારો મનોરથ સફળ થાય. આવો વિચાર કરીને એકલો જ ઘોડા ઉપર બેસીને ચાલતો થયો. ચાલતા ચાલતા ઘોર વનમાં નીકળી ગયો. મધ્યાહ્ન સમય થઈ ગયો. ભૂખ તરસથી અને થાકથી અકળાઈ ગયો અને વિચારવા લાગ્યો કે મેં એવું કોઈપણ પાપ કર્યું નથી ને મને આટલું બધું દુઃખ કેમ આવી પડ્યું હશે ? આમ વિચારતો આગળ ચાલ્યો તેવામાં પોતાના જમણા અંગો ફરકવા લાગ્યાં. તે જોઈને આ તો કાંઈ શુભ સુકન થાય છે. આગળ ચાલતાં કમળોથી સુશોભિત એક સરોવર જોવામાં આવ્યું. ચારે બાજુ અનંત વૃક્ષોથી અને અનેક મણિઓથી રમણીય લાગતું

હતું. તેને કિનારે કેટલાક ઋષિઓ બેઠા તપ, જપ કરતા હતા. તેને જોઈને સમિપે ગયો અને તેને દંડવત પ્રણામ કર્યા અને હાથ જોડીને આગળ ઊભો રહ્યો ત્યારે મુનિઓએ પ્રસન્ન થઈને કહ્યું કે તમો કોણ છો ? ક્યાંથી આવો છો ? ત્યારે રાજાએ પોતાનું સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું પછી રાજાએ પૂછ્યું કે તમો બધા કોણ છો અને અહીં શા માટે આવ્યા છો ? ત્યારે ઋષિઓએ કહ્યું કે આજથી પાંચમે દિવસે માઘસ્નાનનો પ્રારંભ થાય છે તેથી આ સરોવરમાં અમો સ્નાન કરવા આવ્યા છીએ. વળી આવતી કાલે પુત્રદા એકાદશી છે તો આ સરોવરમાં સ્નાન કરીને એકાદશીનું વ્રત કરવાથી કોઈકને પુત્રની ઈચ્છા હોય તો તે પણ સફળ થાય એટલા માટે અમો અહીં આવ્યા છીએ ત્યારે રાજાએ કહ્યું કે, હું પણ પુત્રહિન હોવાથી અહીં આવેલો છું. તો મારા ઉપર રાજી થઈને અનુગ્રહ કરો તો પુત્ર થાય ત્યારે ઋષિઓએ કહ્યું કે, તમો પણ આ સરોવરમાં સ્નાન કરીને પુત્રદા એકાદશીનું વ્રત ભગવાનના પૂજનની સાથે કરો તો તમારો સંકલ્પ સિધ્ધ થાશે ત્યારે રાજા ત્યાં રહ્યો. એકાદશીનું વ્રત ભગવાનનું પૂજન સ્નાન વગેરે કરીને ઘેર ગયો, તેનાથી રાણીને સારા લક્ષણવાળો પુત્ર થયો તે ઉંમરવાળો થયો ત્યારે તેનો રાજ્યાભિષેક થયો. પુત્રવત પ્રજાનું પાલન કરી અંતે મોક્ષને પામ્યો. આવી ઉત્તમ એકાદશી છે માટે સૌ કોઈ જનોને એકાદશીનું વ્રત અવશ્ય કરવું જ જોઈએ તો તેણે કરીને ભગવાનની પ્રસન્નતા થાય છે અને દેહને અંતે મોક્ષને પામે છે એમાં કોઈ સંશય નથી. ॥૫॥

## પોષ માસની કૃષ્ણ પક્ષની ષટતિલા એકાદશીની કથા – ૬

સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ કહે છે કે પોષ વદ

એકાદશી તિલદા નામે કહેવાય છે, તેના અધિષ્ટાતા વાસુદેવ ભગવાન છે તે દિવસે એ ભગવાનની પૂજા પ્રિય પત્ની શ્રી પ્રિયાની સાથે કલ્હારના પુષ્પો આદિક સામગ્રીથી કરવી. નૈવેદ્યમાં ઘેબર ધરાવવો, અર્ધ્યમાં દ્રાક્ષ અને દાનમાં વસ્ત્રો આપવાં, તે એકાદશીને ષટતિલા નામથી પણ કહેલી છે તો તે દિવસે તલનું દાન વિશેષ કહેલું છે, એ દિવસે વ્રત પૂજન દાન કરવાથી દેહને અંતે દિવ્ય સુખ પ્રાપ્ત થાય છે એ વિષે એક પુરાતની પવિત્ર કથા શ્રી કૃષ્ણે નારદજીને કહેલી છે.

શ્રીકૃષ્ણ ભગવાન નારદજીને કહે છે કે હે નારદ હું તમોને ષટતિલા એકાદશીની કથા કહું છું. પૂર્વે એક બ્રાહ્મણી હતી તે વ્રતો ઉપવાસો દોપૂજામાં અતિશય પ્રિતીવાળી હતી પણ તેને કોઈને અન્ન કે વસ્ત્રનું દાન આપેલું નહિ ત્યારે એક સમયે તેને સુખને માટે હું પોતે એક ભિક્ષુકનું રૂપ લઈને ભિક્ષા માગવા ગયો. એ સમયે પોતાનું ઘર લીપતી હતી. મેં ભિક્ષા માટે યાચના કરી ત્યારે મને તિરસ્કાર કરીને બોલી કે તું અહીં શા માટે આવ્યો. બીજે જા, ને મારી પાસે કાંઈપણ છે નહિ તો પણ હું ગયો નહિ અને બીજીવાર યાચના કરી, ત્રીજીવાર યાચના કરી ત્યારે તે મારા પાત્રમાં માટીનો પીંડો નાખ્યો ત્યારે હું ત્યાંથી તે લઈને ચાલતો થયો પછી જ્યારે તેનો દેહનો અંતકાળ આવ્યો તેને હું મારા વૈકુંઠ ધામમાં તેડી ગયો. મને માટીનો પીંડો આપેલ તે પુણ્યે કરીને એક સારો મજાનો બંગલો રહેવા આપ્યો. તેમાં તે રહી, પણ ભૂખ તરસ અતિશય લાગી. તેથી ઘરમાં આમતેમ જોવા લાગી પણ ઘરમાં કાંઈપણ અન્ન, વસ્ત્ર, જળ વગેરે જોવામાં ન આવ્યું ત્યારે તેણે મને પૂછ્યું કે, આ ઘર તો સારુ છે પણ તેમાં કાંઈ ખાવા પીવાનું છે નહિ તો એ ઘરમાં રહીને

મારે શું કરવું, ત્યારે મેં કહ્યું કે, તેં વ્રતો, ઉપવાસો ખૂબ કરેલા છે પણ કોઈને ચપટી અન્ન કે વસ્ત્ર કે જળ આપ્યું નથી તેથી તે કાંઈ પણ નહિ મળે. મને માટીનો પીંડો આપ્યો તેથી ઘર મળ્યું છે નહિ તો તે પણ ન મળત. માટે જો ખાવા પીવા અને પહેરવા જોઈતું હોય તો તું જા પાછી અને ષટતિલા એકાદશી કરજે તો અહીં અન્ન વસ્ત્રો મળશે કારણ કે અહીં તો જે પહેલાં આપ્યું હોય તે જ મળે છે. ત્યારે તે કહેવા લાગી કે ષટતિલા કોને કહેવાય તે હું નથી જાણતી માટે મને કહો ત્યારે મેં કહ્યું કે તારે ઘેર દેવાંગનાઓ તુને જોવા માટે મારી ઈચ્છાથી આવશે, તને તું પૂછજે. એટલે તે કહેશે. પછી તે દેહમાં આવી ત્યાં તો દેવાંગનાઓ આવી તેને પૂછ્યું કે તમો મને ષટતિલાનું વ્રત કહો ત્યારે તેણે કહ્યું કે પોષ વદ એકાદશીને દિવસે પવિત્ર જળથી સ્નાન કરીને ત્યાર પછી શ્વેત તલથી સ્નાન કરવું - તલથી પૂજન કરવું. તલ શરીરે ચોડવા, તલનું નૈવેદ્ય ધરવું. તલવાળા જળનું પાન કરવું - અને તલનું ભક્ષણ કરવું - અને અન્ન વસ્ત્ર અને તલનું દાન કરવું. આમ કહી દેવાંગનાઓ અદશ્ય થઈ ગઈ. ત્યાર પછી તેણે તે પ્રમાણે ષટતિલા એકાદશીનું વ્રત કર્યું પછી અંતે વૈકુંઠ ધામમાં જઈને અપાર ધન ધાન્ય વસ્ત્રો વગેરેથી પૂર્ણ ઘરને પામી આવું ઉત્તમ ષટતિલાનું વ્રત છે તો તે વ્રત અવશ્ય કરવું જ જોઈએ અને જો તે વ્રત ભગવાનની પ્રસન્નતાર્થે કરેલું હોય તો તે અંતે ભગવાનના ધામને પામે છે. ।૬।

## માઘશુદી જયા એકાદશીની કથા—૭

શ્રી હરિ સહજાનંદ સ્વામી કહે છે, માઘ શુક્લા એકાદશી જયા નામે કહેવાય છે. તેના અધિષ્ટાતા દેવ માધવ ભગવાન છે તેનું પૂજન નિત્યા નામની પત્નીની સાથે બોરળીના કુલ આદિક

ઉપચારોથી કરવું. નૈવદ્યમાં માંડાં આપવાં, અર્ધ્યમાં બિજોરાનું ફળ આપવું અને તલથી ભરેલું માટીનું પાત્ર દાનમાં આપવું. આવી રીતે આ વ્રત જાગરણની સાથે કરેલું હોય ? તો ભૂત પિશાચની યોનિ થકી મુક્ત થઈને સ્વર્ગલોકમાં નિવાસ થાય છે. તે વિશે એક પવિત્ર કથા છે, ભીષ્મ પિતામહ કહે છે હે યુધિષ્ઠિર, સ્વર્ગલોકનું રાજ્ય કરતો ઈન્દ્ર એક સમયે સુંદર અનંત જાતના પુષ્પોથી સુશોભિત નંદન વનમાં અનંત દેવો અપ્સરાઓની સાથે ફરવા નીકળ્યો ત્યાં સુંદર વનમાં તેણે નૃત્યોત્સવ આદર્યો અને પોતે સુંદર સિંહાસન ઉપર વિરાજમાન થયો અને આગળ દેવો દેવાંગનાઓ ગંધર્વો ગાયનની સાથે નૃત્ય કરીને ઈન્દ્રને રાજી કરતાં હતાં. તેમાં એક પુષ્પવતી ગંધર્વી અને માલ્યવાન નામનો ગંધર્વએ બન્ને એકબીજાનું સુંદર રૂપ જોઈને પરસ્પર મોહિત થયાં અને તે બંને ઈન્દ્રની આગળ નૃત્ય કરવા આવ્યાં. પણ નૃત્યની સાથે ગાયન કરતાં કરતાં એકબીજામાં મોહિત હોવાથી પરસ્પર એક સામું વારંવાર જોતાં હતાં તેથી તાલસુરનું ભાન રહ્યું નહિ તે જોઈને ઈન્દ્રે મારું અપમાન કરેલું છે મારા સામું નથી જોતાં અને પોત પોતામાં કામાશક્ત છો માટે તમો પૃથ્વી ઉપર પીસાચ પણાને પામો અને પતિ-પત્ની થઈને મહાદુઃખ ભોગવો. આવી રીતે શાપ આપ્યો એટલે તે બંને જણાં પૃથ્વી પર પડ્યાં અને પીશાચની યોનીને પામ્યાં અને ભયંકર જંગલમાં નિવાસ કરતાં હતાં અને ખાવા કે પીવા કાંઈ મળે નહિ. ઓઢવા પહેરવા કાંઈ ન મળે તેથી અપાર દુઃખ ભોગવતાં હતાં. એક સમયે માઘ માસમાં અતિશે ઠંડી પડતી હતી. બંને વિચાર કરવા લાગ્યા કે, આવું તે આપણે કયું પાપ કર્યું હશે ? કે જેથી આટલું બધું કષ્ટ આવી પડ્યું છે ? આમ વિચારતાં એક પીપડા નીચે ભુખ્યાં ને તરસ્યાં પડી રહ્યાં. દશમની રાત હતી. આખી

રાત નિદ્રા તો આવીજ નહિ અને બીજે દિવસે શરીરમાં કાંઇ શક્તિ નહિ હોવાથી એમને એમ પડી રહ્યાં. તે દિવસે એકાદશી હતી. રાત્રે પણ એમને એમ પડી રહ્યાં. નિદ્રા તો આવી નહિ. આમ અજાણતાં એકાદશી થઇ. બારસને દિવસે અતિ અશક્ત થયેલાં હોવાથી ભગવાનને સંભારવા લાગ્યાં એટલે તરત દેવોના વિમાન આવ્યાં તેને જોતાં જ તે બંનેના પિશાચના દેહ છુટી ગયા અને દિવ્ય દેહ અનંત આભૂષણો વસ્ત્રોથી સુશોભિત થઇ ગયાં અને વિમાનમાં બેસીને કેટલાક અપ્સરાઓના ગણોએ સ્તુતિ કરાતાં થકાં સ્વર્ગમાં ગયાં તેને જોઇને ઇન્દ્રે પણ ઉભા થઇને નમસ્કાર કર્યા અને પૂછ્યું કે આવા તમો પિશાચની યોનિથી મુક્ત થયાં એવું કયું મોટું પુણ્ય કર્યું ત્યારે તેણે અજાણતાં થયેલું માઘ શુક્લ જયા એકાદશીના વ્રતનું પુન્ય કહ્યું અને સાથે ભગવાનનું સ્મરણનું પુન્ય કહ્યું. તે સાંભળીને ઇન્દ્ર અતિ પ્રસન્ન થયો અને કહ્યું કે સ્વર્ગનાં અપાર સુખ ભોગવો કારણ કે તમોએ મોટું વ્રત અને સ્મરણ કરેલું છે માટે તમારા પુણ્યનો તો પાર જ આવે તેમ નથી. તમો મને તેમ જ સર્વે દેવોને વંદનીય છો એમ કહીને નમસ્કાર કર્યા. જુઓ કેટલો બધો જયા એકાદશીના વ્રતનો પ્રભાવ. એમણે અજાણતાં એકાદશી કરી હતી તો પણ કેટલું સુખ પામ્યાં તો પછી જે જાણીને શ્રદ્ધા પ્રેમથી ભગવાનના પૂજન ઉદ્યાપન જાગરણની સાથે વ્રત કર્યું હોય તો કેટલું પુણ્ય થાય તે તો અવશ્ય ભગવાનના દિવ્ય ધામને જ પામે માટે એ વ્રત તો અવશ્ય કરવું જ જોઇએ. ॥ ૭ ॥

## માઘવદની વિજયા એકાદશીની કથા – ૮

શ્રીજી મહારાજ કહે છે માઘ વદી એકાદશી વિજયા નામે કહેલી છે તેના અધિષ્ટાતા દેવ પ્રદ્યુમન ભગવાન છે. તેનું પૂજન

ઘી નામની પત્નીની સાથે તુલસીથી કરવું, ફળમાં લીંબુ અને નૈવેદ્યમાં સુંવાળી આપે. દાનમાં પગરખાં આપે. આવી રીતે પૂજનની સાથે જાગરણ અને વ્રત કરનાર પુરુષ સંસારરૂપી સમુદ્રને સુખેથી તરી જાય છે અને આ લોકમાં વિજયને પામે છે. તે વિશે અહીં એક કથા બ્રહ્માજી કહે છે કે, હે નારદ સાક્ષાત રામચંદ્ર પ્રભુ ચૌદ વર્ષ વનમાં વિતાવતા નાના ભાઈ લક્ષ્મણ અને સીતાની સાથે પંચવટીમાં નિવાસ કરીને રહ્યા હતા તે દરમિયાન રાવણે સીતાનું હરણ કર્યું તેથી વિરહથી વ્યાકુળ મનવાળા રામ-લક્ષ્મણ આમ તેમ વનમાં શોધ કરતા કરતા આગળ ચાલતાં રાવણથી પાંખો કપાઈને મરણ અવસ્થામાં પડેલા જટાયુને જોઈ તેનાથી સીતાનું વૃત્તાંત સાંભળ્યું પછી તેને પોતાની સમક્ષ શરીરને છોડાવી ને આગળ ચાલતાં ફટકશીલા પર સુગ્રીને મળી તેના પાસેથી પોતાની સહાયતા માગી વાનર સેનાની સાથે આગળ ચાલતાં મોટો સમુદ્ર આવ્યો તેને કિનારે જઈ હનુમાનજીને નિશાની તરીકેની મુદ્રિકા આપી લંકામાં મોકલી સીતા અશોક વનમાં છે એવું નક્કી કરીને પછી નિશાની તરીકે સીતાજી એ આપેલો ચુડામણી લઈ આવીને હનુમાનજીએ પ્રભુને આપ્યો તે જોઈ પ્રભુએ લક્ષ્મણને પૂછ્યું કે હે લખન સીતાજી અશોક વાટિકામાં છે એમ નક્કી તો થયું પણ હવે આ મહા ભયંકર સમુદ્ર શી રીતે ઉલ્લંઘીશું ત્યારે લક્ષ્મણે કહ્યું પ્રભુ આપ તો સર્વજ્ઞ છો, સર્વ જાણો છો, આપ તો આદિ દેવ છો છતાં આપ પૂછો છો ? તો સર્વે વૃત્તાંત કહું છું પ્રભુ અહીંથી બે યોજન દૂર એક દ્વીપના મધ્યમાં એક બગદાલભ્ય મુનિનો આશ્રમ છે, તે મુનિ અતિ સમર્થ છે અને તેણે પોતાની આયુષ્યમાં અનેક બ્રાહ્મણોને જોયા છે માટે ત્યાં જઈને તેને પૂછીએ તો કાંઈક માર્ગદર્શન મળશે તે સાંભળી બંને ભાઈ તે

આશ્રમમાં જઈ મુનિને પ્રણામ કર્યા, તેને જોઈને મુનિએ અંતર દૃષ્ટિ કરીને જોયું તો જણાયું કે, આ તો આદિદેવ પુરણ પુરુષોત્તમ પ્રભુ છે તો પણ મનુષ્ય લોકનું અનુકરણ કરેલું છે તેથી અહીં આવેલા છે એમ જાણીને પૂછ્યું કે, હે રામ આપ અહીં શા માટે અને ક્યાંથી પધાર્યા છો ત્યારે શ્રી રામે કહ્યું કે સીતાનું રાવણે હરણ કર્યું છે તો તે સીતાને છોડાવવા લંકામાં જવું છે અને આ સમુદ્રને પાર કરવાનો છે તો તે સમુદ્રને કેમ પાર કરવો એ ઉપાય અમોને બતાવો અને એટલા માટે જ અહીં આપનાં દર્શન કરવા આવેલા છીએ ત્યારે બગદાલભ્ય મુનિએ કહ્યું કે તમો આજ માઘ માસની કૃષ્ણા એકાદશી આવે છે તે વિજ્યા એવે નામે કહેવાય છે તેનું વ્રત પૂજન જાગરણ વગેરે કરો. સૈન્ય સહિત તે કરવાથી સુખેથી સમુદ્રમાં પાજ બાંધીને તમો ઉલ્લંઘી જશો અને લંકામાં પણ વિજયને પ્રાપ્ત કરશો અને અપાર સુખને પામશો આવું વચન સાંભળીને પાછા પોતાના સૈન્યમાં આવી તે વૃત્તાંત સર્વને સંભળાવીને તે વ્રત સૈન્ય સહિત કર્યું તેણે કરીને તે સમુદ્રને પાર કરીને વિજય કરી સીતાજીને લાવીને ફરીને અયોધ્યાનું નિષ્કંટક રાજ્ય પામીને સુખી થયા માટે તે વિજ્યા એકાદશીનું વ્રત ભગવાનના પૂજન ભજન સ્મરણની સાથે કર્યું હોય તો અવશ્ય દેહને અંતે મોક્ષને પામેછે એમાં સંશય નથી. ॥ ૮ ॥

## આમલકી એકાદશી ફાગણ શુક્લની કથા–૯

શ્રી હરિ સહજાનંદ સ્વામી કહે છે કે ફાગણ શુક્લ એકાદશી આમલકી નામે પ્રસિધ્ધ છે, તેના અધિષ્ટાતા દેવ ગોવિંદ ભગવાન છે, તેનું પૂજન ચંદ્રાવતી પત્ની સાથે ગુલદાવદીના ફુલથી

કરવું નૈવેદ્યમાં કંસાર જમાડે અર્ધ્યમાં અખરોટ અને દાનમાં તલનું ભરેલું પાત્ર આપે આવી રીતે વ્રત, પૂજન કરનાર પુરુષ ગમે તેવો પાપી હોય ? તો પણ તેનો ઉધ્ધાર થઈ જાય છે, અને અતિ સુખી થાય છે. શ્રીકૃષ્ણ કહે છે કે હે રાજન અહીં એક કથા કહું છું. સાંભળો પૂર્વે વૈદિશ નગરનો ધાર્મિક ચિત્રરથ નામે રાજા હતો સત્ય પ્રતિગ્ન હતો. સદાવૃત્તિ હતો. ધર્મ ન્યાયથી પ્રજાનું પાલન કરતો હતો એના રાજ્યમાં કોઈ દુરાચારી-વ્યભિચારી કે ચોરી આદિક કુકર્મી માણસ કોઈ સંભળાતો નહતો તે રાજા એકાદશી આદિક વ્રતો કરવા કરાવવામાં પ્રિતીવાળો હતો. એક વખતે ફાગણ માસના શુક્લ પક્ષની આમલકી એકાદશી આવી તેનું વ્રત ઉજવવા માટે પોતાના અમાત્યો, પ્રજાજનો સહિત એક વનમાં નદી પ્રત્યે ગયો ત્યાં સર્વેએ વિધિ સહિત સ્નાન કરીને તેના કિનારા પર સર્વતોભદ્ર મંડળ કરી તે પર જળ પૂર્ણ કળશ પંચરત્ન આદિક નાખીને સ્થાપન કરીને ભગવાન પરશુરામની સ્થાપના કરીને આમળાના ઝાડ નીચે બેસીને તેનું પૂજન કરવાનો પ્રારંભ કર્યો તેની આજુબાજુ દિવાઓની પંક્તિઓ કરી આવી રીતે ત્યાં પ્રજા સહિત રાજા કરતો હતો અને સર્વે જનો સહિત બધાએ તે દિવસે ઉપવાસ કરેલા હતા તેવા જંગલમાંથી કોઈ હિંસારત પારધી કેટલાક પશુઓને મારતો મારતો અને એટલા માટે શ્રમિત થયેલો થકો ત્યાં આવ્યો અને સર્વે જનો આ પૂજન કરતા હતા તે જોઈને આ શું કરે છે ? એમ જાણીને જોવા ઉભો રહ્યો અને ત્યાં જ બેસી ગયો તે દિવસે તેણે ખાધુ કે પીધું કાંઈ નહિ. રાત્રે સઉ જાગરણમાં ભગવાનના ગુણોના કીર્તનો કરતા હતા તે સાંભળતો થકો તેણે પણ ત્યાં બેસીને આખીયે રાત જાગરણ કર્યું. બારશને દિવસે તે પૂજનની સમાપ્તિ કરી બ્રાહ્મણોને દાન

વગેરે આપી બધા રાજ્યમાં ગયાં પેલો પારધી પણ જંગલમાં જઈ મધ્યાહ્‌ન સમયે જે મળ્યું તે ખાધુ પછી તેનું સ્મરણ કરતાં કરતાં સમય જતાં તેનું મરણ થયું અને બીજે જન્મે જયંતિ નગરીમાં વિદુરથ રાજાને ત્યાં જન્મ થયો તેનું નામ વસુરથ હતું તે અતિ ધર્મવાળો હતો. સર્વને દાન પુણ્ય સદાવ્રતો વગેરે આપતો હતો અને પોતાના પિતાનું રાજ્ય પામીને અનંત પ્રકારના વૈભવો ભોગવતો હતો. અને સાથે ભગવાનની ભક્તિ પણ કરતો હતો. એક સમયે તે વનમાં મૃગયા કરવા ગયેલો ત્યાં પોતાના સૈન્યથી છુટો પડી ગયો. ભૂખ તરસથી પીડિત થયેલો તે વસુરથ એક ઝાડ નીચે સુઈ ગયો અને થાકથી નિદ્રાવશ થયો તેવામાં કોઈ શત્રુ રાજાના કેટલાક દૂતો ત્યાં આવ્યા અને આ આપણા રાજ્યને લઈ લેનાર છે માટે તેને મારી નાખવાનો લાગ સારો છે એમ જાણીને હથિયારો લઈ ચારેબાજુથી ઘેરી વળ્યા અને બાણ તલવારો ભાલા વગેરે હથિયારોના પ્રહારો કરવા માંડ્યા પણ તે કોઈપણ શસ્ત્ર તેને ન લાગતાં બુઠા થઈ ગયાં પછી શસ્ત્રો વિનાના થયેલા શત્રુઓ તેને મારી નાખવા માટે સમીપે આવવા લાગ્યા તેવામાં તે રાજાના શરીરમાંથી એક દિવ્ય રૂપવાન કન્યા ઉત્પન્ન થઈ તે કન્યાએ આખાય સૈન્યનો નાશ કરી નાખ્યો પછી તે અદશ્ય થઈ ગઈ પછી જ્યારે જાગૃત થયો ત્યારે ચારે બાજુ મરણ પામેલા સૈનિકો અને બુઠાં થઈ ગયેલાં અને પડેલાં અનેક હથિયારો જોઈને વિસ્મય પામીને કહેવા લાગ્યો કે આ મારા શત્રુઓને મારા કયા હિતેચ્છુએ મારી નાખ્યા છે. આમ કહેતામાં આકાશવાણી થઈ કે તું અતિ ધર્મવાળો છો અને આગલા જન્મમાં તું એક પારધી હતો અને તેં એકાદશી વ્રત જાગરણ સહિત કર્યું છે તે પુન્યે કરીને કેશવ ભગવાને

પ્રસન્ન થઈને તારાથી રૂપવાન કન્યારૂપે પ્રગટ થઈને તારા શત્રુઓનો નાશ કરીને તારી રક્ષા કરેલ છે તે સાંભળીને અતિ આશ્ચર્ય પામીને પોતાના ઘેર આવી ભગવાનનું આરાધન પૂજન વગેરે કરીને અંતે ભગવાનના ધામને પામ્યો. આવો તે આમલકી એકાદશીનો પ્રભાવ છે માટે દરેક જનોએ અતિ શ્રધ્ધાથી તે એકાદશીનું વ્રત કરવું જ જોઈએ તો તે વ્રતને કરવા થકી આલોકને વિષે ભુક્તિ અને પરલોકમાં અવિચળ મુક્તિને અવશ્ય પામે છે એમાં કોઈ સંશય નથી. ॥ ૯ ॥

## ફાગણ કૃષ્ણ પાપમોચીની એકાદશી–૧૦

શ્રીહરિ સહજાનંદ સ્વામી કહેછે કે ફાગણ વદી એકાદશી પાપમોચીની એવે નામે પ્રસિદ્ધ છે. તે દિવસે સુશિલા નામની પત્ની સાથે તેના અધિષ્ટાતા દેવ ભગવાન અનિરૂધનું પૂજન મોગરાના પુષ્પોથી કરવું. નૈવેદ્યમાં સેવો આપવી અર્ધ્યમાં બોર અને દાનમાં તલ આપે આવી રીતે પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ પિશાચની યોનિથી મુક્ત થઈ સ્વર્ગને પામે છે. તે વિશે એક પવિત્ર કથા કહું છું. પૂર્વે ભીષ્મ પિતામહ રાજા યુધિષ્ઠિરને કહે છે, હે રાજન પૂર્વે એક કુબેરનું ચૈત્રરથ નામનું વન હતું. તેમાં અનંત પ્રકારનાં ફળફૂલો તેણે કરીને તે વન અવિસ્મરણીય હતું. એના સમાન બીજું કોઈ અન્ય વન નહતું. વસંત ૠતુ આવતાં સર્વ દેવો, દેવાંગનાઓ અને અપ્સરા,  નાગણો ત્યાં આવતાં, ઈન્દ્ર પણ ત્યાં ફરવા અને તે વનની હવા લેવા આવતો. ત્યાં કેટલાક મુનિઓ તપ કરતા હતા. તેમાં એક ચ્યવન મુનિના પુત્ર મેધાવી મુનિ આઠો પહોર ભગવાનના ધ્યાન મગ્ન રહેતા હતા તેને તપથકી પાડવા

માટે ઈન્દ્રની આજ્ઞાથી મંજૂઘોષા નામની અપ્સરા આવીને એક કોશ દૂરથી પોતાના વાજિંત્રો વગાડીને સારા સ્વરથી ગાયન કરવા માંડી. ધીમે ધીમે સમીપે આવતી ગઈ તે સાંભળી મુનિનું મન ધ્યાનમાંથી ચલિત થવા લાગ્યું. સમીપે આવીને ગાયન કરતી ઊભી રહી તેને જોઈને એ મુનિ ધ્યાનમાંથી ચલિત થયા અને તે અપ્સરાને જોવા માંડ્યા અને તેમાં આશક્ત થયા પછી તે વેશ્યા મુનિને ભેટી પડી અને તે મુનિ પણ કામાશક્ત થઈ ગયા એમ કરતાં રાત છે કે દિવસ છે તેનું પણ ભાન રહ્યું નહિ. પોતાનું ધ્યાન, સંધ્યા વગેરે બધુ ભૂલી ગયા એમ કરતાં ઘણોક સમય વ્યતીત થઈ ગયો. એક દિવસે સાંજને સમયે અપ્સરાએ તે મુનિને કહ્યું કે મહારાજ હવે મને આજ્ઞા આપો તો હું મારા નિવાસસ્થાને જાઉં. ત્યારે મુનિએ કહ્યું તું અત્યારે સાંજ વખતે આવી છો તો હવે સવારે જાજે એટલે તે અપ્સરા ત્યાં રહી, પછી વળી પાછલી રાતે કહ્યું કે હવે મને રજા આપો તો હું મારે નિવાસસ્થાને જાઉં, ત્યારે મુનિએ કહ્યું કે સવાર થયું છે તો થોડીવાર સ્થિર રહે ત્યાં સુધી સવાર વખત સંધ્યાનો થયો છે તો હું મારી સંધ્યા કરી લઉં પછી તું જા. ત્યારે અપ્સરાએ કહ્યું કે મહારાજવિચારો તો ખરા કેટલો સમય વ્યતીત થયો છે અને કેટલી સંધ્યાઓ વ્યતીત થઈ ગઈ ત્યારે ઋષિએ અંતદષ્ટિ કરી જોયું તો સત્તાવન વર્ષો પસાર થઈ ગયાં જાણીને કહેવા લાગ્યા કે, અરે તે મારું બધું તપ વેડફી નાખ્યું. તું મારા આશ્રમમાં ક્યાંથી આવી ? માટે હે, દુષ્ટે હું તને શાપ આપું છું કે તું પીશાચણી થઈ જા, ત્યારે તે અપ્સરા હાથ જોડી મુનિને પ્રાર્થના કરતાં કહેવા લાગી કે હે મહારાજ મારી ભૂલ થઈ ગઈ. મારા ઉપર અપરાધને ક્ષમા કરીને અનુગ્રહ કરો કેમ કે, આપ તો અતિ દયાળુ કહેવાઓ.

મુનિઓનું હૃદય તો નવનીત સમાન કોમળ હોય છે માટે પ્રસન્ન થઈને અનુગ્રહ કરવા યોગ્ય છે. ત્યારે મુનિએ પ્રસન્ન થઈને કહ્યું કે આ ચાલતા ફાગણ માસની વદ પક્ષની એકાદશી આવે છે તેનું પ્રસિધ્ધ નામ પાપ મોચની છે, તું તેનું વ્રત શ્રધ્ધાથી કરજે એટલે પિશાચની યોનીથી છુટીશ અને સ્વર્ગને અવશ્ય પામીશ. એમ કહી મુનિ ત્યાંથી પોતાના પિતા પાસે ગયા અને તે વેશ્યા પીસાચપણાને પામી પછી તે એકાદશીનું વ્રત કરવાથી પિશાચપણું નષ્ટ થયું અને સ્વર્ગમાં જઈને પહેલાંની જેમ સુખ ભોગવવા લાગી અને મુનિએ પોતાના પિતાના તપના ભંગ સંબંધી વૃત્તાંત કહી સંભળાવ્યું એટલે પિતાએ પુત્રને ઠપકો આપ્યો પછી એ મેધાવી એકાદશીનું વ્રત કરી પાપથી મુક્ત થઈ શુધ્ધ થયા અને અંતે ભગવાનના ધામને પામ્યા. આવું તે ઉત્તમ એકાદશીનું મહત્ત્વ છે માટે તે વ્રત સર્વે જનોએ અવશ્ય કરવું જ જોઈએ.॥૧૦॥

## ચૈત્ર શુક્લા કામદા એકાદશીની કથા—૧૧

શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે છે કે ચૈત્ર શુક્લા એકાદશી વિમલા અને કામદા નામે છે. તે દિવસે રમા નામની પ્રિય શક્તિની સાથે ભગવાન વિષ્ણુની પૂજા આંબાના મોરથી કરવી. નૈવેદ્યમાં દળના લાડુ આપે, અર્ધ્યમાં ચીભડું અને દાનમાં પકવાનો આપે. આવી રીતે પૂજન કરવા પૂર્વક વ્રતને કરનાર પુરુષ અતિ નિંદિત યોનિથી પણ મુકત થઈને સ્વર્ગલોકને પામે છે. તે વિશે એક પુરાતની કથા છે સાંભળો. ચૈત્ર શુક્લ એકાદશી કામદા નામથી કહેવાય છે. શ્રીકૃષ્ણ રાજા યુધિષ્ઠિરને કથા સંભળાવતાં કહે છે. રાજન પૂર્વે રાજા દિલીપને વશિષ્ટ ઋષિએ ચૈત્ર માસના શુક્લ પક્ષની

એકાદશીની કથા કહી છે તે કથા કહું છું. સાંભળો તે એકાદશીનું નામ કામદા છે તે અનંત જન્મ ના પામો ને નષ્ટ કરનારી અને અનંત પુન્યને આપનારી અને અંતે મોક્ષને પણ આપે છે અને આ લોકમાં અપાર દુઃખોથી મુક્તિને આપનારું તે વ્રત છે. પૂર્વે ભોગવતી નગરીમાં સર્વ સર્પની વસ્તી. તેનો રાજા પુંડરિક નામનો નાગ હતો. તે અતિ સમર્થ હતો તેની સેવામાં કેટલાક દેવો ગંધર્વો ગંધર્વિઓ, અપ્સરાઓના ગણો રહેતા હતા. તે સર્વે સમય પ્રમાણે રાજા પુંડરિકની સેવા કરતા હતા, તે નગરીમાં તેની સેવામાં એક લલિત નામનો ગંધર્વ લલિતા નામની પોતાની પત્નીની સાથે રહેતો હતો. તેનાં મનો એકબીજારમાં પરસ્પર આશક્ત રહેતાં હતાં. એક સમયે લલિત એકલો જ રાજા પુંડરિક પાસે ગાયનની સાથે નૃત્ય કરવા લાગ્યો, ત્યારે પોતાની પત્ની સાંભળી આવવાથી તાલ સુરનું ભાન ન રહ્યું અને તાલમાં ભંગ થયો તેથી રાજાએ શાપ આપતાં કહ્યું કે મને રાજી કરવા તું નૃત્ય કરે છે અને તારી પત્નીને યાદ કરે છે માટે હું તને શાપ આપું છું કે તું ભયંકર રાક્ષસ થઈ જા. એટલે તરત જ તે રાક્ષસ થઈ ગયો. તેની પત્ની તે જોઈને અતિ દુઃખી થઈ ગઈ અને પોતાના પતિને લઈને વનમાં આમ તેમ ભમતી હતી. પતિને દુઃખે દુઃખી રહેતી હતી. એક સમયે ફરતી ફરતી પોતાના પતિને સાથે લઈને વિંધ્યાંચળ પર્વત પર ગઈ. ત્યાં એક આશ્રમ જોયો. તેમાં એક ઋષ્યશૃંગ નામના મુનિનેજોઈને તેમને પચાંગ પ્રણામ કરીને પગે લાગીને હાથ જોડીને ઊભી રહી ત્યારે મુનિએ પૂછ્યું કે, તું કોણ છે ? ક્યાંથી આવી છો ? ત્યારે તેણીએ સર્વ પોતાનું વૃત્તાંત કહ્યું અને પોતાના પતિદેવને આ ભયંકર રાક્ષસ યોનીથી દયા કરીને છોડાવવા માટે વિનંતી કરી ત્યારે તે મુનિએ પોતાના

હૃદયમાં ભગવાનનું ધ્યાન ધરીને કહ્યું કે તું અતિ શ્રધ્ધાથી ચૈત્ર માસની આવતી એકાદશીનું વ્રત કરીને તેનું પુન્ય તારા પતિને આપ ? તો તેના પુન્યથી રાક્ષસયોની થકી છુટીને દિવ્ય દેહને પામશે તે વચન સાંભળીને વીર ધન્વાની પુત્રી લલિતાએ તે કામદા એકાદશીનું વ્રત અતિ શ્રદ્ધાથી વિધિપૂર્વક જાગરણની સાથે કર્યું અને ત્યારબાદ બારસને દિવસે ઋષિની સાન્નિધ્યમાં જ હે હાથ જોડીને લલિતાએ કહ્યું કે કામદા એકાદશીનું વ્રત પ્રેમથી કરેલું છે તેનું પુન્ય મારા પતિદેવને આપુંછું. તેણે કરીને મારા પતિ રાક્ષસ યોનીથી મુક્ત થાઓ. આમ લલિતા બોલી કે તેટલામાં જ લલિતનું રાક્ષસનું શરીર છુટી ગયું અને પહેલાંથી પણ અધિક રૂપવાન શરીરવાળો ગંધર્વ થઈ ગયો અને અનંત અપ્સરાઓથી સેવાએલું વિમાન હાજર થયું તે ઉપર પત્ની તેણે સહિત બેસીને અપ્સરાઓએ સેવાએલો થકો સ્વર્ગમાં ગયો ત્યાં અપાર સુખ ભોગવવા લાગ્યો. આવું તે એકાદશીનું માહાત્મ્ય છે તો તે એકાદશીનું વ્રત ભગવાનના પૂજન સહિત કરેલું હોય તો તે ભગવાનના ધામને અવશ્ય પામે છે. એમાં કોઈ સંશય નથી માટે તે વ્રત અવશ્ય કરવું જ જોઈએ. ॥ ૧૧ ॥

## ચૈત્રકૃષ્ણ વરૂથિની એકાદશી વ્રત કથા–૧૨

શ્રીજી મહારાજ કહે છે કે, ચૈત્ર વદી એકાદશી વરૂથિની નામે પ્રસિધ્ધ છે, તેના અધિષ્ટાતા દેવ પુરુષોત્તમ ભગવાન છે. તેનું પૂજન નંદા નામની પત્નીની સાથે ચંપાના પુષ્પોથી કરવું, નૈવેદ્યમાં વડાં આપે, અર્ધ્યમાં જામફળ અને દાનમાં પૃથ્વી આપે. આવી રીતે પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ અનંત પ્રકારના પાપોથી મુક્ત થઈ જાય છે તે વિશે એક પુરાતની કથા કહું છું તે સાંભળો. શ્રી કૃષ્ણ ભગવાન કહે છે કે યુધષ્ઠિર ચૈત્ર વદ

એકાદશીને વરૂથિની એકાદશી કહેવામાં આવે છે તે આલોક પરલોકમાં અપાર સુખને આપનારી છે. અનંત પ્રકારના પાપને નાશ કરનારી છે. દુર્ભાગી હોય તે સુભાગી બને છે અને આલોકના સર્વભોગ અને અંતે મોક્ષ પ્રાપ્ત થાય છે તેના પુન્યથી આગળના અનંત રાજાઓ ઈશ્વરો સુખી થયેલા છે. ભગવાન શંકરે બ્રહ્માનું અસતભાષણને કરતું પાંચમું મુખ કાપી નાખ્યું. તેથી થયેલાં દોષથી પણ વરૂથિની એકાદશીનું વ્રત કરવાથી મુક્ત થયા હતા. વળી તે એકાદશી અનંત પ્રકારના દાનોથી પણ અધિક ફળને આપે છે. વળી મહાપાપને પણ નાશ કરીને પવિત્ર કરનારી છે. અશ્વદાન, ગજદાન, ભૂમિદાન, તે સર્વે એકબીજાથી અધિક છે તેથી અધિકતમ અન્નદાન છે તેના સમાન કન્યાનદાન અને ગૌદાન છે તે સર્વે દાનોથી અધિક વિદ્યાદાન છે તેથી અધિક પુન્ય વરૂથિની એકાદશી કરવાથી મનુષ્ય પામે છે જે મનુષ્ય કન્યા વિક્રય કરીને પોતાનો નિર્વાહ કરે છે તે પ્રલય પર્યંત નરકમાં નિવાસ કરે છે.જો કોઈ લોભ કે લાલચથી કન્યાનું દ્રવ્ય લે છે તે અન્ય જન્મમાં બિલાડો થાય છે માટે ગમે તેવી આપત્તિમાં પણ કન્યાનું દ્રવ્ય નહિ લેવાનું, જે મનુષ્ય પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રો, અલંકારો દ્રવ્ય આપીને કન્યાનું દાન કરે છે. એ પુન્યનું વર્ણન કરવા ચિત્ર ગુપ્ત પણ સમર્થ નથી થતા તેટલું જ પુન્ય વરૂથિની એકાદશીનું થાય છે. જે મનુષ્ય તે એકાદશીનું વ્રત કરી રાત્રિએ જાગરણ કરે છે અને સાથે વિષ્ણુ જનાર્દન પ્રભુનું પૂજન કરે છે. તે સર્વે પાપથી મુક્ત થઈને પરમ ગતિનેપામે છે. જે મનુષ્ય તે એકાદશીના મહાત્મ્યની કથાનું પઠન કે શ્રવણ માત્ર કરે છે તે એક હજાર ગૌદાનના પુન્યના ફળને પામે છે, માટે આ વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ. ॥ ૧૨ ॥

# વૈશાખ શુક્લ મોહિની એકાદશી વ્રત કથા–૧૩

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે વૈશાખ શુક્લા એકાદશી મોહિની એવે નામે કહેલી છે તેના અધિષ્ટાતા દેવ મધુસુદન છે તેની પૂજા પ્રિય પત્ની માધવીની સાથે મોગરાના ફૂલો આદિક ઉપચારોથી કરવી. નૈવેદ્યમાં દૂધપાક આપે, અર્ધ્યમાં પનસનું ફળ અને દાનમાં શય્યા આપે. આવી રીતે પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ અજ્ઞાનથી અને અનેક પ્રકારના પાપોથી અને મોહથી મુકાઈને સુખને પામે છે. તે સંબંધમાં એક પવિત્ર કથા શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે રાજન્ પૂર્વે વસિષ્ઠ મહર્ષિએ પ્રભુ રામને મોહિની એકાદશીનું મહાત્મ્ય કહેલું છે તે એકાદશીના પ્રભાવથી અજ્ઞાન અને મોહના જાળથી મનુષ્ય મુકાઈ જાય છે અને અનંત પ્રકારના પાપોનો નાશ થાય છે. પૂર્વે એક ભદ્રાવતી નગરીમાં ઘરપાલ નામનો વિષ્ણુ ભક્ત એક વૈશ્ય હતો તે ધનવાન હતો. ધર્મવાળો હતો, સદાવ્રતી હતો તેણે અનંત સદાવ્રતો, પાણીની પરબો, ધર્મશાળાઓ, તળાવો, વગેરે પુન્ય કર્મો કરાવેલાં હતાં. તેની પત્ની ધર્મવાળી હતી તેને પાંચ પુત્રો હતા. તેમાં ચાર પુત્રો સારા હતા પણ પાંચમો ધૃષ્ટ બુદ્ધિ પુત્ર પાપી દુરાચારી, વ્યભિચારી, માંસાહારી. દરેક કુકર્મ જુગટુ, ચોરી આદિકમાં પુરો હતો. એક વખતે વેશ્યાના ગળામાં હાથ નાખીને છડેચોકે નિર્ભયપણે સહેરમાં ફરતો હતો તેને જોઈને પિતાએ ઘણું કહ્યું, પરંતુ તેના વચનનો અનાદર કરીને વર્તન કરવા લાગ્યો. તેથી પિતાએ તેનો ત્યાગ કરી દીધો એટલે સંબંધીજનોએ પણ ત્યજી દીધો, એટલે દુરાચારથી શરીરમાં ઘરેણાં વગેરેનો પણ દુર્વ્યય થઈ ગયો તેથી નિર્ધન જાણીને

વેશ્યા તેને છોડીને ચાલી ગઇ, પછી શહેરમાં મોટી મોટી ચોરીઓ કરતો. કેટલાક જનોને મારી પણ નાખતો, તેથી તેના પિતાએ તેને દેશ નિકાલ કર્યો. એ૧લે જંગલમાં પ્રાણીઓને મારીને આહાર કરવા લાગ્યો અને પાપના ભારથી વધારે પાપ કર્મમાં ખૂંચી ગયો. એમ કરતાં કરતાં કોઈ પૂર્વના પુન્યથી ફરતો ફરતો કૌન્ડિન્ય મુનિના આશ્રમમાં દૈવ ઈચ્છાએ જઈ ચડ્યો, ત્યાં વૈશાખ સ્નાન ગંગામાંથી કરીને આવતા તે મુનિના વસ્ત્રના છાંટા તેના પર પડ્યા, તેને કરીને તેનાં પાપ કાંઈક નષ્ટ થયાં તેથી તેને સુબુધ્ધિ આવી અને પોતાના પાપનું તેને જ્ઞાન થયું એટલે પશ્ચાતાપ કરીને બે હાથ જોડીને મુનિને કહેવા લાગ્યો કે, હે મહારાજ મેં જન્મથી આરંભીને પાપ જ કર્યા છે તો મારો પાપથી ઉધ્ધાર થાય તેવો ઉપાય બતાવો ત્યારે તે મુનિએ પ્રસન્ન થઈને આવતી મોહિની એકાદશીનું વિધિ સહિત વ્રત કરવા કહ્યું. તેથી તેણે તે વ્રત શ્રધ્ધાથી વિધિપૂર્વક કર્યું એટલે તેના સર્વ પાપો નાશ થઈ ગયાં અને તે ભગવાનની ભક્તિ પરાયણ થઈને ભજન કરવા લાગ્યો અને દેહને અંતે ગરૂડ ઉપર બેસીને ભગવાનના વૈકુંઠ ધામને પામ્યો, માટે તે વૈશાખ માસની શુક્લ પક્ષની એકાદશીનું વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ અને તે વ્રત જો ભગવાન સ્વામી નારાયણની પ્રસન્નતા માટે કરેલું હોય તો તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે એમાં કોઈ સંશય નથી. ॥ ૧૩ ॥

# વૈશાખ કૃષ્ણ અપરા એકાદશી વ્રત કથા–૧૪

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે વૈશાખ શુક્લા એકાદશી મોહિની એવે નામે કહેલી છે તેના અધિષ્ટાતા દેવ અધોક્ષજ ભગવાન છે. તેનું પૂજન ત્રઈ નામથી પત્નીની સાથે

કેતકીના પુષ્પોથી કરવું. નૈવેદ્યમાં દૂધ, ભાત આપવો, અર્ધ્યમાં ઉંબરડાના ફળ આપે, અને દાનમાં વાછરડીની સાથે દૂઝણી ગાય બ્રાહ્મણને આપે, આવી રીતે આ વ્રત કરનાર પુરુષ અનંત જ'મના પાપોથી મુકાઈને સ્વર્ગ લોકને પામે છે, તે વિશે એક પવિત્ર કથા કહું છું. સાંભળો અપરા એકાદશીનું શ્રધ્ધાથી વ્રત કરવામાં આવે તો અનંત જન્મના પાપનો પ્રલય થઈ જાય છે અને તે અંતે સ્વર્ગ લોકને પામીને ત્યાં અનેક પ્રકારના સુખો ભોગવે છે અને તે જ વ્રત ભગવાનની પ્રસન્નતા માટે ભગવાનના પૂજન ભજન સ્મરણની સાથે જાગરણ સહિત જો કર્યું હોય તો દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે એમાં કોઈ સંશય નથી. ॥ ૧૪ ॥

# જેઠ સુદ નિર્જલા એકાદશીની વ્રત કથા–૧૫

જેઠ સુદ એકાદશીની કથા કહેતા શ્રીહરિ કહે છે કે, જેઠ સુદી એકાદશી નિર્જલા એવે નામે પ્રસિદ્ધ છે, તેનું પૂજન પ્રિય પત્નીની સાથે જુઈના પુષ્પોથી કરે, નૈવેદ્યમાં દહીં ભાત આપે, અર્ધ્યમાં કેરીનું ફળ અને છત્રીનું દાન કરે આવી રીતે પૂજનની સાથે વ્રતને કરનાર પુરુષ ઈચ્છિત સુખને અવશ્ય પામે છે, તે વિશે પવિત્ર કથા કહું છું. સાંભળો એક સમયે વ્યાસ મુનિ ફરતા ફરતા હસ્તિનાપુર પ્રત્યે આવ્યા ત્યારે પાંચ ભાઈ પાંડવો તથા કુંતાજીએ પૂછ્યું કે સર્વ પાપોનો નાશ કરે અને આ લોકમાં પણ સુખ સંપત્તિ પ્રાપ્ત થાય એવું કયું સાધન છે ? વ્યાસજી કહેવા લાગ્યા કે એવું તો બારે માસની સર્વે એકાદશીઓના ઉપવાસ કરવા એ જ સર્વમાં ઉત્તમ સાધન છે, તે સિવાય એવું બીજું કોઈ ઉત્તમ સાધન નથી ત્યારે ભીમસેને કહ્યું કે હે પિતામહ બીજા ભાઈઓ તો વ્રત કરી

શકે તેમ છે, પરંતુ મારાથી તો કોઈ રીતે તે વ્રત થઈ શકે તેમ નથી તે મારા ભાઈઓ એકાદશીને દિવસે કોઈએ ભોજન કરતા નથી. માતાજી પણ પોતે ભોજન કરતા નથી અને મને પણ કહે છે કે ભીમ આજે એકાદશી છે માટે તું પણ ભોજન કરતો નહિ, પણ મારાથી તો તે થતું નથી. હું દાન ભગવાનની પૂજા વગેરે તો કરું છું પણ ઉપવાસ તો ન થાય. એકે ટાઈમ જમ્યા વગર મને ચાલતું નથી કેમકે મારા પેટમાં જઠરાગ્નિ અતિશય બળવાન છે એટલે મારાથી ભૂખ તો સહન થતી નથી. માટે એકાદશી વિના પણ વ્રતનું પુન્ય મલે એવો કોઈ સહેલો ઉપાય બતાવો તો તે હું કરીશ ત્યારે વ્યાસજીએ કહ્યું કે જો બધી એકાદશી ન થઈ શકે તો જેઠ માસની બંને એકાદશીનું વ્રત કરવું અને તે પણ ન થાય તો એક શુદ પક્ષની નિર્જળા એકાદશીનું વ્રત કરવું. એક શુદ પક્ષની નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી બારે માસની એકાદશીના વ્રત કર્યાનું ફળ મળે છે, તે ઉપવાસની વાત સાંભળીને ભીમ તો પીપળાના પાનની જેમ ધ્રુજવા માંડ્યો અને કહ્યું કે મારાથી ઉપવાસ તો નહિ જ થાય ત્યારે વ્યાસજીએ કહ્યું કે જે મનુષ્ય એકાદશીના સૂર્યોદયથી કરીને બારસના સૂર્યોદય સુધી અન્નજળનો ત્યાગ કરીને વ્રત કરે છે તેને સર્વ એકાદશીના ઉપવાસનું ફળ મળે છે. બારસને દિવસે બ્રાહ્મણને અન્નજળનું દાન કરી ભોજન કરાવી ત્યાર પછી પોતે ભોજન કરવું. વિધિપૂર્વક કરવાથી સર્વ એકાદશીઓનું ફળ મળે છે અને તે વ્રત કરનારને અનંત યજ્ઞનું તથા અનંત જન્મના તપનું અને અનંત પ્રકારના દાનોનું ફળ થાય છે અને તેને અંત સમયે ભયંકર એવા યમકિંકરના દર્શન જ થતા નથી, પરંતુ તેને વૈકુંઠનાથ ભગવાનનાં દર્શન થાય છે અથવા તેના દિવ્ય પાર્ષદોનું દર્શન થાય છે માટે તે

એક એકાદશીનું વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ, તે એકાદશીના સમાન કોઈ વ્રત કે, તપ, યજ્ઞ, દાનનું પણ ફળ થતું નથી, પછી તે વચન મસ્તક વડે ગ્રહણ કરીને ચાર ભાઈઓ અને ભીમે, એમ પાંચે ભાઈઓએ એ વ્રત શ્રધ્ધાપૂર્વક કર્યું. માટે એ વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ અને જે મનુષ્યો એકાદશી વ્રત કરતા નથી તે આત્મદ્રોહી છે અને તેને દુરાચારી અને દુષ્ટ કહેલો છે અને એમનાં સોએ સો કુળ નરકમાં પડે છે. અને જે એકાદશીને દિવસે ઉપવાસ કરીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહાપૂજન કરે છે ? અને રાત્રે જાગરણ કરીને બીજે દિવસે પોતાની શક્તિ પ્રમાણે દાન કરે છે, તે મનુષ્ય મોટા પુન્યને પામે છે, અને જે મનુષ્ય ભક્તિ ભાવથી આ એકાદશીની પવિત્ર કથાનું પઠન કે, માત્ર શ્રવણ કરે છે, તો તે પણ સ્વર્ગલોકને પામે છે અને જે મનુષ્ય વ્રત કરીને સાથે આ કથાનું પઠન કે શ્રવણ કરે છે ? તે મનુષ્ય દેહને અંતે સર્વ પાપોથી મુક્ત થઈને ભગવાનના ધામને અવશ્ય પામે છે. એમાં સંશય નથી. ॥ ૧૫ ॥

# જેઠ વદિ યોગિની એકાદશીની વ્રત કથા–૧૬

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે જે, જેઠ વદિ એકાદશી યોગિની એવે નામે કહેલી છે. તેના અધિષ્ટાતા દેવ ભગવાન નૃસિંહજી છે. તેનું પૂજન ક્ષેમ કરી નામની પ્રિય પત્નીની સાથે ભાંગરાના ફુલોથી કરવું, નૈવેદ્યમાં પેંડા આપે, અર્ધ્યમાં જાંબુનાં ફળ આપે અને દાનમાં જળધેનુ આપે, અર્થાત્ ગાયના દાનનો સંકલ્પ કરીને જળ આપે. આવી રીતે વ્રત કરનાર પુરુષ ગમે તેવો શરીરમાં કોઢ આદિક દીર્ઘ રોગથી પીડાતો હોય, તો એ રોગથી

મુક્ત થાયછે, તે વિષે એક પુરાતની કથા કહું છું, એક વખતે રાજા યુધિષ્ઠિરે પૂછ્યું કે, હે પ્રભુ, આપે કહેલી નિર્જલા એકાદશીની વ્રત કથા સાંભળી, હવે આપ જેઠ માસના કૃષ્ણ પક્ષની એકાદશીનું નામ અને તેનો પ્રભાવ અને મહાત્મ્ય કેવું છે? તે આપ મારા પ્રત્યે કહો, ત્યારે શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા કે, એ વ્રત હું તમારા પ્રત્યે કહું છું, સાંભળો. એ એકાદશી યોગિની એવે નામે પ્રસિધ્ધ છે અને તે મહા પાપોનો નાશ કરનારી છે અને આ લોકમાં પણ અપાર સુખને આપનારી છે અને દેહને અંતે મોક્ષને આપનારી છે. તેમજ શારીરિક કષ્ટને પણ નાશ કરનારી છે, તે વિષે એક પુરાતની કથા કહું છું સાંભળો, પૂર્વે અલકા નગરીમાં કુબેર ભંડારી શિવ ભક્ત રહે છે. તેણે હંમેશા શિવની પૂજા માટે પુષ્પો જોઈએ, તે માન સરોવરમાંથી લાવવા માટે પોતાના સેવક હેમમાલીને નિમેલો હતો, તે હંમેશાં પુષ્પ લાવતો હતો, પણ પોતાની પત્નીમાં અતિ આસક્ત હતો, વળી એને પોતાના રૂપનો પણ ગર્વ હતો, તે એક દિવસે માનસરોવરમાંથી પુષ્પો લાવીને ઘેર ગયો અને પોતાની પત્નીમાં આસક્ત થઈને તેની સાથે રમણ કરવા લાગ્યો અને પુષ્પો પહોંચાડવાં ભૂલી ગયો.

કુબેરે મધ્યાહ્ન સુધી રાહ જોઈ પણ ફુલ આવ્યાં નહિ ત્યારે બીજા યક્ષોને કહ્યું કે, પૂજાને મોડું થઈ ગયું છે અને હેમમાલી હજુ કેમ આવ્યો નહિ. તેની તપાસ કરો, ત્યારે યક્ષોએ તપાસ કરીને કહ્યું કે એ તો પોતાની પત્ની સાથે રમણક્રિડામાં આસક્ત છે. ત્યારે કુબેરે કહ્યું કે, એને બોલાવો, પછી તેને બોલાવ્યો એટલે એ ઉતાવળો ઉતાવળો આવ્યો. તેને જોઈને કુબેર તો અતિ ક્રોધાવેશમાં આવીને કહેવા લાગ્યા. જે, અરે તું વિચારતો નથી પ્રભુની પૂજામાં મોડું થઈ

ગયું, તેનું તને ભાન નથી. વળી તું તારી પત્નીમાં અતિ આસક્ત છો, વળી તને તારા રૂપનો અતિ ગર્વ છે, માટે હું તને શાપ આપું છું કે તું કોઢિયા શરીરવાળો થઈ જા, અને વળી તારી પત્નીનો વિયોગ થાઓ. કેમકે, તેં ભગવાન શિવજીનો મહાન અપરાધ કરેલો છે. આવા શાપને સાંભળતામાં જ તેનું શરીર કોઢથી યુક્ત થઈ ગયું અને પત્નીથી રહિત થઈને ભયંકર જંગલમાં આમ તેમ ભમવા લાગ્યો, પણ આથી પહેલાં શિવની પૂજા માટે પુષ્પો લાવતો, તે પુન્યથી તેનું સ્મરણ રહ્યું. એટલે તે અપરાધને સંભાળી સંભાળીને પશ્ચાતાપ કરતો હતો. એમ કરતાં કોઈ એક સમયે એ હિમાલયમાં ગયો અને ત્યાં દૈવ ઈચ્છાએ મહામુનિવર માર્કંડેયના આશ્રમમાં આવી ચડ્યો. તે મુનિની આયુષ્ય બ્રહ્માના સાત દિવસની હતી. હેમમાલીએ મુનિનાં દર્શન કરી પગે લાગીને તેની આગળ બે હાથ જોડીને બેઠો અને પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે એ મુનિએ તેને આશ્વાસન આપીને એ દુઃખનું કારણ પૂછ્યું ત્યારે તેણે પોતાનું સઘળું વૃત્તાંત કહ્યું અને વળી કહ્યું જે, હવે એ અપરાધનો અને દુઃખનો નાશ થાય, એવો ઉપાય કહો, ત્યારે તે મુનિએ પોતાના હૃદયમાં વિચાર કરી પ્રભુનું ધ્યાન કરીને કહ્યું કે, તું એમ કર, આવતી જેઠ માસના વદ પક્ષની યોગિની એકાદશી આવે છે, તેનું વ્રત શુધ્ધ થઈને અતિ શ્રધ્ધાપૂર્વક કર, અને રાત્રિમાં જાગરણ કરજે, તો એ વ્રતના પ્રભાવથી તું સર્વે દુઃખથી મુક્ત થઈને સુખી થઈશ. તે વચન સાંભળીને હેમમાલીએ તે વ્રત કર્યું. એ૧લે તત્કાળ તેનું શરીર દિવ્ય અને અતિ રૂપવાન અને પહેલાં કરતાં અતિ રમણીય થઈ ગયું અને ફરીવાર પોતાની પત્નીને પણ પામ્યો. તેને જોઈને કુબેરે તેને પૂછ્યું કે, તું મારા શાપથી મુક્ત કેવી રીતે થયો ? ત્યારે તેણે જેઠ

વદિ યોગિની એકાદશીના વ્રતના પ્રભાવથી હું મુક્ત થયો છું. એવી રીતે સર્વે વૃત્તાંત કહિ સંભળાવ્યું. તો હે રાજન્ એ એકાદશીનું વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ અને એ વ્રતને જો ભગવાનની પ્રસન્નતા માટે ભગવાનના મહાપૂજનની સાથે કર્યું હોય, તો તે આલોકમાં અપાર સુખ ભોગવે છે અને દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે, એમાં કોઈપણ સંશય નથી. ॥ ૧૬ ॥

# અષાઢ શુક્લ દેવશયની એકાદશી
# વ્રત કથા–૧૭

### આ એકાદશીને પદ્મા એવે નામે પણ કહેવાય છે

શ્રીહરિ કહે છે કે અષાઢ માસના શુક્લ પક્ષની એકાદશી દેશયની નામે છે. તેના અધિષ્ટાતા દેવ વામનજી છે, તેનું કમલા નામની પત્નીની સાથે અઘેડાના પુષ્પોથી પૂજન કરવું. નૈવેદ્યમાં પૂરણપોળી આપે અને અર્ઘ્યમાં શ્રીફળ આપે, દાનમાં સુવર્ણધેનુ આપે. આવી રીતે વ્રત કરનાર પુરુષો ગમે તેવા દુષ્કાળથી મુક્ત થાય છે અને એના રાજ્યમાં સારો વરસાદ થાય છે. એ વિષે અહીં એક પવિત્ર કથા કહું છું સાંભળો. ભીષ્મ પિતામહ કહે છે કે, હે રાજા યુધિષ્ઠિર પૂર્વે એક મહાપ્રતાપી માંધાતા નામે રાજા હતો. તે અતિ ધર્મપરાયણ હતો, દેવ, બ્રાહ્મણ,અતિથિ, ગાયોનો સેવક હતો. તેની પ્રજા પણ અતિ ધર્મપરાયણ હતી, તેના રાજ્યમાં પાપકર્મ કરનાર કોઈપણ નહતો. તેથી તેના રાજ્યમાં કોઈ વર્ષે પણ દુષ્કાળ તો પડતો જ નહિ. તેથી તેનો દેશ ધનધાન્ય આદિક સમૃધ્ધિથી પૂર્ણ હતો, છતાં પણ તેના રાજ્યમાં કોઈ સમયે અતિ ભયંકર ત્રણ દુષ્કાળ ઉપરાઉપરી પડ્યા. તેણે કરીને તેની સર્વે પ્રજા અતિશય પીડાવા લાગી. ત્યારે સર્વે પ્રજા ભેળી મળીને રાજાને શરણે જઈને

કહેવા લાગી જે, હે રાજન્ આપણા દેશમાં આવા ભયંકર ત્રણ ત્રણ દુષ્કાળ પડ્યા છે, જેથી દરેક પ્રજા અતિશય પીડાવા માંડી છે. ગાયો આદિક સર્વે પશુઓ પણ અતિ દુઃખી છે અને જળને વરસાવનારા તો સાક્ષાત્ નારાયણ છે અને તેની આજ્ઞાથી જ મેઘ વરસે છે. તે કેમ નથી વરસતા, અને કયા કારણથી તે કોપાયમાન થયા છે ? તેનો રાજાએ વિચાર કરવો જોઈએ. ત્યારે રાજાએ કહ્યું કે, હે પ્રજાજનો તમો કહો છો ? તે વાત બધી સાચી છે, તો તેનો ઉપાય હું અવશ્ય કરીશ, પછી એ રાજા અશ્વ ઉપર બેસીને જંગલમાં આમતેમ ફરવા લાગ્યો, પછી ફરતાં ફરતાં એ વનમાં એક આશ્રમ જોવામાં આવ્યું. તેમાં બ્રહ્માના પુત્ર અંગિરા મુનિ તપ કરતા હતા, તેની પાસે જઈને બે હાથ જોડીને પગે લાગ્યો, ત્યારે એ ઋષિએ પૂછ્યું કે, તમો કોણ છો ? ત્યારે તેણે સર્વ વૃત્તાંત કહ્યું કે, મારા રાજ્યમાં હંમેશાં સુકાળ હોયછે અને દરેક પ્રજા ધર્મવાળીછે. કોઈપણ પાપ કર્મ કરતું નથી, છતાં આજે ત્રણ ત્રણ દુષ્કાળ પડ્યા, તેણે કરીને સર્વે પ્રજા અતિ દુઃખી છે, તેનું શું કારણ છે ? અને તેનો ઉપાય શું કરવો ? ત્યારે મુનિએ પોતાના હૃદયમાં ભગવાનનું ધ્યાન કરીને વિચાર કરીને કહ્યું જે, એનું કારણ તો એ છે કે, તપ કરવાનો અધિકાર તો બ્રાહ્મણોને જ હોય છે, છતાં તારા રાજ્યમાં એક શૂદ્ર તપશ્ચર્યા કરે છે. તેને કારણે તારા રાજ્યમાં વરસાદ વરસતો નથી. માટે તમો પ્રજાએ સહિત અષાઢ માસના શુક્લ પક્ષની પદ્મા એકાદશી જેને દેવશયની એકાદશી કહેવાય છે. તે સર્વે પાપોને નાશ કરનારી છે. અને તે દિવસથી ભગવાન શયન કરે છે. માટે એ પદ્મા એકાદશીનું વ્રત તમો પ્રજા સહિત વિધિપૂર્વક કરો, તો જ તમો સર્વે પાપથી મુક્ત થશો અને તમારા રાજ્યમાં વરસાદ પણ

તો જ વરસશે, ત્યારે એ રાજાએ પ્રજાએ સહિત એ વ્રત શ્રધ્ધાથી કર્યું. એટલે તેના દેશમાં સારો વરસાદ થયો અને સર્વે પ્રજા પણ દુ:ખથી રહિત થઈ, માટે એ એકાદશીના સમાન બીજું કોઈપણ દુ:ખને નાશ કરનારું સાધન નથી અને તે જ વ્રત જો ભગવાનની પ્રસન્નતા માટે ભગવાનના સંબંધથી કરાયેલું હોય તો આલોકમાં પણ સર્વે સુખ સંપત્તિને પામે છે અને દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે, એમાં લેશમાત્ર સંશય નથી. ॥ ૧૭ ॥

## અષાઢ વદિ કામિકા એકાદશીની વ્રત કથા-૧૮

શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે છે કે, આષાઢ વદિ એકાદશી કામિકા નામે પ્રસિધ્ધ છે, તેના અધિષ્ટાતા દેવ અચ્યુત ભગવાન છે, તેનું પૂજન વિજ્યા નામની પ્રિય પત્નીની સાથે પારિજાતનાં પુષ્પોથી કરવું અને નૈવેદ્યમાં ખાજાં આપે અને અર્ઘ્યમાં બિલિનું ફળ અને દાનમાં વસ્ત્રો આપે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, હે રાજા યુધિષ્ઠિર આષાઢ માસના કૃષ્ણ પક્ષની એકાદશી કામિકા નામે છે, તેનું વ્રત ભગવાનના પૂજન અને જાગરણ સહિત શ્રદ્ધાપૂર્વક કરેલું હોય તો તે વ્રત અનેક પ્રકારના મનોરથોને સિધ્ધ કરે છે અને અનંત જન્મનાં પાપોનો નાશ કરે છે અને તે વ્રત કરનાર મનુષ્ય દેહને અંતે અનંતકાળ પર્યંત વિષ્ણુલોકમાં નિવાસ કરીને અપાર દિવ્ય સુખને ભોગવે છે, માટે એ કામિકા એકાદશીનું વ્રત પણ અવશ્ય કરવું જ જોઈએ. ॥ ૧૮ ॥

## શ્રાવણ શુદિ પુત્રદા એકાદશીની વ્રત કથા—૧૯

સ્વામી શ્રી સહજાનંદ સ્વામી કહે છે જે, શ્રાવણ માસના શુક્લ પક્ષની એકાદશી પુત્રદા નામે છે. એને જ પવિત્રા નામે પણ

કહેલી છે, તેના અધિષ્ઠાતા દેવ ભગવાન શ્રીધર છે, તેનું પૂજન પત્ની ક્રાંતિમતિની સાથે કમળના પુષ્પોથી કરવું. નૈવેદ્યમાં માલપુવા આપવા. અર્ધ્યમાં સિતાફળ અને દાનમાં પાદુકાનું દાન આપે આવી રીતે, પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ, પુત્ર, ધન, રાજ્યાભિષેક સુખને અવશ્ય પામે છે. તે વિશે અહીં એક પુરાતની કથા છે તે સાંભળો.

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે હે રાજન પૂર્વે માહિસ્મતી નગરીનો મહિજીત નામનો રાજા હતો. તે અતિશય ધર્મવાળો હતો પરંતુ એનો કોઈ પુત્ર ન હતો એટલે રાજ્ય હોવા છતાં એને કોઈપણ પ્રકારનું સુખ નહતું. અપુત્રને આલોક પરલોકમાં કોઈપણ પ્રકારનું સુખ હોતું જ નથી એમ માનીને એણે પુત્ર પ્રાપ્તિ માટે અનેક ઉપાયો કર્યા, તો પણ પુત્ર થયો નહિ એમ કરતાં પોતાને વૃધ્ધત્વ આવી ગયું તેથી તે વિશેષ ચિંતાતુર થયો એટલે એણે એક દિવસ સર્વ પ્રજાને બોલાવીને સભામાં તે વાત સર્વને કહી જે હે પ્રજાજનો મેં આ જન્મમાં કોઈપણ પાપ કર્યું નથી. કોઈનું અન્યાયથી દ્રવ્ય લીધું નથી અને પુત્રવત પ્રજાનું મેં પાલન કર્યું છે અને ધર્મથી જ સર્વે ઠેકાણે મેં વિજય મેળવ્યો છે. મારા દ્વેષીઓનો પણ મેં સત્કાર કર્યો છે. આમ હું સર્વે રીતે ધર્મ માર્ગે ચાલુ છું છતાં પણ કયા કારણથી મને પુત્ર અવતરતો નથી એ વિષે આપ સૌ વિચાર કરો. રાજાનાં આવાં દીન વચન સાંભળીને રાજાના સુખ અને કલ્યાણ માટે પુરોહિતો અને અન્ય પ્રજાજનો મળીને ગહન વનમાં ગયા અને આમતેમ ભમતા થકા ઋષિઓનાં આશ્રમો જોવા માંડ્યા તેવામાં ત્યાં એક મુનિશ્રેષ્ઠ લોમશ મુનિનું પવિત્ર આશ્રમ જોયું તે મુનિ હંમેશાં ધ્યાન નિમગ્ન રહેતા હતા અને અતિ ઉગ્ર તપને કરતા

હતા. ત્રિકાળ જ્ઞાની પણ હતા. તેને એક કલ્પને અંતે એક રોમ પૃથ્વી પર ખરી પડતું તેથી જ લોમશ એવા નામે પ્રસિધ્ધ હતા. આવા પવિત્ર મુનિને જોઈને સર્વ પ્રજાજનો આવા સમર્થ મુનિનાં આપણને દર્શન થયાં છે પછી એ સર્વેને બે હાથ જોડીને ઉભેલા જોઈને ઋષિવરે પૂછ્યું કે તમોને જે ઈચ્છા હોય તે કહો હું અવશ્ય તમારું કાર્ય કરીશ કારણ કે સંતનો આ પૃથ્વી ઉપર જન્મ પર ઉપકાર માટે જ હોય છે ત્યારે સર્વે પ્રજાજનો બોલ્યા કે હે મુનિરાજ અમારું આવવાનું કારણ અમો કહીએ છીએ કે અમો સૌ અમારા સંશયનું નિવારણ કરવા માટે આપની પાસે આવ્યા છીએ પરંતુ સદ્‌ભાગ્ય જ આપના અમોને દર્શન થયાં છે સિધ્ધ મહાત્માઓના દર્શનથી સર્વ કાર્યની સિધ્ધિ થાય છે માટે તે રાજાને પુત્ર પ્રાપ્ત થાય એવો ઉપાય આપ બતાવો. પ્રજાના આવાં વચનો સાંભળીને એક મુહુર્તવાર ભગવાનનું હૃદયમાં ધ્યાન ધરીને રાજાનું પૂર્વજન્મનું વૃત્તાંત જાણીને કહેવા લાગ્યા કે તે રાજા પૂર્વ જન્મમાં દુરાચારી નિર્ધન વૈશ્ય હતો અને વેપાર માટે તે ગામે ગામ ભટકતો હતો. એક સમયે ગ્રીષ્મ ઋતુના તાપમાં જેઠ માસના શુક્લ પક્ષની બારસને દિવસે તૃષાથી વ્યાકુળ થઈને ગામ બહાર રહેલા એક સુંદર જળાશયમાં પાણી પીવા માટે ગયો, તેજ વખતે તે ત્યાં તરતનીજ વિયાએલી ગાય વાછરડીની સાથે તૃષાતુર થએલી થકી તે જળાશયમાં પાણી પીવા માટે આવી અને પાણી પીતી હતી તેને પાણી પીતાં અટકાવીને પોતે પાણી પીવા માંડ્યો. એ પાપથી જ આ જન્મમાં રાજાને પુત્ર થયો નથી છતાં પૂર્વ જન્મનું કોઈક પુન્ય હશે તેના બળથી તે પવિત્ર રાજને પામેલો છે અને નિષ્કંટક રાજ્ય એને મળ્યું છે ત્યારે પ્રજાજનો બોલ્યા કે હે મુનિશ્રેષ્ઠ પુણ્યથી પાપનો

ક્ષય થાય છે એમ પુરાણો કહે છે માટે તે રાજાના પાપના ક્ષય થાય તેવો ઉપાય આપ બતાવો અને આપ આશીર્વાદ આપો કે જેથી રાજાને પુત્ર થાય ત્યારે લોમશ મુનિ બોલ્યા કે શ્રાવણ સુદ એકાદશી સમીપમાં જ આવે છે અને તે પુત્રદા એવા નામથી પ્રસિધ્ધ છે તો એનું યથાવિધિ નિયમ પ્રમાણે વ્રત કરો અને તેનું જાગરણ કરો અને એનું પુન્ય રાજાને આપો એટલે તેને અવશ્ય પુત્ર થશે. આવા તે મુનિના વચનો સાંભળીને સર્વજનો પ્રણામ કરીને પાછા રાજ્યમાં આવ્યા અને શ્રાવણ સુદ એકાદશીનું રાજા અને રાણી સર્વે પ્રજાજનોએ મળીને યથાવિધિ વ્રત કરીને રાત્રે જાગરણ ઉદ્યાપન દાન પુન્ય વગેરે કરીને બારસને દિવસે તે વ્રતનું પુન્ય રાજાને અર્પણ કર્યું. તેના પ્રભાવથી રાણીને ગર્ભ રહ્યો અને નવ માસ પૂર્ણ થતાં સુંદર અને બળવાન પુત્રને જન્મ આપ્યો તેથી એ એકાદશી પુત્રદા એકાદશી કહેવાય છે. માટે આ લોકમાં અને પરલોકમાં પોતાનું શ્રેય ઈચ્છનારે તે એકાદશીનું વ્રત અવશ્ય કરવું જ જોઈએ. વળી તે પુત્રદા એકાદશીની કથાનું પઠન કે શ્રવણ માત્ર કરે છે તો પણ પુત્ર ધન ધાન્ય વગેરેનું સુખ પામે છે અને દેહને અંતે સ્વર્ગલોકને પામે છે અને તે જ વ્રત જો ભગવાનના સંબંધથી અને તેની પ્રસન્નતાર્થે કર્યું હોય તો દેહને અંતે અવશ્ય ભગવાનના દિવ્ય ધામને પામે છે માટે તે પવિત્ર વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ. ॥૧૯॥

# શ્રાવણ વદી અજા એકાદશીની વ્રત

## કથા–૨૦

શ્રીજી મહારાજ કહે છે કે શ્રાવણ વદી એકાદશી અજા નામે છે. તેના અધિષ્ઠાતા જનાર્દન નામે ભગવાન છે તેની પૂજા

સુંદરી નામે પત્નીની સાથે શ્રેણીના પુષ્પોથી કરવી. નૈવેદ્યમાં ગોડના લાડુ આપે, અર્ઘ્યમાં સોપારી અને દાનમાં મહિષી (ભેંસ) આપે આવી રીતે ભગવાનના પૂજન જાગરણની સાથે વ્રતને કરનાર પુરુષોનું ગયેલું રાજ્ય, પત્ની, પુત્ર, ધન વગેરે પ્રાપ્ત થાયછે તે વિશે કથા છે.

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે હે રાજન પૂર્વ વસિષ્ઠ મુનિએ રામ પ્રભુને અજા નામની શ્રાવણ વદી એકાદશીનું મહાત્મ્ય કહેલું છે તે કથા હું તમોને કહું છું તેને તમો સાંભળો. એ અજા એકાદશીના સમાન બીજું કોઈ વ્રત કે પુન્ય નથી. એકાદશીનું વ્રત કરવાથી રાજ્ય, ધન, પુત્ર, સ્ત્રી, આદિક અનેક પ્રકારના સુખને અવશ્ય પામે છે. પૂર્વે એક પુન્યવાન ધાર્મિક અને સત્ય પ્રતિગ્ન હરિચન્દ્ર નામનો એક રાજા હતો તે કોઈક વિપરીત કર્મના દોષથી રાજ્યભ્રષ્ટ થયો. કાશીમાં ગયો, રાણી અને પુત્રને પણ વેચી નાખ્યા અને પોતે એક ચંડાળને ત્યાં સેવક તરીકે રહ્યો અને મડદાનું વસ્ત્ર અને તેનો લાગ લેવાનું કામ કરતો હતો. તો પણ પોતાના સત્યથી ચલિત થયો નહતો એમ કરતાં ઘણાંક વર્ષો વ્યતીત થઈ ગયા. એક દિવસ પોતાના હૃદયમાં પશ્ચાતાપ કરીને વિચારવા લાગ્યો કે મેં એવું કયું પાપ કર્યું હશે કે જેથી હું આવું અપાર દુઃખ ભોગવું છું અને આ અસહ્ય દુઃખંનો અંત ક્યારે આવશે ? આમ વિલાપ કરતો હતો તેવામાં જ ત્યાં દૈવ ઈચ્છાએ ગૌતમ નામના મહર્ષિ આવી ચડ્યા. તેને જોઈને રાજાએ પ્રણામ કર્યા. પગે લાગ્યા, પ્રાર્થના કરવા લાગ્યા ત્ત્યારે તે મુનિએ તેને પૂછ્યું કે તમોને શું ઈચ્છા છે ? ત્યારે તેણે તે દુઃખની મુક્તિ ક્યારે થશે અને તેનો ઉપાય બતાવો તો તે હું કરું કારણ કે આપ જેવા મહાત્માના દર્શન ક્યારેય નિષ્ફળ હોતા નથી

ત્યારે તે મુનિએ કહ્યું કે તમો આજથી સાતમે દિવસે શ્રાવણ કૃષ્ણ અજા એકાદશી આવે છે તેનું વ્રત વિધિપૂર્વક કરો તો તેથી સર્વ દુઃખનો નાશ થઈ જશે એમ કહીને ઋષિ તો આદર્શ થયા ત્યાર પછી તે રાજાએ વ્રત વિધિપૂર્વક કર્યું. રાત્રિએ જાગરણ કર્યું. તેના પ્રભાવથી ચંડાળે તેને છુટા કર્યા અને દૈવ ઈચ્છાએ રાણીને મળ્યા અને પુત્ર પણ જીવતો થયો અને પોતાનું રાજ્ય ફરીવાર પ્રાપ્ત થયું તેનું સુખ ભોગવી પુત્રવત પ્રજાનું પાલન કરી અંતે સ્વર્ગલોકને પામ્યો. આવું તે અજા એકાદશીનું પુણ્ય છે તે જ વ્રત જો ભગવાનના સંબંધથી કરેલું હોય તો અંતે મોક્ષને પામે છે માટે તે વ્રત અવશ્ય કરવું જ જોઈએ અને તે વ્રતની કથાનું કેવળ પઠન, શ્રવણ કરે છે તો પણ અશ્વમેઘ યજ્ઞના ફળને અવશ્ય પામે છે, એમાં કોઈ સંશય નથી. ॥ ૨૦ ॥

# ભાદરવા શુક્લ (વામન) પરિવર્તની એકાદશી–૨૧

શ્રી સહજાનંદ સ્વામી ભગવાન કહે છે કે ભાદરવા માસની શુક્લ પક્ષની એકાદશી પરિવર્તિની એવા નામે કહેલી છે. અને એને જ પદ્મા નામે પણ કહેલી છે. તેના અધિષ્ટાતા દેવ ઋષિકેશ ભગવાન છે. તેનું પૂજન અપરાજીતા નામની પ્રિય પત્ની સાથે કાશના પુષ્પોથી કરવું. નૈવેદ્યમાં તલસાંકળી અને અર્ધ્યમાં પબડી અને દાનમાં વસ્ત્રો આપે અને આવી રીતે પૂજન કરનાર પુરુષ સ્વર્ગ લોકમાં ચંદ્રમાના સમાન તેજસ્વી થઈને સુખ ભોગવે છે. તે વિશે એક પવિત્ર કથા છે.

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે હે રાજન હવે હું તમોને ભાદરવા માસની પરિવર્તની એકાદશી તેનું મહાત્મ્ય કહું છું. એ

એકાદશી અત્યંત પુન્યદાયક છે અને અનંત જન્મના પાપને હરનારી છે અને મોક્ષદાયક છે એ જ એકાદશીને વામન એકાદશી એ નામથી પણ કહેવાય છે. એની કથાના શ્રવણથી પણ પાપોનો ક્ષય થઈ જાય છે. આ વ્રત અવશ્ય કરવું જ જોઈએ. આના વિષે પાપને હરનારી અને મોક્ષને આપનારી એક ઉત્તમ કથા કહું છું તેને સાંભળો. પૂર્વે ત્રેતા યુગમાં એક બલિ નામનો દાનવ હતો. એ મારો ભક્ત હતો, તે વિવિધ સ્તોત્રો અને મંત્રોથી હંમેશાં મારી પૂજા કરતો હતો. બ્રાહ્મણોને પૂજનારો હતો. યજ્ઞાદિક કાર્ય કરવામાં પ્રિતીવાળો હતો, પરંતુ તેણે ઈન્દ્ર સાથે વેર કરીને તેને હરાવીને તેની પાસેથી મેં આપેલું સ્વર્ગ લોકનું રાજ્ય લઈ લીધું એટલે સર્વે દેવો મળીને બૃહસ્પતિ આદિક ઋષિઓ તથા દેવો ઈન્દ્ર સર્વે મારી પાસે આવ્યા. મને પ્રણામ કરીને મારી પૂજા કરીને સ્તુતિ કરી એટલે પ્રસન્ન થયેલા મેં પાંચમો વામન અવતાર ધારણ કર્યો અને કપટથી બટુકનું રૂપ ધારણ કરીને બલી પાસેથી માત્ર ત્રણ પગલા પૃથ્વીની યાચના કરી એટલે બલિરાજાએ મને ત્રણ પગલા પૃથ્વી અર્પણ કરી એટલે મેં તરત જ મારું શરીર વિસ્તારવા માંડ્યું, તે એક પગલું છેક પાતાળમાં મેલ્યું, બીજું પગલું સ્વર્ગાદિક લોકોને વેંધીને સત્યલોકથી ઉપર મૂક્યું. તેણે કરીને અંડકટાહ ફોડ્યું અને શરીર તો આખાય બ્રહ્માંડમાં બધે માઈ રહ્યું એક પગલું પૃથ્વી ઓછી થઈ પછી બલિને કહ્યું કે તેં મને ત્રણ પગલા આપ્યા છે ને આ તો બે પગલા થયાં. એક પગલુ ઓછું થયું, આપ ત્યારે બલિ રાજાએ પોતાનું મસ્તક મારા ચરણમાં ધર્યું એટલે તે ઉપર મેં મારો ચરણમૂકીને તેને પાતાળમાં ખોસી મૂક્યો ત્યારે બલિએ બે હાથ જોડીને મારી પ્રાર્થના કરી મારા ચરણને ઓળાસવા માંડ્યા ત્યારે

તેની વિનય ભાવના જોઈ તેના ઉપર પ્રસન્ન થઈને વરદાન માગવા કહ્યું ત્યારે તેણે કહ્યું કે હે પ્રભુ આપ અખંડ મારા દરવાજે રહો અર્થાત્ મારી સન્મુખ રહો ત્યારે મેં તથાસ્તુ કહ્યું ત્યારથી જ કરીને એટલે પરિવર્તિની એકાદશીથી કરીને મારું એક સ્વરૂપ બલિરાજાની પાસે રહે છે અને બીજુ સ્વરૂપ ક્ષીર સાગરમાં શેષ શય્યા ઉપર બિરાજે છે. તે શેષ શય્યા ઉપર કાર્તિક માસની એકાદશી સુધી રહું છું. શ્રીકૃષ્ણ કહે છે રાજન તે શેષશય્યા ઉપર પોઢેલા ભગવાન નારાયણ પરિવર્તિની એકાદશીના દિવસે પોતાનું શરીર પરિવર્તન કરે છે. અર્થાત પડખું ફેરવે છે માટે તે દિવસ પણ તેમનું શોડષોપચારથી પૂજન કરવું જોઈએ. તે દિવસે ઉપવાસ કરીને રાત્રે જાગરણ કરવું. બારસને દિવસે દાન કરવું. હે રાજન આ પ્રમાણે આ સર્વે પાપહર ભક્તિ મુક્તિ જ આપનારી એકાદશીનું વ્રત જે કરે છે તે સ્વર્ગલોકમાં ચંદ્રમાના સમાન તેજસ્વી થઈને નિવાસ કરે છે. જે મનુષ્ય ભગવાની પ્રસન્નતા માટે કરે છે તે અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે અને જે મનુષ્ય કથા માત્રનું પઠન શ્રવણ વગેરે શ્રધ્ધાથી કરે છે તે પણ હજાર અશ્વમેઘ યજ્ઞના ફળને પામે છે. માટે આ એકાદશીનું વ્રત ભગવાનના ભક્તોએ તો અવશ્ય કરવું જ જોઈએ. ॥૨૧॥

## ભાદ્રકૃષ્ણ ઈન્દિરા એકાદશીની વ્રત કથા—૨૨

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે ભાદરવા માસની કૃષ્ણ પક્ષની એકાદશી ઈન્દિરા નામે કહેલી છે. તેના અધિષ્ઠાતા દેવ ભગવાન ઉપેન્દ્ર છે. તેનું પૂજન સુભગા નામની પત્નીની સાથે દૂર્વાથી કરવું. નૈવેદ્યમાં જલેબી આપે, અર્ધ્યમાં આમલી અને દાનમાં

કન્યાદાન આપે આવી રીતે પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ નરકમાં પડેલા પોતાના માતા પિતા આદિકનો પણ ઉધ્ધાર કરે છે. તે વિશે એક પુરાતની કથા કહું છું તે સાંભળો.

પૂર્વે એ એકાદશીની વ્રત કથા વસિષ્ઠ મહારાજે પ્રભુ શ્રીરામને કહી હતી. શ્રીકૃષ્ણ પ્રભુ કહે છે કે રાજા યુધિષ્ઠિર તે ઈન્દિરા એકાદશીની પવિત્ર વ્રત કથા તમોને કહું છું તે સાંભળો. પૂર્વે માહિસ્મતી નગરીનો રાજા ઈન્દ્રસેન રાજ્ય કરતો હતો. તે અતિ ધર્મવાળો હતો. પ્રભુ ભક્તિ પરાયણ હતો. તે ધર્મથી રાજ્યનું શાસન કરતો હતો. તેના રાજ્યમાં સર્વ પ્રજા ધર્મવાળી હતી. તેમાં કોઈ પણ કુકર્મિ નહતું. તે રાજા એક સમયે પોતાના નિવાસસ્થાને શાંતિથી બેઠેલો હતો, તેવામાં ત્યાં અચાનક દૈવ ઈચ્છાએ નારદમુનિ આવ્યા. તેને જોઈ રાજાએ ઊભા થઈ સન્મુખ જઈ નમન કરી પાદ્ય અર્ધ્ય વગેરેથી પૂજી સન્માન કરીને આસન પર બેસાડ્યા પછી બે હાથ જોડીને નમસ્કાર કરી વિનયથી પૂછ્યું કે હે મુનિરાજ અહીં આપના પવિત્ર ચરણ રજથી મારું ભુવન પવિત્ર કર્યું, તેથી હું ધન્ય ભાગ્યશાળી થયો છું. હવે આપના આગમનનું કારણ કહો ત્યારે મુનિએ કહ્યું કે તને કોઈ દુઃખ તો નથી ને ત્યારે રાજાએ કહ્યું કે આપના પ્રતાપથી રાણીઓ, પુત્રીઓ, પૌત્રો, પ્રજા વગેરે તથા અમાત્યો વગેરેથી અતિ સુખ છે અને વિશેષ સેવા આપ મને ફરમાવો ત્યારે નારદજી કહેવા લાગ્યા કે હું તો તને એક સંદેશો કહેવા આવ્યો છું તે સાંભળ. હું ફરતો ફરતો આજે યમપુરીમાં ગયો હતો ત્યાં તારો પિતા કોઈક દોષના કારણથી યમલોકમાં ગયો છે અને તેને યમરાજાની સેવા કરતો મેં જોયો. તેણે મને પગે લાગીને કહ્યું કે તમો મારા ઉપર પ્રસન્ન થઈને મારો ઉધ્ધાર કરો, ત્યારે મેં

કહ્યું કે તારો ઉધ્ધાર શી રીતે થાય ? ત્યારે તેણે કહ્યું કે મારા પુત્ર ઈન્દ્રસેનને કહેજો કે રાણીઓ પુત્રો વગેરે મળીને ઈન્દિરા એકાદશીનું વ્રત કરો અને તેનું પુન્ય મને જો આપે તો મારો સ્વર્ગલોકમાં નિવાસ થાય પછી તેણે તેનો વિધિ પણ કહ્યો. ત્યાર પછી નારદજી તો ચાલ્યા ગયા અને ત્યાર પછી રાજાએ રાણીએ પુત્રો, પૌત્રીઓની સાથે વ્રત કરીને તેનું પુન્ય પિતાને અર્પણ કર્યું એટલે તે યમપુરીથી સ્વર્ગમાં વિમાન ઉપર બેસીને ગયો. આવું મહાપાપને પણ ક્ષય કરનારું વ્રત ભગવાનની પ્રસન્નતા માટે જો કરે છે તો તેને અવશ્ય મોક્ષ થાય છે. આની કથાના પઠન શ્રવણથી પણ ભગવાનના વૈકુંઠ ધામને પામે છે એમાં સંશય નથી. ॥ ૨૨ ॥

## આશ્વિન શુકલા પાશાંકુશા એકાદશી વ્રત કથા–૨૩

શ્રીકૃષ્ણ પ્રભુ કહે છે કે, હે રાજન્ ! હવે હું તમોને આશ્વિન માસની શુકલા એકાદશીની વ્રતકથા કહું છું. તે સાંભળો, તે એકાદશી પાશાંકુશા એવા નામે કહેવાય છે. તેનું વ્રત વિધિ પૂર્વક કરવાથી સર્વે પાપોનો પ્રલય થઈ જાય છે. અને આલાકોમાં પણ સર્વ રીતે સુખ પ્રાપ્ત થાય છે. અને દેહને અંતે સ્વર્ગ લોકમાં અનંત કાળ પર્યંત અપાર સુખ ભોગવે છે. અને જો ભગવાનની પ્રસન્નતાર્થે કરેલું હોય તો તે અવશ્ય ભગવાનના વૈકુંઠ ધામને પામે છે. માટે સર્વ જનોએ એ વ્રતતો અવશ્ય કરવું જ જોઈએ. અને તેની માત્ર કથાનું કોઈ પઠન, શ્રવણ કરે છે તો તે પણ કોટી યજ્ઞના પુન્યને અવશ્ય પામે છે. એમાં કોઈ જાતનો સંશય નથી. ॥ ૨૩ ॥

# આસો વદિ રમા એકાદશીની વ્રત કથા–૨૪

આસો માસના કૃષ્ણ પક્ષની એકાદશી રમા એવે નામે પ્રસિદ્ધ છે. શ્રીહરિ કહે છે જે, તે દિવસે એ એકાદશીના અધિષ્ટાતા શ્રીહરિ ભગવાનની હિરણ્યા નામની પ્રિય પત્નીની સાથે મોગરાના પુષ્પોથી પૂજા કરવી. અર્ધ્યમાં કેળાનાં ફળ આપે, નૈવેદ્યમાં સાકર અને ધૃત મિશ્રિત કેળા આપે, દાનમાં ઘીથી ભરેલું પાત્ર આપે, તેનો મહિમા અપાર છે, તે વિષે એક પુરાતની કથા કહું છું.

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે રાજન ! હવે મહાપુન્યકારી અને મહાપાપહારી રમા એકાદશીની વ્રત કથા કહું છું તે સાંભળો. આસો માસની કૃષ્ણ પક્ષની વદ એકાદશી રમા એકાદશીના નામથી કહેવાય છે. તેનો મહિમા અપાર છે. પૂર્વે એક મુકુન્દ નામે મહાધાર્મિક રાજા હતો. ભગવાનનો પરમ ભક્ત હતો અને તેની સર્વ પ્રજા પણ અતિ ધર્મવાળી હતી. તે રાજાને ત્યાં એક પુત્રી હતી તેનું ચંદ્રભાગા નામ હતું. તેને ઈન્દ્રસેનના પુત્ર શોભન સાથે પરણાવેલી હતી. કોઈ સમયે શોભન પોતાના સસરાને ત્યાં આવ્યો હતો તે જ દિવસે રમા એકાદશી હતી. ચંદ્રભાગાએ વિચાર કર્યો કે મારા પતિદેવનું શરીર અતિ દુર્બળ છે અને આવતીકાલે એકાદશી છે અને મારા પિતાનો તો મનુષ્યો પશુ પક્ષીઓ સર્વેને ઉપવાસ કરવો આવો આદેશ છે અને મારા પતિ દેવ તો જરાય ભૂખ સહન કરી શકશે નહિ. આમ વિચારેછે ત્યાં આખા શહેરમાં ઢંઢેરો પિટાવ્યો કે આવતીકાલે રમા એકાદશી છે માટે કોઈએ પણ ભોજન કરવું જ નહિ. તે ઢંઢેરો સાંભળીને ચંદ્રભાગા કહેવા લાગી હે પતિદેવ આપનું શરીર અતિ દુર્બળ છે અને મારા પિતાનો તો આવો આદેશ

છે કે મનુષ્ય પશુ-પક્ષી વગેરેને નકોરડો ઉપવાસ કરવો અને જે કોઈ ભોજન કરે છે તો તેને તો દંડ આપે છે. તો કેમ કરવું તેની મને ચિંતા થાય છે ત્યારે શોભન કહેવા લાગ્યો કે તું ધીરજ રાખ. શ્રીપ્રભુની ઈચ્છા હશે તેમ થશે. તારા પિતાનો એવો જ આદેશ હોય અને બધા ઉપવાસ કરશે તો હું પણ ઉપવાસ કરીશ. શરીરનું તો જેમ પ્રભુને કરવું હશે તેમ કરશે એમ કહી તેને પણ ઉપવાસ કર્યો. રાત્રે સહુની સાથે જાગરણ પણ કર્યું. સવાર થતાં તેનું શરીર પડી ગયું અને થોડીવારમાં તેણે પોતાનો દેહ છોડી દીધો એટલે રાજાએ તેનો અગ્નિસંસ્કાર વગેરે ક્રિયા કરી ત્યારે ચંદ્રભાગા પણ તેની સાથે બળી મરવા તૈયાર થઇ ત્યારે મુકુન્દ રાજાએ કહ્યું તારું ભરણ પોષણ હું કરીશ. તું તારા શરીરનો ત્યાગ ન કર, ત્યારે ચંદ્રભાગા પોતાના પિતાને ત્યાં જ રહી અને શોભનને એકાદશીના વ્રતના પુન્યથી મંદરાચલ પર્વત પર રમણીય દેવ નગર પ્રાપ્ત થયું. એ નગર અતિ ઉત્તમ અનેક ગુણવાળું સુવર્ણના સ્થંભોવાળું વિવિધ રત્નો અને સ્ફટિક મણિઓથી વિભૂષિત મહેલોથી સુશોભિત હતું. રાજકુમાર શોભન કિરીટ મુકુટ આદિક અનેક અલંકારોથી અલંકૃત થઈને અને શ્વેત છત્ર અને ચામરોથી અલંકૃત સિંહાસન પર આરૂઢ થતો અને ગાંધર્વો અપ્સરાઓ એની હંમેશાં સ્તુતિ કરતા હતા અને સેવા કરતા હતા અને જાણે બીજા ઈન્દ્ર હોય ને શું ? તેની નીપેઠે શોભવા લાગ્યો. એક સમયે મુકુન્દ પુરનો  સોમ શર્મા નામનો વિપ્ર તીર્થ યાત્રા નિમિત્તે ફરતો ફરતો એ દેવ નગરમાં જઈ પહોંચ્યો. શોભનને જોઈ આ તો રાજાનો જમાઇ એમ જાણીને એના સમીપે ગયો ત્યારે શોભને તેનો યોગ્ય રીતે સત્કાર કર્યો, અને નમસ્કાર કરીને પોતાના સસરા તથા સાસુના તથા પોતાની પ્રિયતમા

ચંદ્રભાગાના સમાચાર પૂછ્યા ત્યારે સોમ શર્માએ કહ્યું કે આપના સસરા સાસુ પ્રિય પત્ની સર્વે કુશળ છે અને પ્રજા પણ સર્વે કુશળ છે. પરંતુ હવે આપના કુશળ સમાચાર મને આપ કહો અને આવું દિવ્ય નગર તમોને કયા પુન્યથી પ્રાપ્ત થયું છે ત્યારે શોભન બોલ્યો કે હે વિપ્ર અશ્વિન કૃષ્ણ પક્ષની રમા એકાદશીનો ઉપવાસ કર્યો હતો તે પુન્યથી આવું નગર મળ્યું છે પરંતુ એ નગર અસ્થિર છે તે સ્થિર થાય તેવો ઉપાય આપ કરો ત્યારે સોમ શર્મા કહે તે કેમ સ્થિર થાય ? તેવો ઉપાયને હું કરીશ ત્યારે શોભન કહે કે મેં રમા એકાદશીનું વ્રત કર્યું પરંતુ મેં તે વ્રત શ્રધ્ધા વગર કર્યું હતું. તેથી આ નગર અસ્થિર છે હવે તમો મુકુન્દની પુત્રી ચંદ્રભાગાને આ વાત જઈને કહો એટલે આ નગર સ્થિર થશે. તે સાંભળી સોમ શર્મા પોતાના નગરમાં આવ્યો અને ચંદ્રભાગાને સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું ત્યારે ચંદ્રભાગા કહે જે, આ વૃત્તાંત તમોએ પ્રત્યક્ષ જોયું છે કે સ્વપ્નામાં જોયું છે ત્યારે સોમ શર્મા કહે છે જે, એ વૃત્તાંતને મેં પ્રત્યક્ષ જોયેલું છે અને તે દેવનગર અસ્થિર છે તેને સ્થિર કરવાનો ઉપાય કરવાનું તને કહ્યું છે ત્યારે ચંદ્રભાગા બોલી હે વિપ્ર એ નગર તથા મારા પતિના દર્શનની ઈચ્છાવાળી એવી મને તમો ત્યાં લઈ જાઓ અને ત્યાં જઈ મારા વ્રતના પ્રભાવથી એ નગર સુસ્થિર કરીશ પરંતુ પ્રથમ અમારા બંનેનો મિલાપ થાય એવું કરો. વિયોગીનું મિલન કરાવવાથી મહત પુન્ય થાય છે, તે વચન સાંભળીને સોમ શર્મા ચંદ્રભાગાને મંદરાચલના સમીપે આવેલા વામદેવ ઋષિના આશ્રમમાં લઈ ગયો અને તેને સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું ત્યારે વામદેવે વેદમંત્રોના ઉપચારપૂર્વક ચંદ્રભાગાને અભિષેક કર્યો એટલે ઋષિના મંત્રોના પ્રભાવથી અને એકાદશી વ્રતના પ્રભાવથી

ચંદ્રભાગા દિવ્ય દેહવાળી થઇ ગઇ અને દિવ્યગતિને પામી અને અતિ પ્રસન્ન થઈને પોતાના પતિના સાન્નિધ્યમાં ગઇ. પોતાની પત્નીને પોતાની સમીપે આવેલી જોઈને શોભન અતિ પ્રસન્ન થયો અને તેને સન્માનપૂર્વક પોતાના ડાબે પડખે બેસાડી ત્યારે ચંદ્રભાગા પોતાના પતિદેવને હાથ જોડીને કહેવા લાગી કે હે નાથ કલ્યાણકાર વચન કહું છું. તેને સાંભળો. હું મારા પિતાને ઘેર આઠ વર્ષની હતી ત્યારથી શ્રધ્ધા તેણે સહિત વિધિપૂર્વક એકાદશીનું વ્રત કરું છું. તેના પ્રભાવથી આ નગર પ્રલયકાળ પર્યંત સુસ્થિર અને સમૃધ્ધિયુક્ત થશે. હે રાજા આમ એ ચંદ્રભાગા દિવ્ય રૂપ ધારણ કરીને દિવ્યાંબરોથી અલંકૃત થઈને દિવ્ય દેહને પામેલા પોતાના પતિ શોભન સાથે તે મંદરાચલમાં દિવ્ય ભોગોને ભોગવવા માંડી. હે રાજન આવી રીતે રમા એકાદશીનું અપાર મહાત્મ્ય છે અને તેજ વ્રત જો ભગવાનની પ્રસન્નતા માટે કરેલું હોય તો તે ભગવાનના ધામને અવશ્ય પામે છે અને કેવળ તેની કથાનું પઠન શ્રવણ કરે છે તો તે પણ મુક્તિ અને ભુક્તિને પામે છે, એમાં કોઈ સંશય નથી માટે તે વૃંત તો અવશ્ય કરવું જોઈએ. ॥ ૨૪ ॥

# કાર્તિક શુક્લ પ્રબોધિની એકાદશીની વ્રત કથા–૨૫

## એને ભીષ્મક પંચક વ્રત પણ કહે છે

શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે છે કે કાર્તિક માસની શુક્લ પક્ષની એકાદશી પ્રબોધિની નામે છે, તેના અધિષ્ઠાતા દેવ ભગવાન દામોદર છે, તેની પૂજા તેની પ્રિય પત્ની રાધાજીની સાથે કમળનાં પુષ્પોથી કરવી. નૈવેદ્યમાં મગ દળના લાડુ આપે અર્ઘ્યમાં પબડી

આપે અને દાનમાં ગાદલા એ સહિત ખાટલો આપે આવી રીતે પૂજન અને જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ પૃથ્વી ઉપર રહેલા સર્વે તીર્થો કરવાથી જે ફળ પ્રાપ્ત થાય ? તેથી પણ અનંત ઘણા ફળને પામે છે. તે વિશે એક પુરાતની કથા કહું છું તે સાંભળો.

બ્રહ્માજી કહે છે હે નારદ હવે તમોને કાર્તિક શુક્લ એકાદશીનું મહાઉત્તમ વ્રત કહું છું. જે વ્રત પૂર્વે શ્રીકૃષ્ણે ભીષ્મ પિતામહને કહ્યું હતું કે તે વ્રત એકાદશીથી પૂનમ સુધી એમ પાંચ દિવસ કરવાનું હોવાથી એને ભીષ્મ પંચક વ્રત કહેવાય છે. આ વ્રત મહા પુન્યકારક અને પંચમહાપાપોનો પણ નાશ કરનારું છે. કાર્તિક સુદ એકાદશીને દિવસે પ્રાતઃકાળમાં વિધિપૂર્વક સ્નાન કરીને પાંચ દિવસના આ વ્રતનો પ્રારંભ કરવો બાણની શય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહ સર્વ રાજધર્મો દાન ધર્મો અને મોક્ષ ધર્મોનો ઉપદેશ કરે છે તે સર્વ ધર્મો શ્રીકૃષ્ણ તેમજ પાંડવોએ સાંભળ્યા હતા એટલે પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણે કહ્યું કે હે ભીષ્મ ધન્ય છે તમોને કે જે આપ સર્વેને ધર્મો સંભળાવ્યા. વળી કાર્તિક શુક્લ એકાદશીને દિને તમે જળ માગ્યું એટલે અર્જુને બાણ મારીને પૃથ્વીમાંથી ગંગાજળ લાવીને તમોને પાન કરાવ્યું. આપના શરીરમાં શાંતિ થઈ ગઈ. એટલા માટે જ આજ દિવસથી આરંભીને સર્વે જનો તમોને પ્રસન્ન કરવા માટે અને મને પણ પ્રસન્ન કરવા માટે પાંચ દિવસનું ભીષ્મક વ્રત કરશે અને જે મનુષ્ય આ વ્રતને નહિ કરે તેના સર્વ વ્રતો નિષ્ફળ થશે. કોઈ અશક્ત અને અસમર્થ હોય અને બીજા વ્રતો ન કરી શકે તો પણ જો આ વ્રતને કરે છે તો તે પણ સર્વ વ્રતોના ફળને પામે છે. અષાઢ શુક્લ એકાદશીએ ભગવાન શંખ્રાસુરને મારીને ક્ષીરસાગરમાં પોઢી જાય છે અને ભાદરવા શુક્લ એકાદશીએ

પરિવર્તન કરે છે અને કાર્તિક શુક્લ એકાદશીને દિને જાગ્રત થાય છે માટે સર્વ જનોએ પ્રબોધની એકાદશીને દિવસે ભગવાનને જગાડવા. ત્યાર પછી ભગવાનની વિધિપૂર્વક પૂજા કરવી તે દિવસે ઉપવાસ કરે છે તે મેરૂ અથવા મંદરાચલના સમાન પાપને પણ બાળીને ભસ્મ કરી નાખે છે જે મનુષ્ય ભગવાનના પૂજન જાગરણ તેણે સહિત ઉપવાસ કરે છે તે ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળના દશ હજાર કુળને તારીને વૈકુંઠ ધામમાં લઈ જાય છે અને તેના પિતૃઓ આનંદથી વૈકુંઠ લોકમાં નિવાસ કરે છે અને તેમના પૂર્વજન્મનાં પાપોના ઉદભવેલા નરકનાં દુઃખો તે પણ નષ્ટ થઈ જાય છે તે દિવસે કેવળ જાગરણ કરે છે તે પણ બ્રહ્મ હત્યાદિક ઘોર પાપોમાંથી મુક્તિને પામે છે અને જે મનુષ્ય ઉપવાસ કરે છે તેને ફરીને ગર્ભવાસમાં જવું પડતું નથી. વળી તે દિવસે ભગવાનનું વિધિપૂર્વક પૂજન કરવાથી આ પૃથ્વી ઉપર રહેલાં સર્વ તીર્થો કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેથી પણ કરોડ ઘણું અધિક ફળ પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણ કહે છે કે હે રાજન આ પ્રમાણે જે મનુષ્ય વ્રત કરે છે તેને અનંત પ્રકારના ફળ પ્રાપ્ત થાય છે અને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે એમાં સંશય નથી. આ કથાના પઠન શ્રવણથી પણ કરોડો ગૌદાનના ફળને પામે છે માટે અષાઢ માસની એકાદશીથી કરીને કાર્તિક શુક્લ એકાદશી પર્યંત ચાતુર્માસનું વ્રત અવશ્ય કરવું. તે ન થઈ શકે તો ત્રણ એકાદશીનું વ્રત કરવું અને તે પણ જો ન થઈ શકે તો પ્રબોધિની એકાદશીનું વ્રત તો અવશ્ય કરવું જ જોઈએ. ॥ ૨૫ ॥

# કાર્તિક વદિ ઉત્પત્તિ એકાદશીની વ્રત કથા તથા – ૨૫

# અધિક શુકલ એકાદશી પદ્મિનીની વ્રત કથા–૨૬

શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે કાર્તિક માસના કૃષ્ણ પક્ષની એકાદશી અભિદ્યા નામે છે તેને ઉત્પત્તિ એવે નામે પણ કહેવાય છે, તેના અભિષ્ઠાતા દેવ ભગવાન શ્રીકૃષ્ણ છે, તેનું પૂજન પ્રિય પત્ની સુલક્ષણાની સાથે તલના પુષ્પોથી કરવું. નૈવેદ્યમાં ગોડને ભાત (બીરંજ) આપે અર્ધ્યમાં નાળિયેર અને દાનમાં બળદ આપે, આવી રીતે પૂજન જાગરણની સાથે વ્રત કરનાર પુરુષ પ્રબોધિની એકાદશી વ્રત કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે ? તે જ ફળને પામે છે એમાં સંશય નથી.

શ્રીકૃષ્ણ ભગવાન કહે છે હે યુધિષ્ઠિર હવે હું તમને અધિક શુક્લ એકાદશીની વ્રત કથા કહું છું. તે એકાદશીનું પદ્મિની નામ છે એ દિવસે ઉપવાસી રહીને વિધિપૂર્વક વ્રત કરવામાં આવે તો તેનો વૈકુંઠ ધામમાં જ નિવાસ થાય છે. તે એકાદશી મહાપુન્યમયી છે. મહાપાપોને હરનારી છે. તેના સર્વ પુણ્યના મહિમાનું વર્ણન કરવામાં બ્રહ્મા પણ સમર્થ થતા નથી માટે દશમીને દિવસે વિધિ સહિત વ્રતનો આરંભ કરવો તે દિવસે હવિષ્યાન જમવું. લવણાદિક ખારી વસ્તુ કોઈપણ ખાવી નહિ. ભૂમિ ઉપર શયન કરવું અને બ્રહ્મચર્યનું પાલન કરવું. એકાદશીને દિવસે ઉઠી પોતાનો નિત્ય વિધિ સહિત વ્રતનો આરંભ કરવો કોઈ તીર્થ કે જલાશયમાં જઈ વિધિપૂર્વક સ્નાન કરવું. ત્યારપછી વિધિપૂર્વક ભગવાનનું મહાપૂજન કરવું તે દિવસે કોઈ અપવિત્રનો સ્પર્શ કે ભરણ પોષણ કે અસત્ય

બોલવું નહિ તે એકાદશી નિર્જલા કરવી અથવા દૂધપાન કરીને પણ કરવી. રાત્રે ભગવાનના ભજન કીર્તન સાથે જાગરણ કરવું. બારસને દિવસે સવારમાં તીર્થ કે જલાશયમાં વિધિપૂર્વક સ્નાન કરી ઘેર આવીને વિધિપૂર્વક ભગવાનનું પૂજન કરવું. બ્રહ્મભોજન કરાવવું. બ્રાહ્મણોની પૂજા કરવી અને પોતાની શક્તિ પ્રમાણે દાન આપવું. આ પ્રમાણે જે મનુષ્ય પદ્મિની એકાદશીનું વ્રત કરે છે તેનો જન્મ સફળ થાય છે અને અંતે મોક્ષને પામે છે અને તેને સર્વ વ્રતોનું ફળ મળે છે. એ વિષે અહીં એક પુરાતનની ઈતિહાસ કહુ છું. પૂર્વે ત્રેતા યુગમાં એક માહિસ્મતી નગરીનો કૃતવીર્ય નામનો રાજા હતો. તેને રૂપવાન હજાર સ્ત્રીઓ હતી તો પણ તેને રાજ્યની ધુરાને સંભાળનારો પુત્ર નહતો એટલા માટે એને અનેક યજ્ઞો, દાનો, સત્કર્મો કર્યા તો પણ કોઈ રાણીથી પુત્ર ન થયો તેથી તે અત્યંત ઉદાસીન રહેતો હતો. પછી તેણે સર્વ સાધનોથી કરતા પણ તપથી ઈશ્વર અવશ્ય પ્રસન્ન થાય છે એમ જાણીને પોતાનું સર્વ રાજ્ય મંત્રીઓને સોંપીને ગંધમાદન પર્વત પર તપ કરવા ગયો તેની પાછળ પોતાની સર્વ રાણીઓમાંથી રાજા હરિશ્ચંદ્રની પુત્રી પદ્મિની પતિવ્રત પરાયણ હોવાથી પતિની સાથે તપ કરવા માટે ગઈ તે પોતાના પતિને દશ હજાર વર્ષ પર્યંત તપ અને પ્રભુનું ધ્યાન કરવાથી હાડપિંજર જેવો જોઈને ત્યાં થોડે દૂર રહેલા અતિ પતિવ્રતા અનસુયાને સમીપે જઈને પગે લાગીને પ્રાર્થના કરવા માંડી ત્યારે અનસુયાએ પૂછ્યું કે હું તારા ઉપર પ્રસન્ન થઈ છું. માટે કહે કઈ ઈચ્છાથી તું પ્રાર્થના કરે છે ત્યારે પદ્મિનીએ કહ્યું કે મારા પતિદેવને રાજ્ય સંભાળે એવો પુત્ર નથી અને તેને માટે તપ કરે છે તેને આજે દસ હજાર વર્ષો થઈ ગયા છે તો પુત્ર થાય તેવો ઉપાય બતાવો,

ત્યારે અનસુયાએ કહ્યું કે આવતા અધિક મહિનાની પદ્મિની એકાદશીનું તમો બંને જણાં વ્રત અને ભગવાનનું પૂજન અને જાગરણ કરો તો તમોને ભગવાન અવશ્ય પુત્ર આપશે એમ કહીને સર્વ વિધિ કહ્યો ત્યાર પછી તે પદ્મિનીએ તો એકાદશીને દિવસે વ્રત કર્યું. દશમીને દિવસે તેનો નિયમ લઈને એકાદશીને દિવસે સવારમાં સ્નાનાદિક નિત્ય વિધિ કરીને ભગવાનનું વિધિ પ્રમાણે પૂજન કર્યું તે દિવસે નિર્જલા ઉપવાસ કર્યો. બારસને દિવસે નિત્ય કર્મ કરી પૂજન વગેરે કરીને ભગવાનની સ્તુતિ કરવા લાગી તેટલાકમાં ભગવાને પોતાના દિવ્ય દર્શન આપીને કહ્યું કે શા માટે તમોએ આટલું તપ અને એકાદશીનું વ્રત કરેલું છે. કહો ત્યારે તેણે કહ્યું કે હે ભગવાન આપ જો મારા ઉપર અને મારા પતિદેવ ઉપર પ્રસન્ન થયા હો તો આપ સિવાય કોઈ દેવ કે ઈશ્વર કે દૈત્ય મનુષ્ય આદિક કોઈથી પરાભવ ન પામે તેવો પુત્ર આપો ત્યારે ભગવાને કહ્યું તથાસ્તુ. તેવો પુત્ર તમોને થશે એમ કહીને પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા ત્યાર પછી તે રાજા અને રાણીએ તપની સમાપ્તિ કરી ઘેર આવ્યાં. દસ માસે અતિ બળવાન પુત્ર થયો. તે મોટો થતા પોતાનું રાજ્ય તેને સોંપીને રાજા કૃતવીર્ય વનમાં તપ કરવા ગયો અને પુત્ર કાર્તવીર્ય રાજ્યનું પાલન કરવા લાગ્યો કે જેણે દશ મસ્તકવાળા રાવણને પણ જીતી લીધો હતો અને તેને હરાવ્યો હતો. એનું કારણ ભગવાને પોતે જ પુત્ર આપ્યો હતો. એટલે રાવણને હરાવે એમાં શું આશ્ચર્ય કહેવાય પછી તેને તે ભગવાન પરશુરામે માર્યો હતો. આવું ઉત્તમ પદ્મિની એકાદશીનું વ્રત છે માટે જે, એ વ્રતને કરે છે તો તે દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે એમાં કોઈ સંશય નથી. ॥ ૨૭ ॥

# અધિક માસની કૃષ્ણા પરમા એકાદશીની વ્રત કથા-૨૮

શ્રીકૃષ્ણ પ્રભુ કહે છે હે રાજન હવે હું આપને અધિક માસના કૃષ્ણ પક્ષની પરમા એકાદશીની વ્રત કથા કહું છું. પૂર્વે એક નગરમાં સુમેધા નામનો પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. એને પવિત્રા નામની પતિવ્રતા પરાયણ પત્ની હતી એ વિપ્ર પૂર્વના કોઈ દોષથી ધન ધાન્યથી રહિત હોવાથી અતિ દરિદ્ર હતો તે અનેક મનુષ્યો પાસે યાચના કરતો, પરંતુ એને સંતોષકારક અન્ન કે વસ્ત્ર મળતું નહતું, તેની પત્ની ધીરજ રાખીને ઘરનો વ્યવહાર ચલાવતી અને પતિની સેવા કરતી કોઈ અતિથિઓ પોતાને ઘેર આવે તો પોતે ભૂખી રહીને પણ તેનો સત્કાર કરતી. ઘરમાં અન્ન કે વસ્ત્ર નથી એમ કોઈ દિવસ પોતાના પતિને કહેતી નહતી. દિન પ્રતિદિન પોતાના શરીરને ક્ષીણ કરતી હતી. આવી રીતે અતિ કૃષ પોતાની પત્નીને જોઈને એ વિપ્ર પત્નીને કહેવા લાગ્યો કે, પ્રિયે મને ધન કે અન્ન કાંઈપણ પ્રાપ્ત થતું નથી. હું મોટા મોટા ધનિકો પાસેથી યાચના તો કરું છું. પરંતુ કોઈપણ મને આપતા નથી, તો હવે હું શું કરું અને કિયાં જાઉં ? ધન વિના ઘરનો વ્યવહાર શી રીતે ચલાવી શકાય માટે જો તું સંમત થતી હોતો ધનની પ્રાપ્તિ માટે હું ક્યાંક પરદેશમાં જાઉં. મળવાનું તો ભાગ્યમાં હોય એટલું જ મળે છે, તો પણ પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ તો કરવો જ જોઈએ કારણ કે વિદ્વાનો હંમેશા ઉદ્યમની પ્રશંસા કરે છે. પોતાના પતિના આવા વચનો સાંભળીને પોતાના આંખોમાં અશ્રુ લાવીને હાથ જોડીને વિનયથી પોતાના પતિને કહેવા લાગી કે હે પતિદેવ આપના જેવો કોઈ વિદ્વાન સમજુ અને વિવેકી કોઈ નથી છતાં આપની આજ્ઞા

હોય તો હું આપને કહું છું કે, હે પતિદેવ, હિતેચ્છુ મનુષ્યે સારું કે નરસુ જે પોતાને સુઝે તે કહેવું જોઈએ કે આ પૃથ્વીમાં ગમે ત્યાં જાઓ તો પણ જેટલું ભાગ્યમાં હોય એટલું જ મળે છે, વધારે મળતું નથી વળી વિદ્વાનો કહે છે કે પૂર્વે જેટલું ધન ધાન્ય વિદ્યા વસ્ત્ર આદિક બીજાને આપ્યું હોય તેટલું જ મળે છે. આપ પૂર્વે જન્મમાં કેઈને કાંઈ આપ્યું નથી તેથી આપને નથી મળ્તું. જો આપને પરદેશમાં જવા મરજી હોય તો પણ પ્રારબ્ધમાં હશે તો જ મળશે અને જો પ્રારબ્ધમાં હોય તો તો પ્રભુ અહીં ઘેર બેઠા પણ આપે પ્રભુ દયાળુ છે તો પણ પૂર્વે જેટલું દાન પુન્ય કર્યું હોય તેટલું જ આપે છે માટે હું આપને વિનંતી કરી કહું છું. આપ જાશો તો મારા દિવસો શી રીતે વ્યતીત થશે કારણ કે પતિ વગરની સ્ત્રીને કોઈપણ સુખ હોતું નથી માટે મારા ઉપર કૃપા કરીને આપ અહીં જ રહો અને અહીં આપણે ઉદ્યમ કરીએ. જો ભાગ્યમાં હશે તો પ્રભુ અહીં જ આપશે. જો ભાગ્ય નહિ હોય તો ગમે ત્યાં જાશો પણ ભગવાન તમને આપશે નહિ માટે મારા સુખની ખાતર પણ આપ અહીં જ રહો. આવી રીતના પત્નીના હિતકર વચન સાંભળીને તે વિપ્ર ત્યાં જ રહ્યો એમ કરતા એક દિવસે દૈવ ઈચ્છાએ તેના ઘર પ્રત્યે કોઈ કૌડિન્ય મુનિ આવ્યા. તેને જોઈને પત્ની સહિત સુમેઘા એ ઉભા થઈ સામા જઈ તેનો યોગ્ય રીતે સત્કાર કરીને પોતાને ઘેર લાવીને પાદ્ય અર્ધ્ય આપી પૂજન કરીને યોગ્ય રીતે ભોજન કરાવી બે હસ્ત જોડી આગળ ઊભાં રહ્યાં ત્યારે તે મુનિએ કહ્યું કે તમારા ઉપર તમારી સેવાથી પ્રસન્ન થયો છું તો આપને જે ઈચ્છા હોય તે યાચના કરો, ત્યારે પવિત્રાએ કહ્યું કે અમો પૂર્વના કોઈ દોષથી ધન ધાન્ય વિના અતિ દુઃખી છીએ. એટલા માટે મારા પતિ દેવ તો પરદેશ

જવા વિચારતા હતા, પરંતુ મેં તેને વિનંતી કરીને રોકી રાખ્યા છે માટે અમારા ઉપર પ્રસન્ન થઈને એવા રૂડા આશીર્વાદ આપો કે જેણે કરીને અમો અન્ન વસ્ત્રે સુખી થઈએ અને એવું કોઈ વ્રત કે તપ કે કોઈનું પૂજન કે જપ કહો કે જેથી અમારું દારિદ્રય નાશ પામે આવિરીતના સુશીલાના વચન સાંભળીને તે મુનિએ પોતાના હૃદયમાં ભગવાનનું ધ્યાન ધરીને કહ્યું કે અધિક માસના કૃષ્ણ પક્ષની જે પરમા એકાદશીનું વ્રત છે તે વ્રત સર્વ દુઃખમાત્રને હરનારું છે અને અપાર સુખકારક છે અને જો તે જ વ્રત ભગવાનના સંબંધથી કરવામાં આવે તો તે દેહને અંતે મુક્તિ આપે છે અને આ લોકમાં ભક્તિ આપે છે અને તે દિવસે ઉપવાસ ભગવાનનું પૂજન અને રાત્રે જાગરણ કીર્તન તથા કથા વારતા વગેરે કરે છે તો તે આ લોક પરલોકમાં અપાર સુખ ભોગવે છે માટે તમો એ વ્રતને કરો. પૂર્વે કુબેરે એ જ વ્રત કરેલું છે. તેને કરીને પ્રસન્ન થયેલા શંકરે તેને સર્વે ખજાનાનો અધિપતિ કર્યો છે. તેમજ રાજા હરિશચંદ્ર પણ તેજ પરમા એકાદશીનું વ્રત કરવાથી વેચાઈ ગયેલા પોતાની રાણી અને પુત્રને પામ્યો અને ગયેલા પોતાના રાજ્યને ફરીવાર પામ્યો. માટે તમો પણ વિધિપૂર્વક એ વ્રત કરો અને યથાવિધિ જાગરણ કરો અને તેજ પ્રમાણે પંચરાત્રિ વ્રતનો પણ વિધિ કહ્યો છે જેના અનુષ્ઠાનથી ભક્તિ અને મુક્તિ પ્રાપ્ત થાય છે માટે તમો પણ તે વ્રતને કરો તો તમો પણ અવશ્ય ધન ધાન્યની સમૃદ્ધિને પામશો અને અંતે સ્વર્ગને પામશો. આવી રીતે મુનિવરે કહ્યું તે જ પ્રમાણે પોતાના પતિની સાથે અધિક માસમાં સ્નાન કરીને એ વ્રત કર્યું, જ્યારે પંચરાત્રિ વ્રત પૂરું થયું. તેટલાકમાં ત્યાં એક દૈવ ઈચ્છાએ રાજકુમાર આવ્યો અનેવિવિધ સામગ્રીથી ભરપુર એક ભવ્ય ભુવન એ દંપતિને રહેવા આપ્યું અને તેને જીવનનિર્વાહ માટે એક સારું ગામ આપ્યું. અધિક

માસની કૃષ્ણ પક્ષની પરમા એકાદશીના દિવસે ઉપવાસ કરવાથી અને પંચરાત્રિ વ્રતના પ્રભાવથી એ બ્રાહ્મણ આલોકમાં વિવિધ ભોગો ભોગવી અંતે પોતાની પત્ની સહિત સ્વર્ગમાં ગયો જે આ પંચરાત્ર વ્રતને કરે છે તેને પુષ્કરાદી તીર્થોમાં અને ગંગા આદિક તીર્થોમાં સ્નાન કરેલું કહેવાય છે. અનંત ગોદાન અનંત શ્રાધ્ધનું પુન્ય થાય છે. સર્વ માસોમાં જેમ અધિક માસ શ્રેષ્ઠ છે તેમજ અધિક માસમાં પંચરાત્ર વ્રત શ્રેષ્ઠ છે અને પંચમહાપાપોને પણ નાશને કરનારું છે. પંચરાત્રી વ્રતમાં પણ પરમા એકાદશી સર્વથી શ્રેષ્ઠ છે જે સર્વ પાપોને નાશને કરનારી છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે હે રાજન આવી રીતે પરમા એકાદશીનું વ્રત મેં તમોને કહ્યું તે જ વ્રતને જો ભગવાનની પ્રસન્નતાર્થે કરવામાં આવે તો દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે માટે આવું ઉત્તમ વ્રત સર્વજનોએ અવશ્ય કરવું.

આવી રીતે દરેક એકાદશીઓનું વ્રત સર્વે ભક્તજનોએ ઉપર કહેલા ઉપચારોથી વિધિ પ્રમાણે અવશ્ય કરવું અને એ ઉપર કહેલા દરેક ઉપચારો ન મળે તો દેશકાળને અનુસારે ચંદન, તુલસી અને ગુલાબ, હજારી, ચંપો આદિક પુષ્પોથી જાગરણની સાથે અવશ્ય કરવું અને નૈવેદ્યમાં સાકર, ગોડ, કાજુ, બદામ આદીક જે હોય તે આપવું અને દાનમાં અન્ન, વસ્ત્ર, જલ, પાત્ર, જે કાંઈ પણ પદાર્થ પોતાની શક્તિ પ્રમાણે આપવું. આ પ્રમાણે જે મનુષ્ય એકાદશીનું વ્રત અતિ શ્રધ્ધાથી કરે છે, તે મનુષ્ય આલોકમાં ધન, ધાન્ય, વસ્ત્રો અને શરીરે નિરોગીતાને પામે છે અને દેહને અંતે આત્યંતિક મોક્ષને અવશ્ય પામે છે, એમાં લેશમાત્ર સંશય નથી. ॥ ૨૮ ॥

# ભાદરવા સુદી બારસ–૨૯

ભાદરવા શુદી બારસને દિવસે જો શ્રવણ નક્ષત્રનો યોગ ન હોય તો જ પારણું કરવું. એકાદશીને દિવસે ઉપવાસ કરીને બારસને દિવસે શ્રવણ નક્ષત્રમાં પારણું કરે છે તો એકાદશી સર્વનું પુન્ય નાશ પામે છે એવું સ્કંદ પુરાણનું વચન છે અને જો શ્રવણ વૃધ્ધિ પામતું હોય તો બારસમાં જ પારણું કરી લેવું કારણ કે બારસના ઉલ્લંઘનમાં દોષ છે.

અને જો શ્રવણના યોગનો પરીહાર ન થાય તો શ્રવણના ત્રણ ભાગ કરીને વચલી વીશ ઘડીને ત્યાગ કરીને પારણું કરવું. કારણ કે શ્રવણ નક્ષત્રના ચાર વિભાગ કરીને વચલા બે ભાગનો ત્યાગ કરીને પારણું કરવું.

અને જો એકાદશીને દિવસે જ બારસ અને શ્રવણ નક્ષત્રનો યોગ હોય તો એ દિવસે ઉપવાસ કરવો કારણ કે એકાદશીને દિવસે બારસ અને શ્રવણના યોગથી વિષ્ણુ શ્રૃંખલયોગ થાય છે.

જો શ્રવણના યોગવાળી બારસ એકાદશીનો સ્પર્શ કરે તો એ વિષ્ણુ શ્રખલયોગ થાય છે. વિષ્ણુ ધર્મોતરમાં કહ્યું છે કે એકાદશીને દિવસે બારસ અને શ્રવણનો યોગ હોય તો તે વિષ્ણુ શ્રંખલ યોગ કહેવાય છે.

અને શ્રવણ નક્ષત્ર જો એકાદશી અને બારસનો સ્પર્શ કરે તો પણ અતિ ઉત્તમ યોગ કહેવાય છે.

બંને દિવસે શ્રવણ અને બારસનો યોગ હોય તો પ્રથમ દિવસે ઉપવાસ કરવો.

અને એકાદશીને દિવસે શ્રવણ નક્ષત્રનો યોગ ન હોય પરંતુ

તે દિવસે જો શ્રવણના સ્પર્શવાળી બારસનો યોગ હોય તો પણ તે વિષ્ણુ શ્રૃંખલ યોગ કહેવાય છે.

જો શ્રવણ બારસને દિવસે બુધવાર હોય તો તે અતિ ઉત્તમ યોગ કહેવાય છે.

શ્રવણ નક્ષત્રના યોગવાળી બારસને દિવસે ઉપવાસ કરવો અને તેરસને દિવસે પારણું કરવું.

એકાદશી દશમના વેધવાળીનો નિષેધ છે તો પણ જો દશમના વેધવાળી એકાદશી શ્રવણના યોગવાળી હોય તે ઉત્તમ કહેવાય છે.

જો બારસ વૃદ્ધિ પામતી હોય અને શ્રવણ નક્ષત્ર થોડું હોય તો શ્રવણ ઉતર્યા પછી બારસમાં જ પારણું કરવું.

જો નક્ષત્ર વૃદ્ધિ પામતું હોય તો તેરસને દિવસે પારણું કરવું એમાં કોઈ દોષ નથી.

અને બે ઉપવાસ કરવામાં જે અશક્ત હોય તેણે એકાદશીને દિવસે ગૌણ ઉપવાસ કરવો અને બારસને દિવસે મુખ્ય ઉપવાસ કરવો. ॥ ૨૯ ॥

# શ્રવણ બારસની વ્રત કથા–૩૦

શ્રીકૃષ્ણે કહ્યું કે હે રાજન શ્રવણ બારસના સંબંધમાં એક પૂર્વની કથા કહું છું. પશ્ચિમ દેશમાં એક મારવાડ (મરૂદેશ) છે તે સર્વ પ્રાણીઓ માટે અતિ ભયંકર છે તેની ભૂમિ અતિશય તપેલી રેતીથી વ્યાપ્ત રહે છે. એમાં મોટા મોટા કાળા સર્પો બહુ રહે છે. તેમાં સારી છાયા વાળાં મોટા વૃક્ષો હોતા નથી. કોઈક વૃક્ષ હોય તો પણ કાંટાળા વૃક્ષો હોય છે છતાં પણ પોતાના કર્મના યોગે કરીને

સર્વ જીવો જીવન ધારણ કરે છે. એ દેશમાં જળ હોતું નથી, નાના પથ્થરો પણ હોતા નથી. વરસાદ પણ ક્યારેક થોડો થોડો પડે છે. એ દેશમાં કેટલાક પશુ-પક્ષીઓ અને તેના બચ્ચાઓ તૃષાથી પીડાઈને મરણ પામેલા નજરે પડે છે. આવા ભયંકર દેશમાં એક હરી દત નામનો વણિક રહેતો હતો તે વણિક વ્યાપારથી પોતાની જીવિકા ચલાવતો હતો એ કોઈ સમયે પોતાના મિત્રોની સાથે ફરવા નીકળેલો તે ફરતાં ફરતાં પોતાના મિત્રોથી છૂટો પડી ગયો અને ફરતો ફરતો મરૂદેશના ભયંકર અરણ્યમાં પ્રવેશ્યો તેમાં એણે રૂધિર માંસથી રહિત ઘણાંક પશુઓને જોયા અને પોતે પણ ભૂખ તરસ અને થાકથી પિડીત તો હતો તેથી અતિશય દુઃખી થયો અને વિચારવા લાગ્યો કે હું આવા ભયંકર જંગલમાં  ક્યાંથી આવી ગયો ? હવે અહીં મારું શું થશે ? અને ક્યાં જઈશ? આમ વિચારતો હતો તેટલામાં એની નજરે કેટલાક પ્રેતો પડ્યા તેઓ ભૂખ તરસથી વ્યાકુળ હતા. તેના દેહો રૂધિર માંસથી રહિત હતા. કેવળ હાડપિંજર દેહો હતા. તેઓ આમ તેમ દોડતા હતા. એ પ્રેતોને જોઈ વણિક વિસ્મય પામ્યો અને ભય પામવા લાગ્યો તો પણ તેની સાથે સાથે ચાલવા માંડ્યો. ચાલતા ચાલતા એ સર્વ પ્રેતો એક ઘટાદાર વૃક્ષની શીતળ છાયામાં બેઠાં તેમાં ચારે બાજુથી પ્રેતોથી ઘેરાયેલો અને પ્રેતના ખભા ઉપર બેઠેલો વિકરાળ પ્રેત પોતાની નજીક આવતો જોયો. પ્રેતના ખભા ઉપરથી ઉતરી વણિકની પાસે આવ્યો. નમન કરીને કહેવા લાગ્યો કે હે વિદ્વાન આપ આ ભયંકર પ્રદેશમાં શી રીતે આવ્યા છો ? ત્યારે વણિક બોલ્યો હું મારા સાથીઓથી વિખૂટો પડી ગયો છું. હું અજાણ્યો છું. હું ભૂખતરસ અને થાકથી અતિશય પીડાઉં છું. મારા કંઠે પ્રાણ આવી ગયા છે, તેથી બોલી શકતો નથી.

એથી હું હવે કોઈ રીતે બચી શકું તેમ લાગતું નથી, ત્યારે વણિકના આવા દીન વચનો સાંભળીને પ્રેત કહેવા લાગ્યા કે તમો થોડી વાર આ વૃક્ષની નીચે બેસો. હું આપનું આતિથ્ય કરીશ પછી આપ સુખેથી વિદાય થજો. આવા પ્રેતના વચન સાંભળીને તે વણિક તે વૃક્ષની છાયામાં બેઠો પછી મધ્યાહ્‌ન સમયે તે વૃક્ષની ઉપરથી શીતળ જળથી ભરેલું એક માત્ર દૈવ ઈચ્છાથી નીચે ઉતરી આવ્યું. એની સાથે બીજું ભાતનું અને ત્રીજું દહીંનું પાત્ર ઉતરી આવ્યું. તેમાંથી પેલા પ્રેતે ભૂખ તરસથી પીડાતા વણિકને સર્વથી પ્રથમ આપ્યું ત્યારે તે વણિક જમીને તૃપ્ત થયો. ત્યારપછી તે પ્રેતે બીજા સર્વે પ્રેતોને થોડું થોડું આપ્યું. એટલે તેઓ સર્વે તુપ્ત થયા ત્યારપછી થોડું વધ્યું તે પ્રેતે પોતે ખાધું, એટલે બધું ખૂટી ગયું. તે જોઈને વણિકે પેલા પ્રેતને પૂછ્યું કે, આ ઘોર વનમાં દહીં ભાત અને જળ મળ્યું એમાં મુને અશ્ચર્ય થાય છે. એ તમોને કેવી રીતે મળે છે અને થોડું છતાં બધાને કેમ પૂર્ણ થાય છે અને મોટાં ઉંદર ભરાય છે અને આ અક્ષય પાત્ર ક્યાંથી આવે છે અને આપ સર્વે કોણ છો ? અને એક ગ્રાસ માત્રથી તમોને તૃપ્તિ શી રીતે થઈ. આવી રીતનાં વણિકનાં વચનો સાંભળીને પ્રેત બોલ્યો કે, મારું પૂર્વેનું વૃત્તાંત કહું છું. સાંભળો પૂર્વે હું એક વણિક હતો. સમર્થ હતો. ધનધાન્યથી સમૃધ્ધિવાળો હતો છતાં દુર્મતી અને નાસ્તિક હતો અને અત્યંત લોભી હતો. કોઈને પણ કાંઈ આપતો નહિ. તેમ કોઈને આપવા પણ દેતો નહિ. એક સમયે મારે ઘેર એક સંન્યાસી આવ્યો તે ભૂખ્યો હતો તરસ્યો પણ હતો. એણે યાચના કરી ત્યારે મારી પત્નીએ આપવા માંડ્યું પણ મેં આપવા દીધું નહિ. જળ પણ આપવા ન દીધું અને મેં પણ ન આપ્યું. મારી પડોશમાં એક ગુણવાન વિપ્ર રહેતો હતો તે હંમેશાં

દાન પુન્ય કરતો. તેની સાથે અમો બંને જણા શ્રવણ બારસને દિવસે ચંદ્ર ભાગા અને તાપી નદી પ્રત્યે ગયા તાપી સૂર્ય પુત્રી છે. ચંદ્રભાગા ચંદ્રની પુત્રી છે બંનેના સંગમમાં સ્નાન કરીને મારા પાડોશીએ બારસને દિવસે સ્નાન કરીને ઉપવાસ કર્યો. એ બ્રાહ્મણ વિદ્વાન હતો. સર્વે વ્રતોના રહસ્યને જાણતો હતો એટલે એણે નવી જલઝારી જલથી ભરેલી એક બ્રાહ્મણને દાનમાં આપી દહીં ભાતથી પૂર્ણ, પાત્ર, છત્ર, ઉપાનહ, વસ્ત્રોથી પૂજા કરીને ભગવાનની મૂર્તિ એ સર્વેનું દાન કર્યું તે જોઈને મેં પણ ઉપવાસી રહીને મારા દ્રવ્યની રક્ષા માટે તે સર્વે વસ્તુનું દાન કર્યું પછી ઘરે આવ્યો. અંતે મરણ પામ્યો. હું દુર્મતિ અને નાસ્તિક હતો તેથી પિશાચ થયો છું તે તમો એ નજરે જોયું કે હું આ ભયંકર છું અને હું આ ભયંકર વનમાં ભટકું છું અને શ્રવણ બારસે જે મેં દાન આપ્યું તે મને અત્યારે મધ્યાહ્ન સમયે મારી પાસે આવે છે. મેં તે દિવસે ઉપવાસ કર્યો હતો તેથી મને પૂર્વ જન્મનું સ્મરણ છે. આ સર્વે પ્રેતો છે એ સર્વેએ પૂર્વ જન્મમાં કોઈએ બ્રાહ્મણનું ધન લીધેલું છે, કેટલાક પરસ્ત્રીમાં આશક્ત હતા, કેટલાક ગુરૂ કે પોતાના સ્વામી કે મિત્રો કે માતા પિતાનો દ્રોહ કરેલો છે તે દોષે કરીને પ્રેત પણાને પામેલા છે. સર્વે ખાવા પીવા માટે જ મારા સેવક થઈને રહેલા છે. ભગવાનના સંબંધથી જે અપાયેલું હોય છે તે સર્વે અક્ષય થાય છે અને તેથી જ આ સર્વ પ્રેતો તૃપ્ત થાય છે તો પણ પ્રેતો છેએટલે હંમેશા દુર્બળ રહે છે. આજે આપ અમારા અતિથિ તરીકે આવ્યા છો એટલે તમોને જમાડીને તૃપ્ત કર્યા છે તેથી આ પ્રેત યોનિથી મુક્ત થઈને પરમગતિને પામીશ. પરંતુ આ સર્વે પ્રેતો મારા વિના દારૂણ વનમાં મહાન પીડાને ભોગવશે એટલે મહાનુભાવ, મારા પર અનુગ્રહ

કરીને આ સર્વે પ્રેતોના નામો ગોત્ર વગેરે પૂછી લ્યો પછી તમો હિમાલયમાં જજો ત્યાં તમોને ધનનો ખજાનો મળશે તેને લઈને તમો ગયાજીમાં જઈને સર્વેનું શ્રાધ્ધ કર્મ કરાવજો એટલે એ સર્વેની ઉત્તમ ગતિ થશે. આમ બોલતાની સાથે જ તે પ્રેતનું શરીર પડી ગયું અને સુવર્ણના જેવી કાંતિવાળું અલૌકિક શરીર થઈ ગયું અને દિવ્ય વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયો ત્યાર પછી તેણે સર્વેના નામો પૂછીને હિમાલયમાં ગયો. ત્યાં ધનનો અખૂટ ખજાનો મળ્યો તે લઈ ઘેર ગયો તેમાંથી કેટલુક ધન લઈ, ગયાજી ગયો ત્યાં એક વડના વૃક્ષ નીચે બેસીને એક એકનું નામ લઈને સર્વેના શ્રાધ્ધ કર્યાં ત્યારે તે સર્વેએ હે વિદ્વાન તમોએ અમારું મહાન કાર્ય કર્યું છે. તમોએ કરેલા શ્રાધ્ધ કર્મથી અમારી ઉત્તમ ગતિ થઈ છે. અમો સ્વર્ગમાં જઈએ છીએ આમ કહી સર્વે પ્રેતો સ્વર્ગમાં ગયા ત્યાર પછી તે વણિક પણ પોતાને ઘેર જઈને હંમેશાં વ્રતોને કરતો હતો અને શ્રવણ બારસને દિવસે વ્રત દાન વગેરે કરીને ભગવાનનું પૂજન વગેરે કરીને અંતે મોક્ષને પામી ગયો. બુધવારથી યુક્ત શ્રવણ બારસનું મહાત્મ્ય તો અપાર છે. માટે તે વ્રત તો અવશ્ય કરવું જોઈએ તે દિવસે ઉપવાસ કરવાથી આ લોક અને પરલોકમાં સર્વે સુખો પ્રાપ્ત થાય છે એમાં કોઈ સંશય નથી. ભાદરવા શુધ્ધિ બારસને દિવસે વામન જ્યંતિનું વ્રત હેમાદ્રિમાં તેમજ ભવિષ્યોતર પુરાણમાં વર્ણવેલું છે. શ્રીમદ્ ભાગવતમાં પણ શ્રવણ નક્ષત્રના યોગવાળી બારસને દિવસે વામન પ્રભુના પ્રાદુર્ભાવનો ઉલ્લેખ છે. ભવિષ્યોતર પુરાણમાં પણ શ્રવણના યોગવાળી બારસ ન હોય ત્યારે શ્રવણ નક્ષત્રના યોગવાળી એકાદશીને દિવસે વામન અવતારનો ઉલ્લેખ છે. આનું સ્પષ્ટીકરણ કરતાં કમલાકર ભટ

નિર્ણય સિન્ધુમાં કહે છે કે શ્રવણ નક્ષત્રના યોગવાળી બારસ ન હોય, ત્યારે શ્રવણના યોગવાળી એકાદશીને દિવસે વામન જયંતિનું વ્રત કરવું અને જ્યારે શ્રવણ નક્ષત્રના યોગવાળી એકાદશી હોય ત્યારે તે વિજયા એકાદશી કહેવાય છે. ॥ ૩૦ ॥

# સુરૂપા બારસ વ્રત કથા-૩૧

એક સમયે સતી પાર્વતી બોલ્યા હે શંભો, હે ભગવાન, મારા પર આપને સ્નેહ હોય તો કૃપા કરીને કયું વ્રત કરવાથી કે, કયા દેવની સેવા કરવાથી કુરૂપતા નષ્ટ થાય અને સારું રૂપ પ્રાપ્ત થાય તે આપ કૃપા કરીને કહો ત્યારે ભગવાન શંકર કહેવા લાગ્યા કે હે સતી સર્વ પાપોને હરનારુ અને સુંદર રૂપને દેનારું એવું અને સૌભાગ્યને વધારનારું અને પરિવારનો વિસ્તાર કરનારું અને સર્વ સુખને આપનારું એવું વ્રત કહું છું. તેને તમો સાંભળો પૂર્વે દ્વાપર યુગના અંતે દૈત્યોનો નાશ કરવા માટે આ પૃથ્વી પર વાસુદેવને ત્ત્યાં દેવકીજીથી વિષ્ણુ ભગવાન પ્રગટ થયા હતા તે ભીષ્મક રાજાની પુત્રી રૂકમણીને પરણ્યા હતા. એ રૂક્ષ્મિણી અત્યંત સ્વરૂપવાન અને અતિ ભાગ્યવાન હતાં અને પતિવ્રતા પરાયણ હતાં. એમના વિના પ્રભુ શ્રીકૃષ્ણને જરાપણ ચેન પડતું નહિ. તે રૂકમણી સાસુ સસરાની પણ ખૂબ સેવા કરી પ્રસન્ન કરતાં પરંતુ કોઈક દિવસે કોઈ દોષના કારણથી માતા દેવકી તેમના ઉપર કોપાયમાન થયાં તેને રૂક્મિણીએ પગે લાગીને બે હાથ જોડીને નમસ્કાર કરીને સાસુની માફી માગીને મનાવ્યા નહિ એટલે તેઓએ અત્યંત કોપાયમાન થઈને શ્રીકૃષ્ણને કહ્યું કે હે પુત્ર જો હું તારી સગી માતા હોઉં અને જો તને મારે વિશે અત્યંત ભક્તિ હોય અને મને રાજી કરવી હોય તો હું તને કહું તેમ કર. તે શું કે તું કોઈક કુરૂપ અને ગુણહીન સ્ત્રી સાથે તારો વિવાહ

કર. તું મારું આ વાક્યનું ઉત્થાપન કરતો નહિ અને અતિ રૂપના ગર્વવાળી આ અભાગણી રૂક્મિણી નો તું ત્યાગ કર એ મને આજે ન જોઈએ અને કાલે પણ ન જોઈએ માટે ત્યાગ કર ત્યારે શ્રીકૃષ્ણ કહે છે કે મા રૂક્મિણી નિષ્પાપ છે. તેને હું કેવી રીતે ત્યાગ કરું. જે પુરુષ પોતાની સુંદર સ્ત્રીનો ત્યાગ કરે છે તે પુરુષ અનંત જન્મ સુધી ક્યાંય પણ સુખને પામતો નથી અને અન્ય લોકો પણ એની નિંદા કરે છે એ બધું હું જાણું છું એટલે હે મા આપના વચનનું હું કેવી રીતે પાલન કરું ત્યારે દેવકીજી બોલ્યાં હે પુત્ર સર્વે દેવોમાં અને તીર્થોમાં માતા જ સર્વોત્તમ છે. આ લોકમાં એવો કોણ અધમ છે કે પોતાની માતાના વચનનો અનાદર કરે. આ જગતમાં સૌ કોઈ માતાની જ પૂજા કરે છે પણ સ્ત્રીની કોઈ કરતું નથી માટે સૌથી માતા જ પૂજ્ય છે પણ પત્ની નથી ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા હે મા તે ગમે તેમ હોય પણ તે રૂક્મિણીને હું તજીશ નહિ એ સાંભળી દેવકીજી તો ચુપ થઈ ગયાં ત્યારે પ્રભુને ઘણી ચિંતા થઈ અને વિચારવા લાગ્યા કે અવે માતાને સુખ કેમ થાય ? એટલામાં ત્યાં દૈવ ઈચ્છાએ નારદજી આવ્યા તેને જોઈને પ્રભુએ તેનો યોગ્ય રીતે સત્કાર કર્યો, પૂજા કરી, ભોજન વગેરે કરાવીને પ્રસન્ન કર્યા ત્યાર પછી શ્રીકૃષ્ણ પ્રભુને ખિન્ન વદને બેઠેલા જોઈને નારદજીએ પૂછ્યું કે તમો આમ ખિન્ન વદને યુક્ત કેમ છો ? એવું ઉદ્વેગનું કારણ શું છે ? માટે તમો ઉદ્વેગને છોડી દો ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા કે માતાએ મને આજ્ઞા કરી કે તું કુરૂપ કન્યાને પરણ અને રૂક્મિણીને ત્યજી દે તો એ કેમ બને અને માતાની આવી આજ્ઞાનું પાલન શી રીતે કરવું ? ત્યારે નારદજી કહેવા લાગ્યા. આ સંબંધમાં પૂર્વની એક ઘટના કહું છું સાંભળો. પૂર્વે એક સમયે ભગવાન અને લક્ષ્મીજી વૈકુંઠમાં

સુંદર બગીચામાં બેઠા હતાં ત્યાં અચાનક દુર્વાસા મુનિ આવી ચડ્યા. તેનું બિભત્સ રૂપ જોઈને અતિશય રૂપના ગર્વથી ગર્વિષ્ટ થઈને લક્ષ્મીજી હસવા લાગ્યાં, ત્યારે દુર્વાસાને અતિ ક્રોધ ચડ્યો અને શાપ આપતા કહેવા લાગ્યા કે તું અતિ રૂપના ગર્વથી મારા ઉપર હાસ્ય કરે છે, માટે તું પૃથ્વી પર જન્મ ધારણ કર અને અતિશય કુરૂપ (ખરાબ) રૂપવાળી થા તે સાંભળીને લક્ષ્મીજી પગે લાગી પ્રાર્થના કરવા લાગ્યાં કે હે મહારાજ મારો અપરાધ ક્ષમા કરો ત્યારે દુર્વાસા બોલ્યા કે મારો શાપ તો મિથ્યા નહિ થાય પણ તમારા પર એટલો અનુગ્રહ કરું છું કે તમોને ભગવાન પરણશે. આમ કહી તે તો ચાલ્યા ગયા તે શાપથી લક્ષ્મીજી પોતે સત્રાજીતને ત્યાં પ્રગટ થયાં છે તેનું નામ સત્યભામા છે તેનું સર્વે અંગ અતિ કુરૂપ છે તેને તમો પરણો કારણ કે માતાની આજ્ઞા તો અવશ્ય પાલન કરવી જ જોઈએ અને જે પુરુષ પોતાની માતાની આજ્ઞાનું પાલન કરતો નથી અને માતાને કોચવાવે છે તે અનંત જન્મ સુધી દુઃખ ભોગવે છે તેનું કલ્યાણ થતું નથી ત્યારે પ્રભુએ કહ્યું કે તે કુરૂપાનારીને હું શી રીતે જોઈશ ત્યારે નારદજી બોલ્યા કે તે રૂક્મિણીના પુન્યથી સુરૂપવાન અને સૌથી શ્રેષ્ઠ થશે માટે તમો પરણો કારણ કે માતાજીની આજ્ઞાનો લોપ કરવો એ ઠીક નહિ. એમ કહી નારદજી તો ચાલ્યા ગયા. ત્યાર પછી શ્રીકૃષ્ણે પોતાનાં માતા દેવકીને કહ્યું કે, હે માતાજી ! તમો વિવાહની તૈયારી કરો આપની આજ્ઞાથી હું પરણીશ. પછી સત્ય ભામાને પરણીને ઘેર લાવ્યા. માતાજીને કહ્યું કે હે માતાજી હું કુરૂપા નારીને આપની આજ્ઞાથી પરણીને લાવ્યો છું માટે મારા ઉપર હવે રાજી થાઓ અને મારો અપરાધ માફ કરો એમ કહીને તેણે સત્યભામાને એક ઘરમાં નિવાસ આપ્યો અને પોતે કોઈ કાર્યને

માટે બહાર ગયા ત્યારે માતાને મનમાં દુઃખ થયું કે મેં આ કાર્ય અયોગ્ય કર્યું છે. આ નવી કુરૂપાને હું શી રીતે જોઈ શકીશ એને હું ક્યાં સંતાડીશ ? લોકો મને શું કહેશે ? અને કોઈ મને પૂછશે તો હું જવાબ શું આપીશ ? એમ વિચારીને અતિ ઉદાસ થઈ ગયા. તે વાર પછી એક દિવસે રૂક્મિણી માતાજીની પાસે આવ્યાં અને બે હાથ જોડી પંચાગ પ્રણામ કરીને પગે લાગીને પ્રાર્થના કરી અને પગ દબાવવાની સેવા કરવા લાગ્યાં ત્યારે દેવકીજી પ્રસન્ન થયાં ત્યારે સાસુને પ્રસન્ન થયેલાં જોઈને રૂક્મિણી કહેવા લાગ્યાં કે, હે સાસુજી મારી નવી શોક્યને હું જોવાને ઈચ્છું છું. માટે મને બતાવોને ત્યારે દેવકીજી બોલ્યા કે હે વહુ જો તમારે દર્શન કરવાં હોય તો હું કહું તેમ કરો. તમોએ પૂર્વે સુરૂપા એકદશીનું વ્રત કરેલું છે. તેનું પુન્ય જો સત્યભામાને આપો તો જ દર્શન તમોને થશે. નહિ તો નહિ થાય ત્યારે રૂક્મિણીએ કહ્યું કે એ પુન્ય તો નહિ આપું કારણ કે વ્રતનું પુન્ય તો દેવોને પણ અત્યંત દુર્લભ છે તો તે પુન્ય હું કેમ કરીને એને આપું ત્યારે દેવકીજી બોલ્યાં બધું ન આપો તો અરધુ ચોથા ભાગનું પાંચમા ભાગનું કે છઠ્ઠા ભાગનું અથવા તો સોળમા ભાગનું અથવા તો એથી પણ ઓછું આપો પણ અવશ્ય આપો ત્યારે રૂક્મિણી બોલ્યા તે વ્રતનું પુન્ય તો એક તલવાર જેટલું પણ નહિ આપું. વળી આ તો મારી દુષ્ટ ભાવનાવાળી મારી શોક્ય છે એમ કહી રૂક્મિણી પોતાને ઘેર ગયાં અને કૃષ્ણને કહેવા લાગ્યાં કે જો મારા પર આપ પ્રસન્ન હો તો તમારી નવી પરણેલી પ્રિયતમાનાં મને દર્શન તો કરવો, ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા હે પ્રિયે એ વિરૂપ નેત્ર, મુખ શ્રવણવાળી વિરૂપાને હું તમોને અવશ્ય દેખાડીશ એમ કહીને પ્રભુ સત્યભામા પાસે ગયા અને કહેવા લાગ્યા કે હે સતી તમો

અતિ રૂપવાન રૂક્મિણી પાસે જાઓ અને બે હાથ જોડીને કહો કે હું તમારી સેવિકા છું. આપની દાસી છું માટે મને આપે કરેલું સુરૂપા દ્વાદશીના પુન્યમાંથી એક વ્રતના છઠ્ઠા ભાગનું પુન્ય મને આપો. આમ કહ્યું એટલે સત્યભામા રૂક્મિણી પાસેજઈને બારણા બંધ કરીને બે હાથ જોડીને પગે લાગીને બોલ્યાં કે હે ભીષ્મક પુત્રી તમારો જો મારા પર સ્નેહ હોય તો સુરૂપા બારસનું પુન્ય છે તેમાંથી વધારે નહિ તો એક તલની આહુતિ જેટલું અથવા તો તેનું પણ અર્ધું પુન્ય મને આપો અને મારા પર કૃપા કરો ત્યારે રૂક્મિણી બોલ્યાં તમોને સુરૂપા દ્વાદશીમાં આટલો બધો પ્રેમ છે તો હું તમને આહુતિ જેટલું પુન્ય આપું છું. તમો હવે દ્વાર ઉઘાડો એમ કહીને રૂક્મિણીએ સ્નાન કર્યું અને તલની એક આહુતિનું પુન્ય આપ્યું. એટલે એ જ ક્ષણમાં સત્યભામાનું ઘણું અને સુંદર રૂપ થઈ ગયું તે જોઈને રૂક્મિણીજી પૂછવા લાગ્યા કે તમો કોણ છો? અને અહીંયાં શા માટે આવ્યાં છો ? ત્યારે સત્યભામા બોલ્યા કે હું શ્રીકૃષ્ણની નવોઢા પત્ની છું. આપની ધર્મભાગિની છું. મારું નામ સત્યભામા છે. હું આપના ચરણોમાં પ્રણામ કરું છું. એ સાંભળીને રૂક્મિણી કાંઈ નહિ બોલતાં આશ્ચર્ય પામી ગયા. તેવામાં આકાશવાણી થઈ કે હે રૂક્મિણી તમોએ જે પુન્ય આપ્યું છે એના જ પ્રભાવથી સત્યભામા સ્વરૂપવાન થયાં છે કારણ કે સુરૂપા બારસના વ્રતનું પુન્ય તો દેવોને પણ દુર્લભ છે માટે હે સતી સુરૂપા બારસનું વ્રત વિધિ પ્રમાણે અવશ્ય કરવું. આમ સ્ત્રી અથવા પુરુષ જ્યારે તે વ્રત કરે છે ત્યારે એના જન્મો જન્માંતરના સર્વે પાપો નાશ પામે છે એને વિરૂપતા આવતી નથી. સ્ત્રીઓને પતિનો વિયોગ થતો નથી. ગોત્રની વૃધ્ધિ થાય છે અને જગતમાં સત્કીર્તિ પ્રસરે છે. પૂર્વ જન્મનું

સ્મરણ રહે છે અને દેહને અંતે મોક્ષ થાય છે. આ કથાનું જે કેવળ શ્રવણ પઠન માત્ર કરે છે તે પણ આ લોકને વિશે ભક્તિ અને અંતે મુક્તિને પામે છે એમાં કોઈ સંશય નથી માટે મનુષ્ય માત્રને એ વ્રત તો અવશ્ય વિધિ પ્રમાણે કરવું. ॥ ૩૧ ॥

# નૃસિંહ ચતુર્દશી વ્રત કથા–૩૨

વૈશાખ સુદ ૧૪ ચતુર્દશીને દિવસે નૃસિંહ ચતુર્દશીના વ્રતનું વિધાન છે. આ વ્રતની ચૌદશ પ્રદોષ વ્યાપિની લેવી વૈશાખ શુદિ ચતુર્દશીને દિવસે પ્રદોષ સમયે ભગવાન નૃસિંહજીનો જન્મ થયો. સ્કંદ પુરાણમાં કહ્યું છે કે વૈશાખ સુદિ ચતુર્દશીને સોમવારે સ્વાતિ નક્ષત્રમાં પ્રદોષ સમયે ભગવાન નૃસિંહજીનો પ્રાદુર્ભાવ થયો છે બંને દિવસે ચતુર્દશી પ્રદોષ સમયે વ્યાપતિ હોય અથવા પ્રદોષ સમયે એક ભાગની વ્યાપતિ હોય તો બીજે દિવસે વ્રત કરવું કારણ કે તે તેરસના વેધવાળી ચૌદશને દિવસે વ્રત કરવાનો નિષેધ છે અને પ્રદોષ સમયે એક દિવસે અધિક વ્યાપતી હોય અને એક દિવસે અધિક વ્યાપતી ન હોય તોજે દિવસે અધિક વ્યાપતિ હોય તે દિવસે વ્રત કરવું અને જો બંને દિવસેઅધિક વ્યાપતિ ન હોય તો બીજે દિવસે વ્રત કરવું.

નૃસિંહ પુરાણમાં કહેલું છે કે ચતુર્દશીના સ્વાતિ નક્ષત્ર હોય, શનિવાર હોય, સિધ્ધિ યોગ હોય અને વણિજ કરણ હોય તો આ વ્રત ઉત્તમ ગણાય છે. પરંતુ આવો યોગ તો મનુષ્યને ભાગ્ય યોગે જ પ્રાપ્ત થાય છે. આ ચતુર્દશીને દિવસે ભગવાને નૃસિંહજી રૂપે પ્રાદુર્ભાવ થઈને હિરણ્યકશિપુનો નાશ કરીને પોતાના ભક્ત પ્રહલાદનું રક્ષણ કરેલું હતું. હિરણ્યકશિપુને માર્યા પછી કોપને શાંત કરીને સુખેથી બેઠેલા પ્રભુ પાસે જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ભક્ત રાજ

પ્રહલાદ એકલા જ ગયા. બે હાથ જોડીને પ્રાર્થના કરીને બોલ્યા જે હે પ્રભુ આપ મારા સ્વામિ છો હું આપનો ભક્ત છું. એટલે બે હાથ જોડીને નમન કરીને હું આપને પૂછું છું કે મને આપને વિશે અનન્ય ભક્તિ કેમ થઈ ત્યારે પ્રભુ બોલ્યા કે તને મારે વિશે અનન્ય ભક્તિ થવાનું કારણ કહું છું તે સાંભળ. પૂર્વે તું બ્રાહ્મણ હતો છતાં કોઈપણ અધ્યયન કર્યું ન હતું. તારું નામ વાસુદેવ હતું અને તું વેશ્યામાં અતિશય આસક્ત હતો અને એ જન્મમાં તેં કાંઈપણ સુકૃત કર્યું નહતું, પરંતુ વેશ્યાના સંગની લાલસાથી તેં મારું વ્રત કરેલું હતું તે કેવી રીતે તો પૂર્વે અવંતી નગરીમાં વેદ પારંગત સુશર્મા નામનો એક બ્રાહ્મણ હતો, તે પોતાના બ્રહ્મકર્મ યજ્ઞયાગાદિકમાં પ્રિતીવાળો અને ધાર્મિક હતો અને સતકર્મોથી સર્વે સુરગણોને પ્રસન્ન કરેલા હતા. તેને એક સુશીલા નામે સદાચારી પત્ની હતી તે પતિ ભક્તિ પરાયણ હતી. તેને પાંચ પુત્રો હતા. તે પણ સદાચારવાળા હતા અને તે પિતૃભક્ત હતા પરંતુ એ સર્વેમાં નાનો પુત્ર તું હંમેશાં વેશ્યાગામી હતો. સુરાપાનમાં પ્રિતીવાળો હતો અને ચોરોના સંગાથી સુવર્ણાદિકની ઘણીક ચોરીઓ કરેલી અને વેશ્યાની સાથે હંમેશાં પાપકર્મ કરતો. એક દિવસે તને વેશ્યાની સાથે ઝઘડો થયો તેથી કાંઈ પણ ખાધુ પીધું નહિ. તેથી અજાણતાં ઉપવાસ થયો. તેમજ વેશ્યા સાથે વિહાર નહિ થવાથી શાંતિ નહોતાં તેને આખી રાત્રિ નિદ્રા પણ આવી નહિ તેથી તે અજાણતા જાગરણ થયું અને વેશ્યાએ પણ રીશના કારણથી ભોજન કર્યું નહિ અને નિદ્રા પણ કરી નહિ. આમ બંનેનું વ્રત થયું એ હેતુથી અજાણતા પણ આને વ્રત કરેલું છે એમ જાણીને દેવો તારી ઉપર પ્રસન્ન થયા. વેશ્યાની સાથે આ મારું ઉત્તમ વ્રત કર્યું હતું તેથી જ તને મારે વિશે અનન્ય

ભક્તિ થયેલી છે અને એ વેશ્યા પણ મારા વ્રતના પ્રભાવથી સ્વર્ગલોકને પામી છે, માટે આ મારું વ્રત અતિ ઉત્તમ છે એમ તું જાણજે અને જે દિવસે તમો બંને જણાએ વ્રત કર્યું હતું ? તે દિવસે વૈશાખ સુદિ ચતુર્દશીનો દિવસ હતો. તે માટે આ વ્રત સર્વે જનોએ અવશ્ય કરવું જ જોઈએ. અને એ વ્રતને જો મારે વિશે અનન્ય ભક્તિએ કરીને મારી પ્રસન્નતા માટે કરેલું હોય તો તે દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે એમાં સંશય નથી. ॥ ૩૨ ॥

# ગણપતિજીની વ્રત કથા (અલુણા વ્રત)–૩૩

એક સમયે શંકર પાર્વતી બંને કૈલાસમાં બેઠા હતા. પાર્વતીજીએ શંકરને બે હાથ જોડીને કહ્યું કે આપ જ્યારે સ્નાન કરવા જાઓ છો ત્યારે અને તપ કરવા પધારો છો ત્યારે તમારા વિના તમારો વિયોગ મારાથી સહન થતો નથી. વળી મનેએકલીને સુખ આવતું નથી અને આપ સમાધિમાં ઊંડા ઉતરી જાઓ છો ત્યારે મને શાંતિ આવતી નથી માટે મારા ઉપર દયા કરો ત્યારે શિવે કહ્યું કે તમો તો સમર્થ છો. તમોને ઈચ્છા આવે તો એવો બાળક ઉત્પન્ન કરી લ્યો. એટલે તમોને સથવારો થશે અને એકલાપણું નહિ રહે. એમ કહીને શિવ તો ભોગવતી ગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કરીને ત્યાં જ ધ્યાનમાં બેસી ગયા અને ઘણો સમય વ્યતીત થઈ ગયો તો પણ જાગ્યા જ નહિ, તે દરમિયાનમાં પાર્વતીએ પોતાના શરીરના જમણા પડખામાંથી મેલ ઉતારીને તેને સંકલ્પની સાથે પાણી છાંટીને ભગવાનની પ્રાર્થના કરી એટલે ભગવાને આવી પ્રવેશ કર્યો એટલે એક સુંદર રૂપવાન બાળક બની ગયો અને ડાબી બાજુથી મેલ ઉખેડી જળ છાંટ્યું તેમાંથી એક

બાળકી બની ગઈ. પુત્રનું નામ વિનાયક રાખ્યું અને પુત્રીનું નામ ઓખા પાડ્યું. એક સમયે ફરતા ફરતા નારદજી કૈલાસમાં આવ્યા. પોતે જાણતા હતા છતાં પૂછ્યું કે શંકર ક્યાં ગયા છે ? ત્યારે પાર્વતીએ કહ્યું કે એ તો ભોગવતી ગંગામાં સ્નાન કરવા ગયા છે તેને ઘણો સમય વ્યતીત થઈ ગયો તો હજુ પણ પાછા આવ્યા નથી. નારદજીએ ફરીવાર પૂછ્યું કે આ બે બાળકો કોના છે ત્યારે સતીએ કહ્યું કે મેં એકલાપણું ટાળવા માટે ઉત્પન્ન કર્યાં છે તે સાંભળીને નારદજી તો શંકરની પાસે ગયા ત્યાં તો શંકર પણ ધ્યાનમાંથી જાગ્યા. નારદજીએ શંકરને પગે લાગીને કહ્યું કે આપતો અહીં તપ તથા ધ્યાન ધરીને બેઠા છો અને ઘેર તો પાર્વતીએ બે બાળકોને જન્મ આપ્યો છે. ધર્મ વિરુદ્ધ આચરણ કરે છે. આમ કહીને નારદજી તો ચાલ્યા ગયા અને શંકર તો ક્રોધાવેશમાં આવી જઈને કૈલાસ ભણી રવાના થયા. તેજ દિવસે પાર્વતીએ પુત્રને કહ્યું કે તું હથિયાર લઈને દરવાજે ચોકી કરજે અને મારે અભ્યંગ સ્નાન કરવું છે તો કોઈને પણ મને પૂછ્યા વિના અંદર આવવા દઈશ નહિ. એમ કહી પોતે સ્નાન કરવા બેઠાં અને પુત્ર દરવાજે બેઠો. તેવામાં શંકર આવ્યા અને અંદર પ્રવેશ કરે છે ત્યાં વિનાયકે ક્રોધાવેશમાં આવીને કહ્યું કે તમે કોણછો ? અને માતાજીની રજા સિવાય અંદર નહિ જવાય. ત્યારે શિવે પૂછ્યું કે મને અંદર જવાની ના પાડે છે એવો તું વળી કોણ છો ત્યારે વિનાયકે કહ્યું કે હું તો પાર્વતીનો પુત્ર છું. આવું વચન સાંભળતાં જ શંકરે નારદજીની વાત સાચી માનીને ત્રિશૂળથી પુત્રનું મસ્તક કાપીને અંદર ગયા. ત્યાં ક્રોધાવેશમાં આવેલા શંકરને જોઈને પુત્રી ભય પામીને મીઠાની કોઠીમાં સંતાઈ ગઈ અને શંકરે પાર્વતીને ક્રોધાવેશમાં પૂછ્યું કે તમો ઉપરથી સતીપણું કહેવડાવો

છો અને આ કેવું ધર્માચરણ પ્રવર્તાવો છો અને આ બે બાળકો કેમ થયા ? ત્યારે સતીએ સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું ત્યારે શંકરે કહ્યું કે એ તો મને ખબર નહિ હોવાથી તારા પુત્રનું મેં માથું કાપી નાખ્યું છે. તે સાંભળીને પાર્વતીને મૂર્છા આવીને પૃથ્વી પર ઢળી પડ્યાં. પછી શંકરે વિનયથી પાર્વતીને ઉઠાડીને આશ્વાસન આપીને કહ્યું કે હવે ભૂલથી જે થયું તે ખરું ત્યારે સતીએ કહ્યું કે જો મારો પુત્ર જીવતો થાય તો જ હું અન્ન પાણી લઈશ, નહિ તો મારા પ્રાણને ત્યજી દઈશ. ત્યારે શંકરે કહ્યું કે હું બહાર જઈને જોઉં છું જે પહેલા સામો મળશે તેનું માથું કાપીને ચોંટાડી દઈશ, તમો ચિંતાનો અને શોકનો ત્યાગ કરી દિયો. એમ કહી શિવજી દરવાજા બહાર જઈને જોયું ત્યાં હાથી પ્રથમ સામો આવ્યો એટલે તેનું માથું ત્રિશૂળથી કાપીને પુત્રના ધડની સાથે ચોંટાડી દીધું અનેજળનું સિંચન કરતાની સાથે પુત્ર સજીવન થયો અને તે પુત્રનેલઈને શિવ તરત પાર્વતી પાસે આવ્યા અને કહ્યું કે લે આ પુત્ર સજીવન થયો છે. જો એટલે સતીએ પોતાના પુત્રને હાથીના મુખવાળો જોઈને ચિંતા કરવા લાગ્યા કે આવો કદરૂપો પુત્ર શા કામનો ત્યારેશિવે કહ્યું કે હું તારા પુત્રને વરદાન આપું છું કે આ તારો પુત્ર સર્વેથી અગ્ર પણે પૂજાશે. કોઈપણ દેવ કે ઈશ્વર કે મનુષ્ય આ પુત્રને મૂકીનેકોઈપણ કાર્ય કરશે તો તેમાં જરૂર વિઘ્ન થશે. જો પ્રથમ તેની સ્થાપના પૂજન કરશે તો જ નિર્વિઘ્ન કાર્યની સિધ્ધિ થશે. આવી રીતે શંકરે વરદાન આપ્યું, ત્યારથી ગણપતિ સર્વેથી આગળ પૂજાય છે અને પાર્વતીએ મીઠાની કોઠીમાં સંતાઇ ગયેલી પુત્રીને બોલાવીને કહ્યું કે તું મીઠાની કોઠીમાં ગળી જઈશ. વળી તું અસુર કુળમાં અવતરીશ. આ માતાજીનું વચન સાંભળીને ઓખા માતાજીને પગે લાગી અને પોતે કરેલા

અપરાધની માફી માગી ત્યારે માતાજીએ પ્રસન્ન થઈને કહ્યું કે શાપ તો મિથ્યા નહિ થાય પણ સાથે સાથે એટલો અનુગ્રહ કરું છું કે તારા લગ્ન દેવ જોડે થશે અને તું મીઠાની કોઠીમાં ભાઈને છોડીને સંતાઈ ગઈ ? માટે તું મીઠામાં ગળી જઈશ અને બીજે જન્મે તને આખીયે ઉંમર અલુણા રહેવું પડશે અનેજે કોઈ આખોયે ચૈત્ર માસ અલુંણા વ્રતનો (મીઠુ નહિ ખાવાનો) નિયમ લેશે તે દેહને અંતે મોક્ષને પામશે. અને આ લોકમાં પણ સુખ સંપત્તિને પામશે. ત્યારપછી એ ઓખા મીઠાની કોઠીમાં ગળી ગઈ. બીજે જન્મે બાણાસુરની પુત્રી થઈ અને તેના લગ્ન શ્રીકૃષ્ણ ભગવાનના પૌત્ર અનિરુદ્ધની સાથે થયાં અને આખીયે ઉંમર અલુણા વ્રત કર્યું. ॥ ૩૩ ॥

## દુર્વાથી ગણપતિનું પૂજન કરવું–૩૪

ગણેશ ચોથને દિવસે ગણપતિ દાદાનું સોડસોપચારે કરીને પૂજન અવશ્ય કરવું. તેમાં પણ દૂર્વાથી જો ગણેશનું પૂજન કરેલ હોય તો તેનો તો અતિ મોટો મહિમા છે. શ્રીકૃષ્ણ કહે છે હે યુધિષ્ઠિર અહીં એક પુરાતની ઈતહાસની કથા સંભળાવું છું. તેને તમો સાંભળો, કૌડિન્ય નામે એક પવિત્ર ઋષિ હતા. તે હંમેશાં ગણપતિ મહારાજની પૂજા સર્વે ઉપચારોથી કરીને પછી ૐ ગણાધિપતિયેનમઃ આ મંત્ર બોલીને એક લાખ દુર્વાથી પૂજન કરે તે જોઈને એમનાં પત્ની આશ્રયાએ એક દિવસ કહ્યું કે હે પતિદેવ, આટલી બધી દૂર્વાથી પૂજન કરવાથી શું થાય ? એ તો થોડી દૂર્વાથી પૂજન કરો તો પણ ચાલે. આટલી બધી દૂર્વા ચડાવો એટલે ગણેશના મંદિરમાં ઘાસ ઘાસ જ થઈ જાય માટે થોડા તૃણોથી પૂજન કરો તો ચાલે ત્યારે કૌડિન્ય મુનિ કહે જે હે સતી, એ દુર્વા ગણપતિને

ચડાવવાનો મહિમા અતિ મોટો છે, તેનું વર્ણન પણ થઈ ન શકે તે સંબંધમાં અહીં એક પુરાતનની કથા છે તે કહું છું તે સાંભળો. જે એક સમયે નારદજી ફરતા ફરતા ગણેશનાં દર્શન કરવા માટે ગયા ત્યારે ગણપતિએ યોગ્ય રીતે પાદ્ય, અર્ધ્ય, વગેરેથી નારદજીનું પૂજન કરીને પછી તેનો હાથ ઝાલીને પોતાને આસને પોતાની સાથે બેસાડ્યા અને તેનું કુશળ પૂછ્યું કે હે મુનિ આજે આપ ક્યાંથી પધાર્યા અને આપ ક્ષેમકુશળ તો છો ને? અને અહીં પધારવાનું કારણ જે હોય ? તે આપ કહો ? ત્યારે નારદજી કહે જે હે ગણપતિજી મને ઘણા દિવસ થયા, આપનાં દર્શન થયાં નહતાં. તેથી હું આપનાં દર્શન કરવા માટે આવેલો છું વળી, સાથે એક બીજી પણ વાત કહેવાની છે જે હું એક વખત મિથીલા નગરી ગયો ત્યાં રાજા જનકનો પ્રભાવ મેં જોયો એ રાજા મોટો દાનેશ્વરી છે તે જોઈને મેં કહ્યું જે હે રાજન આપ તો મોટા ભાગ્યશાળી છો. આટલું બધું દાન આપો છો ? છતાં અન્ન વસ્ત્રો, ધન વગેરે ખૂટતું નથી અને ઉલટું દિવસો દિવસ વૃધ્ધિ પામતું જાય છે. જેથી તમારા ઉપર ગણેશ ભગવાનની પ્રસન્નતા બહુ લાગે છે ? ત્યારે રાજા જનકે કહ્યું કે મારા વિના બીજો મોટો કોણ છે અને ગણપતિ શું કરનાર છે ? હું જ સર્વે શક્તિમાન છું ત્યારે મેં કહ્યું જે હે રાજન આવું અભિમાન કરવું ન જોઈએ અને એ યોગ્ય નથી કારણ કે સર્વે કરતા હર્તા તો એક ભગવાન ગણપતિ જ કહેવાય માટે આવું અભિમાન રાખશો નહિ. આમ કહીને હું આપની પાસે એ વાત કહેવા માટે આવ્યો છું અને હવે હું જાઉં છું. એમ કહીને એ નારદજી ત્યાંથી વૈકુંઠમાં ગયા. ત્યાર પછી ગણપતિ અતિ વૃદ્ધ દરિદ્રી અને અતિશય દુર્બળ અને અતિ રોગીષ્ટ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કરીને તે રાજાના રાજ્યમાં

ભિક્ષાની ઈચ્છાથી ગયા અને કહ્યું કે હે રાજન હું ઘણા દિવસનો ભૂખ્યો છું. માટે મને કાંઈક જમવા માટે ભોજન આપો, ત્યારે જનકે યોગ્ય રીતે તેનો આદર સત્કાર કર્યો. પૂજન વગેરે કર્યું ત્યારપછી તે જમવા માટે બેસાડીને સારું ભોજન પિરસ્યું. તે બધું એક જ ગ્રાસમાં જમી ગયા પછી એક સો મનુષ્યો જમે એટલું ભોજન પીરસ્યું. તે પણ એક જ ગ્રાસમાં જમી ગયા અને કહેવા લાગ્યા જે હજુ તો ઘણું જોઈએ, હજુ ભૂખ ઘણી છે. ત્યાર પછી હજાર દસ હજાર માણસનું ભોજન પીરસ્યું તો તેને પણ એક જ ગ્રાસમાં જમી ગયા. ત્યારે રાજાના અમાત્યો કહેવા લાગ્યા જે હે રાજન આ તો કોઈક રાક્ષસ છે, કારણ કે માણસ આટલું બધું ખાય નહિ માટે એને જમાડવાથી કાંઈપણ પુન્ય નહિ થાય. માટે હવે એને કાંઈપણ આપશો નહિ, તો પણ પોતાની સત્ય પ્રતિજ્ઞાના નાશના ભયથી તેને જમાડવા માટે બ્રાહ્મણો પાસે રસોઈ ચાલુ કરાવીને પીરસવા લાગ્યા તે બધું તરત જ જમી જતા હતા. ત્યાર પછી તો જેવું હોય તેવું કાચું પાકું જેવું પીરસે તેનો એક જ કોળીયો કરે. એમ કરતાં દરબારમાં તો બધું ખૂટી ગયું. પછી રાજાએ આખાયે શહેરમાં વખારો દુકાનો વગેરેમાંથી અન્ન મંગાવીને પીરસવા લાગ્યા તો જેવું પીરસે તેવું ચટ કરીજાય અને કહે જે હજુ તો ભૂખ ઘણી છે અને જમવા માટે બેસાડ્યા છે એટલે ભૂખ્યા ઉઠાસે નહિ. ત્યારે રાજા જનક પોતાના અભિમાનનો ત્યાગ કરીને બે હાથ જોડીને પગે લગાડીને કહેવા લાગ્યા હે મહારાજ હવે તો મારા દરબારમાં અને આખાય શહેરમાં કાંઈપણ છે નહિ માટે હવે આપ દયા કરો તો સારું. પછી એ વૃદ્ધ બ્રાહ્મણ ત્યાંથી ઉઠીને શહેરમાં ગયો અને ઘેરોઘેર અન્નની યાચના કરવા લાગ્યો. અરે હું

અતિશય ભૂખ્યો છું અને રાજા જનકે પ્રથમ તમો જેટલું જમશો તેટલું આપીશ એવી પ્રતિજ્ઞા કરેલી હતી અને ખાવાયે પેટ પૂરતું ન આપ્યું માટે મને જમવા માટે કાંઈક આપો ? ત્યારે સર્વે જનો કહેવા લાગ્યા જે રાજા જનકે અમારા ઘરો વખારો વગેરેમાંથી બધુએ અન્ન લઈ લીધું છે જેથી હવે તો ઘરોમાં કાંઈપણ ખાવા યોગ્ય વસ્તુ નથી. પછી એ બ્રાહ્મણ ત્રિશીરા ઋષિને ઘેર ગયા તે ઘરમાં ઋષિપત્ની વિરોચના હતાં, તેને પહેરવા માટે વસ્ત્રો તો ઉપર આકાશ અને આઠે બાજું આઠ દિશાઓ હતી. આસન પૃથ્વી હતી. તે સિવાય ઘરમાં કાંઈપણ હતું નહિ તેનીપાસેજઈને કહ્યું કે, રાજા જનક બહુ દાનેશ્વરી અને સત્ય પ્રતિજ્ઞાવાળો છે એમ જાણીને મારી ભૂખ નિવારવા માટે ગયો પરંતુ એણે તો પેટ પૂરતું આપ્યું નહિ. ભૂખ તો જરાય પણ ઓછી થઈ નહિ માટે મને કાંઈપણ જમવા આપો ત્યારે તેણે કહ્યું કે અમારા ઘરમાં તો કાંઈપણ છે નહિ અને રાજા પણ આપને આખાય શહેરના અન્નથી તૃપ્ત કરી શક્યા નહિ ત્યારે મારા ઘરમાં આપ જુઓ છો કે કાંઈપણ છે ? નહિ ત્યારે એ બ્રાહ્મણ કહે જે એ રાજા તો પોતાની યશ કિર્તી માટે દાન પુન્ય કરે છે માટે તેથી તો મને મેરૂ પર્વત જેટલું આપે તો પણ મને તૃપ્તિ નહિ થાય પણ જો શ્રદ્ધાથી અને પ્રેમ ભક્તિથી જો અલ્પ માત્ર આપે તો પણ મને તૃપ્તિ થઈ જાય છે. માટે તમારા ઘરમાં કાંઈપણ હશે ? જુવો તો ખરાં પછી બંને જણાએ આખાય ઘરમાં તપાસ કરી તો સવારમાં ગણપતિજીનું પૂજન કરતાં તેને દૂર્વા અર્પણ કરેલીહતી. ત્યારે ત્યાં એક તૃણ દૂર્વાનું રહી ગયેલ હતું. તે લઈને કહ્યું જે આ એક દૂર્વાનું તૃણ રહી ગયેલ છે પણ તે સિવાય ઘરમાં બીજું કાંઈપણ છે નહિ ત્યારે એ બ્રાહ્મણ કહે જે અરે એ દૂર્વા હોય તો બીજું શું જોઈએ ?

માટે એ દૂર્વા લાવો એમ કહીને એ એક તૃણ આરોગી ગયા અને અતિશતૃપ્ત થઈ ગયા. અને શરીરે પણ અનંત અલંકારે યુક્ત અને અતિ તેજસ્વી રોગે રહિત અને ચતુર્ભુજ સ્વરૂપે થઈ ગયા અને તેણે પોતાના મૂળ સ્વરૂપે દર્શન આપીને કહ્યું જે હે વિપ્ર તમોએ મને અતિશય તૃપ્ત કરેલો છે તેથી હું તમારા ઉપર અતિશય પ્રસન્ન થયેલો છું માટે તમોને જે જોઈએ તે વરદાન માગી લ્યો ? ત્યારે બંને જણાએ હાથ જોડી પગે લાગીને કહ્યું જે જો આપ અમારી ઉપર પ્રસન્ન થયેલા હો તો અમોને આપના સિવાય બીજે ક્યાંય પણ પ્રિતી ન થાય અને હંમેશા આપના ચરણનેવિશે જ અનન્ય ભક્તિ થાય અને દેહને અંતે અમોને શ્રેષ્ઠ મુક્તિ આપજો ત્યારે ગજાનને કહ્યું જે તથાસ્તુ એમ કહીને તત્કાળ અંતર્ધ્યાન થઈ ગયા. કૌડિન્ય ઋષિ કહે છે જે હે સતી ગણેશને દૂર્વા અર્પણ કરવાનો આટલો મહિમા છે. એ કારણથી જ હંમેશાં ગણપતિ દેવની પૂજા એક લાખ દૂર્વાથી કરું છું. આવી રીતે કહ્યું તો પણ આશ્રયાને સંશય દૂર થયો નહિ ત્યારે મુનિએ કહ્યું કે તમો આ તૃણ લઈને ઈન્દ્ર પાસે જાઓ અને કહેજો કે આ દૂર્વાને ભારોભાર સુવર્ણ આપો. પણ એનાથી ઓછું કે વધુ નહિ જોઈએ ત્યારે આશ્રયા એ તૃણ લઈને ઈન્દ્ર પાસેગયાં અને વાત કહી ત્યારે ઈન્દ્રે એક દૂતને સાથે મોકલીને કુબેર ભંડારી પાસે મોકલ્યા ત્યારે તે આશ્રયાએ કુબેર ભંડારીને વાત કરી કે તમો મને આ તૃણને ભારોભાર સુવર્ણ આપો, કુબેર કહેજે આટલેથી શું થાય ? વધારે માંગો ને ત્યારે આશ્રયા કહે જે મારા પતિદેવે આટલું જ માંગવા કહ્યું છે માટે એથી વધારે કે ઓછું ન જોઈએ. પછી કુબેરે તુલા મંગાવીને એક પલ્લામાં દૂર્વાનું તૃણ મૂક્યું અને બીજા પલ્લામાં સુવર્ણ મૂક્યું ત્યારે દૂર્વાનું પલ્લું ઊંચું

થયું નહિ પછી એથી વધારે મૂક્યું એમ કરતાં કરતાં પોતાના ખજાનામાંનું સુવર્ણ પલ્લામાં મૂક્યું તો પણ દુર્વાનું પલ્લું ઊંચું ન થયું ત્યારે કુબેરે વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર સર્વેને પ્રાર્થના કરીને બોલ્યા ત્યારે એ સર્વે પોતપોતાના લોકમાંનું સુવર્ણ તથા ધનના બીજા કેટલાક ખજાનાઓ ખાલી કરી નાખ્યા. અને પલ્લામાં મૂક્યું તો પણ એ દૂર્વાનું પલ્લું ઊંચું થયું નહિ ત્યારે સર્વે દેવો, દિગ્પાલો અને ઈશ્વરોએ કૌડિન્ય મુનિની પાસે જઈને પ્રાર્થના કરી કે હે મુનિ આપે અમોને એક જ દૂર્વાથી જીતી લીધા છે જેથી અમો સૌ આપને શરણે આવેલા છીએ ત્યારે મુનિએ પોતાની પત્નીને પાછાં બોલાવીને કહ્યું જે આપણને કાંઈપણ જોતું નથી. માટે તમો પાછાં આવતા રહો ? આપણે દૂર્વાથી ગણપતિનું પૂજન કરીએ. એ જ બરાબર છે પછી આશ્રયાએ પતિદેવની પ્રાર્થના કરી જે હે પતિદેવ આટલો બધો દૂર્વાનો મહિમા હું જાણતી નહોતી એટલે જ હું આપની મશ્કરી કરતી હતી. એ મારી મોટી ભૂલ થઈ માટે મારો અપરાધ ક્ષમા કરજો કારણ કે આપની સેવક દાસી છું અને મને પણ આપની જેમ જ ગણેશને વિશે એવી પ્રેમ ભક્તિ થાય એવી મારા ઉપર કૃપા કરવાને યોગ્ય છો, ત્યારે કૌડિન્ય મુનિએ રૂડા આશીર્વાદ આપ્યા અને ત્યારપછી એ બંને જણાં અંતે ગણપતિના લોકને પામ્યાં. તેનો મહિમા વધારે હું શું કહું ? એક વખત બળદ અને ગર્દભ દૂર્વાને ખાતા હતા. તેના મોઢામાંથી નીચે પડી ગયેલી છબરને ટાઢને નિવારવા માટે તાપણી કરવા સારું એક ચાંડા લણી ઉપાડી લાવતી. તેમાંથી કેટલાંક તુણ પૃથ્વી પર પડ્યાં તે તૃણ પવનથી ઉડીને ગણેશના મંદિરમાં જઈને ગણેશ ઉપર પડ્યાં અને એ પુન્યે કરીને એ ત્રણે જણાં દેહને અંતે ગણપતિના લોકને પામ્યાં. કેવળ

દૂર્વાની સુગંધ ગણેશને આવે તો પણ પાપ બળીને ભસ્મ થઈ જાય. તો પછી ભક્તિ ભાવથી દૂર્વા ચડાવીને પૂજન કરવામાં આવે તો તેની મુક્તિ કેમ ન થાય ? અને તેજગણેશની પૂજા જો ભગવાનની પ્રસન્નતાને માટે કરવામાં આવે તો દેહને અંતે મુક્તિ અવશ્ય થાય છે માટે સર્વે ભક્તજનોએ હંમેશા દૂર્વાથી અને બીજા પણ યોગ્ય ઉપચારોથી ગણેશનું પૂજન કરતો નથી. તે દેહને અંતે નરકને પામે છે અને બીજે જન્મે ચાંડાળની યોનિને અવશ્ય પામે છે. અને વળી એ ગણેશનું પૂજન નહિ કરનાર મનુષ્યને જોવાથી પણ પાપ લાગે છે. અને દૂર્વાથી ગણેશનું પૂજન કરનારના જે કોઈ દર્શન કરે છે ? તો તે દર્શન કરનાર પણ અતિશય શુધ્ધ થઈ જાય છે. માટે જો વધારે દૂર્વા ન મળે તો એકવીસ દૂર્વાથી પૂજન કરવું જ જોઈએ. આ દુર્વાથી ગણેશની પૂજાના મહિમાની કથાને પણ જે કોઈ સાંભળશે ? તો તેનાં પણ સર્વે પાપનો ક્ષય થઈ જાય છે. તો પછી ગણેશની પૂજા કરવાથી મોક્ષ થાય. એમાં શું કહેવાનું હોય ? ।।૩૪।।

# કાર્તિક સ્વામીની કથા–૩૫

એક સમયે શંકર પાર્વતી પોઠિયા ઉપર બેસીને નર્મદા કિનારે ફરવા માટે ગયા ત્યાં રમણીય સ્થળ જોઈને ત્યાં પાર્વતીને પાસાની રમત રમવાની ઈચ્છા થઈ અને શંકરને વિનંતી કરી કહ્યું કે અહીં આપણે રમત રમીએ ત્યારે શંકરે કહ્યું કે આપણે બે જણાં જ છીએ તો કોણ જીત્યું અને કોણ હાર્યું એનો ન્યાય કોણ કરશે ત્યારે પાર્વતીએ નદીમાં ઘણી પાંદડી હતી તે લઈને છ પાંદડાં ભેળાં કરીને માણસના જેવી આકૃતિ કરીને તે ઉપર પાણી છાંટી હાથ ફેરવ્યો એટલે બાળક સજીવન થયો તે પછી તે બે હાથ જોડીને બોલ્યો કે મને શી આજ્ઞા છે ? ત્યારે પાર્વતીએ કહ્યું કે અમો પાસાની

રમત રમીએ છીએ. તેમાં કોણ હાર જીતને પામે તે તું સત્ય કહેજે. એમ કહીને રમવા માંડ્યાં. તેમાં પાર્વતી જીત્યાં અને શંકર તો હારી ગયા પછી શંકરે પૂછ્યું કોણ જીત્યું ? ત્યારે તે બાળક કહે શંકર જીત્યા છે એમ ત્રણ ચાર વખત રમ્યાં તેમાં પાર્વતી જીત્યા તો પણ તે બાળકે શંકર જ જીત્યા છે એમ કહ્યું ત્યારે પાર્વતીએ શાપ આપ્યો. દરેક પણમાં હું જ જીતી છું અને શંકર જીત્યા છે એમ તું ખોટું કેમ બોલ્યો ? માટે હું તને શાપ આપું છું કે તું હાથ પગ વિનાનો થઈને કાદવમાં જ પડ્યો રહીશ અને તેમાં તું સડીશ ત્યારે બાળકે પોતાની ભૂલની ક્ષમા માગીને પગે લાગ્યો ત્યારે તે પાર્વતીએ અનુગ્રહ કરતા કહ્યું કે અહીં નાગ કન્યાઓ ગણેશની પૂજા કરવા આવશે તેને તું પૂછજે અને તે કહે તે વ્રત તું કરજે એટલે તું સાજો થઈને મને પામીશ એમ કહી પાર્વતી રીસાઈને પોતાના પિતાને ઘેર હિમાલયમાં ચાલ્યાં ગયાં અને શંકર એકલા કૈલાસમાં ગયા ત્યાર પછી સમય જતાં શ્રાવણ માસના ચોથને દિવસે ત્યાં નાગ કન્યાઓ આવી તે માટીના ગણપતિ બનાવીને તેની પૂજા કરવા માંડી તે જોઈ કાદવમાં પડેલા બાળકે પૂછ્યું આ તમો કોણ છો અને આ કોની પૂજા કરો છો અને તેનું ફળ શું છે ? અને તેની પૂજા શાના વડે કરવી અને કેટલા દિવસ સુધી ત્યારે નાગ કન્યાઓ બોલી જે ભાદરવા સુદ ૪ થી આરંભી ભાદરવા વદ ૧૦ ની સમાપ્તિ કરવી. દરરોજ એકવીસ જાતના પુષ્પ તથા પત્ર લેવાં એકવીસ દૂર્વાથી પૂજન કરવું. રોજ એકવીશ લાડુ કરવા તેમાંથી દશ પોતે જમવા અને એકવીસ દિવસ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું તો દરેક કામનાઓ સિધ્ધ થાય છે. આમ કહીને નાગ કન્યાઓ પૂજા કરીને ત્યાંથી ચાલી ગઈ. બીજે વર્ષે તે બાળકે તેવી જ રીતે ગણપતિનું

પૂજન કર્યું ત્યારે ગણેશે દર્શન દઈને વર માંગવા કહ્યું ત્યારે બાળકે પોતાના હાથ પગમાં શક્તિ, બળ અને શંકરના દર્શનની યાચના કરી ત્યારપછી તે ગણપતિ (વરદાન) તથાસ્તુ કહી અંતર્ધ્યાન થઈ ગયા. ત્યાર પછી તે બાળકને સંપૂર્ણ હાથ - પગ થયા. શરીરમાં બળ પ્રાપ્ત થયું અને શંકરના દર્શન થયાં ત્યારે તે શંકરે બાળકને પૂછ્યું કે તું સંપૂર્ણ શરીરને અને મારા દર્શનને શી રીતે પામ્યો ? ત્યારે તેણે કહ્યું કે ગણપતિનું વ્રત કરવાથી પામ્યો છું. તે સાંભળીને શંકરે વિચાર કર્યો કે હું પણ તે વ્રત કરું તો પાર્વતી મારાથી રિસાઈને પોતાના પિતાને ઘેર જતાં રહ્યાં છે તે પાછાં આવે તેમ વિચારી તે વ્રત વિધિ બાળકને પૂછીને બીજે વર્ષે શંકરે ગણપતિનું વ્રત કર્યું એટલે પાર્વતીનું મન ચલાયમાન થયું અને પોતાના પિતાને હાથ જોડીને પગે લાગીને કહ્યું કે હે પિતાજી મને અહીં આવે ઘણો સમય વ્યતીત થઈ ગયો છે. મારા પતિ દેવ શંકર બહુ દુઃખી થતા હશે માટે મને રાજી થઈને રજા આપો. હવે હું કૈલાસમાં શિવજીની પાસે જવા ઈચ્છું ત્યારે હિમાલયે રજા આપી એટલે સતી કૈલાસમાં આવી શંકરને પગે લાગી પોતાની ભૂલની ક્ષમા માગી અને પૂછ્યું કે તમે એવું શું વ્રત કીધું છે કે જેણે કરીને મારું પણ મન ચલિત થયું. ત્યારે શંકરે ગણપતિ વ્રત સંબંધી વાત કરી તે સાંભળીને પાર્વતીએ કહ્યું કે એ વ્રતનો વિધિ મને કહો તો એ વ્રત હું પણ કરું તો મારો પુત્ર નર્મદાના કીચડમાં હેરાન થતો હશે તો હું પણ એ પુત્રને પામું ત્યારે તે ગણપતિ વ્રત શંકરે કહી સંભળાવ્યું તે સાંભળીને પાર્વતીએ એ વ્રત બીજે વર્ષે કર્યું એટલે નર્મદાના કીચડમાં રહેલા કાર્તિકેઆવીને પોતાનાં માતા પાર્વતીને મળ્યા. તેને ભેટીને પાર્વતી અતિ પ્રસન્ન થયાં અને પોતાના પુત્રને પોતાની સાથે રાખ્યા વળી

તે વ્રતના પ્રભાવથી જ કાર્તિક સ્વામી દેવ સેનાના સેનાધિપતિ થયા હતા. ॥ ૩૫ ॥

# ઋષિ પંચમી વ્રત કથા–૩૯

યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ ભગવાનને પૂછ્યું કે હે પ્રભુ બ્રહ્મ હત્યાને નાશ કરે એવું કયું સાધન છે ? ત્યારે ભગવાને કહ્યું કે એવું તો એક ઋષિપંચમીનું વ્રત છે અને તે વ્રત કરવાથી રજશ્વલા ધર્મ નહિ પાળવાથી જે પાપ લાગે છે તે પણ નાશ થઈ જાય છે. પૂર્વે વિદર્ભ દેશમાં એક ઉતંક નામે વિપ્ર હતો અને સુશીલા નામે તેની પત્ની હતી. બંને યથાર્થ રીતે ધર્મનું પાલન કરતાં હતાં. તેનાં બે સંતાનો હતાં. પુત્રી દૈવ યોગે પતિનું મરણ થતાં વિધવા થઈ, તેથી તે પિતાને જ ઘેર રહેતી હતી હતી તેથી પિતાને ચિંતા થઈ જે યુવાન દીકરી રંડાણી એ સારું ન થયું પણ શું થાય ? પછી પોતાના પુત્રને ઘરનો બધો વ્યવહાર સોંપીને પત્ની તથા પુત્રી સહિત વનમાં ગયાં. ત્યાં ત્રણે જણાં ઈશ્વર આરાધના કરતાં હતાં. એવામાં એક દિવસે રાત્રિમાં પુત્રીના શરીરમાં મંદવાડ આવ્યો. રૂંવાડે રૂંવાડે કિડા પડ્યા. અસહ્ય પીડા ઉત્પન્ન થઈ તેથી અતિશય બૂમો પાડવા લાગી. અને રૂદન કરવા લાગી તે સાંભળીને તેની માતાએ સમીપે જઈનેજોયું તો જોતાની સાથે જ મૂર્છા ખાઈને પૃથ્વી ઉપર પડી ગઈ પછી ઉઠીને પોતાના પતિ ઉતંકને પુત્રીના દુઃખની વાત કરી ત્યારે ઉતકે વિચાર કર્યો કે આવું દુઃખ કયા કારણથી થયું ? આપણે કોઈ પાપ કર્યું નથી. પછી ધ્યાન કરીને અંતદષ્ટિ કરી જોયું તો જાણવામાં આવ્યું કે આ પુત્રી આજથી પહેલા સાતમે જન્મે બ્રાહ્મણી હતી તે વખતે એને રજશ્વલા ધર્મ નહિ પાળીને ઘરનું બધું કામ રસોઈ વગેરે સગાં સંબંધી વગેરે ઘરના માણસોને અભડાવ્યાં છે તે પાપે કરીને

આ દુઃખ આવ્યું છે તો હવે એ પાપ કેમ દૂર થાય ? એમ વિચારી ધ્યાનમાંથી જાગ્રત થઈને પોતાની પત્ની તથા પુત્રીને તે વાત કહી તે સાંભળીને પત્નીએ કહ્યું કે હવે તે પાપ નિવારણનો ઉપાય શું કરવો ત્યારે તે વિપ્રે કહ્યું કે એવું તો એક ઋષિ પંચમીનું વ્રત છે. ભાદરવા સુદ ૫ નું તે વ્રત કરવાથી પાપનો નાશ થશે તે દિવસે ભગવાનની સાથે વસિષ્ટ કશ્યપ વિશ્વામિત્ર ગૌતમ જમદગ્નિ આદિ સાત મહર્ષિઓને આમંત્રણ આપીને શોડશોપચારોથી તેનું પૂજન કરીને સારા પવિત્ર મિષ્ટાનોથી જમાડીને તૃપ્ત કરી દક્ષિણા વગેરેથી તેને પ્રસન્ન કરવાથી અને પોતે તે દિવસે ઉપવાસ કરે અથવા તો ફળાહાર કરે તો તે પાપ દૂર થાય છે. સાથે સાથે તેનું ઉદ્યાપન કરવું જોઈએ. ત્યારપછી તે વ્રત તેમણે કર્યું એટલે દરેક શરીરમાંથી રોગની પીડા દૂર થઈ ગઈ તે દિવસે આ ઋષિપંચમી વ્રતની કથા સાંભળવી જોઈએ અને તે વ્રત કરવું જોઈએ. ॥ ૩૬ ॥

## ઋષિ પંચમી વ્રતની કથા—૩૭

પહેલા સત્યયુગમાં સ્પેનજીત નામનો રાજા વિદર્ભ દેશમાં રાજ્ય કરતો હતો તે રાજા સત્યવાદી હતો અને ધર્મપરાયણ હતો તેમજ તેના રાજયમાં સર્વ પ્રજા પણ ધર્મપરાયણ અતિ તેના રાજ્યમાં એક સુમિત્ર નામનો વિપ્ર રહેતો હતો તે બ્રાહ્મણ ખેતીનું કામ કરીને પોતાની આજીવિકા ચલાવતો હતો અને તે પણ ધર્મવાળો હતો પરંતુ તેની પત્ની જયશ્રીએ એક સમયે રજશ્વલા ધર્મનું પાલન કરેલ નહિ અને ઘરમાં રસોઈ આદિકનું કામ કરતી હતી. રસોઈ કરીને પોતાના પતિને જમાડતી હતી. તેને એક પુત્ર હતો તેનું નામ સુમતિ હતું. પુત્રવધૂનું નામ ચંદ્રાવતી હતું તેના માતાપિતા સુમિત્ર અને જયશ્રી બંને મૃત્યુ પામીને રજશ્વલા નહિ

પાળવાના પાપથી પુત્રને ત્યાં જ જન્મ પામ્યાં. સુમિત્ર સુમતિની ગાયનો પુત્ર ગોધલો થયો અને માતા કૂતરી થઈ ગોધલો મોટો થયો ત્યારે તેને નાથ નાખીને ખેતીના કામમાં ચાલતો કર્યો. આખો દિવસ ખેડે એક દિવસ કામ વધારે હોવાથી સવારથી સાંજ સુધી શાંતિમાં ખેડ્યો. ખાવા પાણ ન નાખ્યું. પાણી પણ ન પાયું. સાંજે હાંતી છોડીને ઘેર આવ્યો અને ગમાણમાં ચારો તો નાખ્યો. પણ મોઢાનો મોછો છોડવાનું ઉતાવળમાં ભૂલી ગયો અને વાળુ પાણી કરીને સૂઈ ગયો. તે જ દિવસે સવારમાં પોતાની પત્નીને કહેલ કે આજે આપણા પિતાની મરણતિથિ છે તો શ્રાદ્ધ નાખવા માટે સારી રસોઈ બનાવીને બ્રાહ્મણોને જમાડજે એમ કહીને પોતે ખેતરે ગયો અને વાંસેથી પત્નીએ દૂધપાક આદિક ઉત્તમ રસોઈ કરીને તૈયાર કરી અને પોતે બીજા કામમાં પરોવાયેલી હશે તેવામાં બારણામાં જ પેલી કૂતરી બેઠેલી તેણે ઉપરથી સર્પની લાળ દૂધ પાકમાં પડતાં દેખી તેથી વિચાર થયો જે આ મારા પતિદેવના નિમિત્તે બ્રહ્મભોજનને માટે રસોઈ કરી છે અને આ સર્પની લાળ પડી છે તેની વઉને ખબર નથી અને જો બ્રાહ્મણો જમશે તો તરત મરણ પામશે તો એક તો પૂર્વના પાપથી આ દુઃખ ભોગવીએ છીએ અને વળી બ્રાહ્મણો માર્યાનું પાપ લાગશે તો છુટીશું ક્યારે ? માટે રસોઈને અભડાવી નાખું એમ જાણીને છાની માની ત્યાં જઈને દરેક રસોઈના વાસણોમાં પૂછડું પણ વગેરે બોડીને બગાડી નાખ્યું. તેને ચંદ્રાવતીએ જોયું એટલે તેને ક્રોધ ચડ્યો અને બોલી કે આ રાંડ કૂતરીએ બધી રસોઈ બગાડી દીધી માટે રાંડને માર મારું એમ વિચારીને મોટું સાંબેલું ઉપાડીને પાછળ દોડીને ખૂબ મારીને કેડ્ય ભાંગી નાંખી. કૂતરી તો વઉ વઉ વઉ એમ રાડ્યો પાડવા લાગી પણ વઉ તો

સાંભળેજ શાની ? સાંજે પતિ પત્ની બંને ખાઈપીને સૂઈ ગયાં ત્યારે કૂતરી ભાંડો ઢસડતી ઢસડતી બળદ પાસે ગઈને કહેવા લાગી કે આજે તો વઉએ મારી મારીને મારી કેડ્ય ભાંગી નાંખી છે તેથી બહુ પીડા થાય છે. વડી રોજ તો એઠું જૂઠું ખાવા આપે. આજે તો ખાવાયે ન દીધું ત્યારે બળદે પૂછ્યું કે એનું કારણ શું ત્યારે કૂતરીએ પૂર્વ જન્મનું વૃત્તાંત કહી સંભળાવ્યું. બળદે કહ્યું કે અરે રાંડ તારા પાપથી હું પણ દુઃખી થઈ ગયો મને પણ આજે કાંઈ ખાવા નથી મળ્યું. આ ગમાણમાં ચાર તો નાખી છે પણ ભૂલથી ઉતાવળમાં મોછો કાઢવો ભૂલી ગયો છે એટલે શું થાય ? હું પણ ભૂખ્યો તરસ્યો બાધો છું. અને આખો દિવસ કામની સાથે માર ખાઈ ખાઈને થાકી ગયો છું. આ વૃત્તાંત બધું ખાટલા ઉપર સુતેલા સુમતિએ સાંભળ્યું પછી સર્વે પોતાની પત્નીને કહી સંભળાવ્યું અને તે બંને પોતાના માતા પિતા જાણીને તેને ભોજન પાન કરાવ્યું અને તેની સેવા કરી અને પોતાની પત્નીને પણ સારી સંભાળ રાખવાનીભલામણ કરીને સુમતિ વનમાં ગયો. ત્યાં એક સર્વતયા નામના મહર્ષિને મળ્યા. તેને બે હાથ જોડીને પગે લાગીને પૂછ્યું કેમારા મા બાપ આવી (બળદ તથા કૂતરીની) નીચ યોનિને કયા કારણથી પામ્યા છે તે આપ કહો અને તેનો ઉધ્ધાર કઈ રીતે થાય તે પણ કહો ત્યારે તે ઋષિએપોતાના હૃદયમાં ધ્યાન ધરી વિચારીને કહ્યું કે પૂર્વ જન્મમાં તારી માતાએ રજશ્વલાના ધર્મનું પાલન કરેલું નથી અને ઘરનું કામકાજ રસોઈ વગેરે કરેલ છે તેથી તે કૂતરી થયેલી છે અને તેના હાથનું અશુધ્ધ અન્ન ખાધું છે તેથી તારા પિતા બળદની યોનિને પામ્યા છે તો હવે તેના ઉધ્ધાર માટે પત્ની સહિત તું ઋષિ પંચમીનું વ્રત કરજે અને તે દિવસે વસિષ્ઠાદિક સાત ઋષિઓને

શોડષોપચારથી પૂજન કરીને જમાડજે અને તમો બન્ને જણાં ઉપવાસ અથવા ફળાહાર કરજો અને અંતે ઉદ્યાપન કરજો અને તેનું પુન્ય તારા માતા પિતાને અર્પણ કરજો એટલે તેનો ઉધ્ધાર થશે કારણ કે રજશ્વલા સ્ત્રીને અતિશય અપવિત્ર કહેલીછે તેનું કારણ એ છે કે પહેલાં ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો તેથી બ્રહ્મહત્યાનો દોષ લાગ્યો તેણે કરીને અતિ કાળો થઈ ગયો અને અતિશય દુઃખ પામવા લાગ્યો. એટલે બ્રહ્માને શરણે ગયો અને સર્વે વૃત્તાંત કહ્યું ત્યારે બ્રહ્માએ તેને ઠપકો દઈને તે બ્રહ્મ હત્યાના વિભાગ કરીને કોઈકને આપી દેવા કહ્યું ત્યારેતે ઈન્દ્રે જળને પૂછ્યું કે મને બ્રહ્મહત્યા વળગી છે તો તેના ચાર વિભાગ કર્યા છે તેમાં એક ભાગ તમો લ્યો ત્યારે જલદેવે કહ્યું કે અમારામાં કાંઈપણ અપવિત્ર વસ્તુ ધુવે તો પણ અમને પાપ ન લાગે અને સદા શુદ્ધ જ રહીએ એવું વરદાન આપો ? તો ભાગ લઈએ ત્યારે ઈન્દ્રે તથાસ્તુ કહ્યું. ત્યારે એક ભાગ જળને આપ્યો. પછી પૃથ્વીને કહ્યું કે એક ભાગ તમે લ્યો તો મને શાંતિ થાય ત્યારે પૃથ્વીએ કહ્યું કે અમને કાંઈપણ ગમે તે રીતે ખોદે માટી ઉપાડી જાય તો પણ પાછી પુરાઈ જાઉં એવું વરદાન આપો તો ભાગ લઉં ત્યારે ઈન્દ્રે તથાસ્તુ કહીને એક ભાગ આપ્યો. ત્યારપછી સ્ત્રીઓને પૂછ્યું કે એક ભાગ તમે લ્યો ત્યારે તેઓએ કહ્યું કે અમને ગર્ભ હોવા છતાં પણ હંમેશાં કામની ઈચ્છા રહ્યા કરે એવું વરદાન આપો તો ભાગ લઈએ ત્યારે ઈન્દ્રે તથાસ્તુ કહીને એક ભાગ સ્ત્રીઓને આપ્યો. ત્યાર પછી ઈન્દ્રે વૃક્ષોને પૂછ્યું કે તમો એક ભાગ લેશો ? ત્યારે વૃક્ષોએ કહ્યું કે અમોને કોઈપણ કાપે તો પણ પાછાં મોરી આવીએ એવું વરદાન આપો. તો ભાગ લઈએ ત્યારે ઈન્દ્રે તથાસ્તુ કહ્યું. ત્યાર પછી ઈન્દ્ર અતિ શુદ્ધ અને દુઃખ મુક્ત

થયો. ત્યારથી કરીને જળમાં સેવાળરૂપે, પૃથ્વીમાં ખારરૂપે, વૃક્ષમાં કાળા રસ રૂપે અને સ્ત્રીઓમાં રજ રૂપે દેખાય છે. તેથી સ્ત્રીને માસે માસે રજ રૂપે તે બ્રહ્મ હત્યાનો ભાગ જોવામાં આવે છે. તેથી સ્ત્રીને પહેલે દિવસે ચાંડાલી, બીજે દિવસે બ્રહ્મ હત્યારી, ત્રીજે દિવસે ધોબણના સમાન અપવિત્ર કહેલી છે અને ચોથે દિવસે વસ્ત્ર સહિત સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. માટે સ્ત્રીઓએ પોતાનું રજશ્વલાપણું ગુપ્ત નહિ રાખતાં પાલન કરવું જ જોઈએ અને તેમાં પણ ક્યારેક અજાણમાં કોઈ મનુષ્યને વસ્ત્ર કે પાત્રાદિકને અડકી જવાયું હોય તો તેના નિવારણ માટે ઋષિ પંચમીનું વ્રત અવશ્ય કરવું જ જોઈએ તે વાતને સાંભળીને ઋષિને પગે લાગીને તે સુમતિ ઘેર આવ્યો. સર્વે વૃત્તાંત પોતાની પત્નીને કહ્યું અને બંને જણાએ તે વ્રત કરીને તેનું પુન્ય પોતાના માતા પિતાને આપી પગે લાગીને અપરાધની ક્ષમા માગી એટલે તે બળદ અને કૂતરીનો દેહ પડી ગયો અને વિમાનમાં બેસીને સ્વર્ગને પામ્યા માટે ડાહ્યા જનોએ તે વ્રત અતિશ્રદ્ધાથી કરવું જ જોઈએ અને તે જ વ્રત જો ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાની સાથે કર્યું હોય તો તે દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે એમાં લેશમાત્ર સંશય નથી. ॥ ૩૭ ॥

# શીતલા સાતમની કથા–૩૮

પૂર્વે હસ્તિનાપુરમાં ઈન્દ્ર દ્યુમન નામનો રાજા હતો તેની ધર્મશીલા નામે પત્ની હતી. તે રાજા રાણી બંને દૃઢ ધર્મવાળાં હતાં. તેને એક મહાધર્મ નામનો પુત્ર હતો અને શુભકારી નામની પુત્રી હતી તે પુત્રીને કૌડિન્ય નગરના રાજા સુમિત્રના પુત્ર ગુણવાન સાથે પરણાવેલી હતી. તે ગુણવાન પેરામણી વગેરે લઈને પોતાને પુર

ગયો પછી સમય થતા ફરીવાર પોતાની પત્નીને તેડવા માટે આવ્યો ત્યારે શુભકારી પોતાના પિતાને હાથ જોડી કહ્યું કે હે પિતાજી તથા માતાજી પતિવ્રતાના ધર્મની બહુ દુર્લભતા છે અને જે ધર્મનું પાલન કરે છે તેમાં અપાર સામર્થી આવે છે, માટે હવે મારા પતિદેવ તેડવા આવેલા છે તો મને રાજી થઈને રજા આપો એટલે મારા પતિદેવની સાથે જઈશ ત્યારે પિતાએ કહ્યું કે ભલે તું તારા પતિની જોડે જા પણ મારી તથા તારી માતાની ઈચ્છા છે કે એક દિવસ રહી જા. આવતીકાલે શીતળા સાતમ છે તો તે દિવસે શીતળા દેવીનું પૂજન તથા વ્રત કરીને પછી સુખેથી જા. કેમકે શીતળાનું પૂજન કરે છે તે સ્ત્રી અખંડ સૌભાગ્યવાળી થાય છે. સવારમાં વનમાં કોઈ સરોવર હોય ત્યાં જઈ તેમાં સ્નાન કરીને તેને કિનારે શીતળા દેવીનું પૂજન કરીને પાછી ઘેર આવજે. ત્યારપછી તું સુખેથી જજે ત્યારે તે પુત્રીએ કહ્યું બહુ સારું હું તેમ કરીશ. બીજે દિવસે સાતમની સવારમાં એક વિદ્વાન બ્રાહ્મણ અને તેની પત્નીને સાથે લઈને વનમાં ગઈ. આમતેમ ફરી પણ કોઈ સરોવર મળ્યું નહિ. સૂર્યનો તાપ અતિશે તપ્યો તેથી બ્રાહ્મણ તો તૃષાતુર થઈ થાકી જઈને એક ઝાડ નીચે સુઈ ગયો. તેની પત્ની તેને સમીપે બેઠી અને પુત્રી તો આમતેમ ફરીને સરોવરને શોધવા ગઈ, તેવામાં એક સ્ત્રી મળી તેને જોઈને પૂછ્યું કે હે બેન મારે શીતળાનું પૂજન કરવું છે તો કૃપા કરીને સરોવર દેખાડો ત્યારે તે સ્ત્રીએ એક સરોવર બતાવ્યું. તેમાં શીતળ જળમાં સ્નાન કરીને શીતળા દેવીની માટીની મૂર્તિ કરીને પૂજન કર્યું ત્યારે પ્રત્યક્ષ શીતળા દેવીએ પ્રગટ થઈને તેની પૂજા અંગિકાર કરીને તેને સારા આશીર્વાદ આપ્યા કે તમો સૌભાગ્ય વતી, પુત્ર વતી, ધનધાન્ય વતી થાઓ ત્યારે શુભકારીએ તેને બે હાથ જોડીને

પચાંગ પ્રણામ કરીને નમસ્કાર કર્યા છે,

*વંદેઽહં શીતળા દેવી રાસભસ્થં દિગંબરામ્*

*માર્જની કલશોપેતાં શૂર્પાલંકૃત મસ્તકમ્*

ત્યારપછી ત્યાંથી ચાલતી થઇ ત્યાં ઝાડની નીચે સર્પના દંશથી મૃત્યુને પામેલો પેલો બ્રાહ્મણ અને શોકથી રૂદન કરતી તેની પત્નીને જોઇ ત્યારે બ્રાહ્મણીએ કહ્યું કે તું હવે તારે ઘેર જા અને હું તો મારા પતિની સાથે બળી મરીશ ત્યારે શુભાકારી ઉદાસ થઈને શીતળાને યાદ કર્યા તેટલામાં શીતળા દેવીએ દર્શન દઈને કહ્યું કે તેં મારું પૂજન કર્યું છે તો તેનું પા ભાગનું પુન્ય આપ તો તે બ્રાહ્મણ જીવતો થશે. એમ કહી શીતળા દેવી અદશ્ય થઇ ગયાં પછી તે રાજ પુત્રીએ શીતળાના પૂજનનું ફળ અર્પણ કરવાનો સંકલ્પ કરીને જળ છાંટ્યું એટલે તે બ્રાહ્મણ તરત નિદ્રામાંથી આળસ મરડીને બેઠો થાય તેમ બેઠો થયો તે ચમત્કાર જોઈને તે બ્રાહ્મણીએ પણ તે વ્રત તથા પૂજન કર્યું. પછી આગળ ચાલ્યાં ત્યાં વનમાં પોતાની પાછળ આવતો રાજપુત્ર પોતાનો પતિ ગુણવાન તે વનમાં સર્પ કરડવાથી મરણ પામીને પડેલો હતો. તેને જોઈને તે શુભાકારી શોક કરવા લાગી ત્યારે શીતળા દેવીએ આવીને કહ્યું કે, તું શોક શા માટે કરે છે તેં મારું પૂજન તથા વ્રત કરેલું છે તે થોડું પુન્ય તારા પતિને આપ, એટલે તારો પતિ જીવતો થશે એમ કહીને દેવી તો અદશ્ય થઈ ગયાં. પછી શુભાકારીએ પુન્ય અર્પણ કરવાનો સંકલ્પ કરીને જળ છાંટ્યું એટલે તે ગુણવાન નિદ્રામાંથી જાગે તેમ આળસ મરડીને બેઠો થયો અને ઘેર આવીને સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું ત્યારપછી તે શુભાકારી પોતાના પતિની સાથે ગઈ અને હંમેશાં તે શીતળાનું વ્રત કરતી હતી અને સર્વે સુખ, સંપત્તિ, સૌભાગ્ય પુત્ર

વગેરેનું સુખ પામી તે જ વ્રત જો ભગવાનની પ્રસન્નતા માટે ભગવાનના પૂજનની સાથે કરેલું હોય તો આ લોકમાં સર્વ સુખ ભોગવે છે અને દેહને અંતે આત્યંતિક મોક્ષને પામે છે. ॥૩૮॥

# અક્ષય તૃતીયાની વ્રત કથા–૩૯

ભવિષ્યોત્તર પુરાણમાં અક્ષય તૃતીયાના વ્રત વિશે અતિ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. એ દિવસે તીર્થ ક્ષેત્રમાં સ્નાન કરવું. તલથી પિતૃઓનું તર્પણ કરવું અને ભગવાન શ્રીકૃષ્ણનું પૂજન કરવું. આ અક્ષય તૃતીયાને દિવસે પરશુરામ જયંતિ આવે છે. આ દિવસે વૈશાખ સુદ ત્રીજને દિવસે રાત્રિના પહેલા પ્રહરમાં ભગવતી રેણુકાના ગર્ભ થકી પરશુરામ સ્વરૂપે સાક્ષાત શ્રીકૃષ્ણ પ્રગટ થયા છે. એ સમયે પુનર્વસુ નક્ષત્ર હતું. આ તૃતીયાની તિથિ પ્રદોષ વ્યાપિની હોય તેજ વ્રતમાં લેવી. જો ત્રીજ અને ચોથ એમ બંને દિવસે પ્રદોષ સમયે વ્યાપ્તી હોય તો બીજે દિવસે વ્રતમાં લેવી. નહિ તો પહેલે દિવસે વ્રતમાં લેવી. આ અક્ષય તૃતીયા યુગાદિ તિથિ કહેવાય છે. મન્વાદી અને યુગાદી તિથિમાં સ્નાન, જપ, પૂજન જે કોઈ પણ શુભ કર્મ કરવામાં આવે તો તે અક્ષય ફળને આપનારું થાય છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, હે યુધિષ્ઠિર આ અક્ષય તૃતીયા વિશે વધારે બોલવામાં કોઈ લાભ નથી કારણ કે આ દિવસે સ્નાન, દાન, જપ, સ્વાધ્યાય, પિતૃ તર્પણ આદિક જે જે શુભ કાર્ય કરવામાં આવે એનું ફળ અક્ષય થાય છે. આ તિથિ સતયુગની આદિ તિથિ છે. એટલે એ યુગાદિ તિથિ કહેવાય છે. આ તિથિ સર્વે પાપોનો નાશ કરનાર અને સર્વે સુખને આપનાર છે. હે પાર્થ અહીં એક પુરાતનની ઈતિહાસની કથા કહું છું સાંભળો. પૂર્વે મહોદય નામે એક વણિક હતો એ અતિ નિર્મળ હૃદયવાળો હતો. સદાચારી

અને દેવ- બ્રાહ્મણોને પૂજનારો હતો. એ વણિક પોતાના પરિવારને સાનુકૂળ ન હતો છતાં પણ ભગવત પુન્ય કથા કિર્તન વગેરે શુભ કાર્ય કરવામાં પ્રિતીવાળો હતો. એક સમયે એણે કથાનું શ્રવણ કરતાં કરતાં સાંભળવામાં આવ્યું કે વૈશાખ સુદ ત્રીજને દિવસે રોહિણી નક્ષત્ર અને બુધવાર હોય તે દિવસે તૃતીયા મહાફળને આપનારી થાય છે અને એ દિવસે કરેલું દાન તેનું ફળ અક્ષય થાય છે એટલે તેણે ગંગામાં સ્નાન પિતૃઓને તર્પણ દેવોનું પૂજન વગેરે કર્યું. અને અન્ન સહિત જળ ભરેલા માટીના પાત્રો જવ, ઘઉં, લવણ, સાથવો, દૂધ, દહીં, ચોખા, સાકર વગેરેનું પોતાની શક્તિ પ્રમાણે શુધ્ધ મનથી બ્રાહ્મણોને દાન આપ્યું. કુટુંબમાં આશક્તિવાળી એની પત્નીએ ઘણોએ વાર્યો-અટકાવ્યો, છતાં પણ એ શુભ કાર્ય કરવામાં બંધ રહ્યો નહિ કારણ કે એ જાણતો હતો કે સંસાર સર્વે નાશવંત છે અને સ્વાર્થીઓ છે એમ માનીને એ ધર્માચરણ કરવાની સાથે ભગવાનનું ભજન સ્મરણ કરતાં કરતાં મૃત્યુને પામ્યો. શ્રીકૃષ્ણ કહે છે કે હે યુધિષ્ઠિર પછી એ વણિક બીજે જન્મે કાશી નગરીમાં ક્ષત્રિય રાજાને ઘેર જન્મને પામ્યો, અપાર સમૃદ્ધિનો અધિપતિ થયો. એણે મોટા મોટા યજ્ઞો કર્યા. પવિત્ર દેવોને જમાડીને અન્ન વસ્ત્રો પાત્રોના મનવંછિત દાનો આપ્યાં. વળી ગર્વે રહિત થઈને દાન, અંધ, અપંગ આદિકને કોઈપણ યોગ્ય વસ્તુ આપીને સંતૃપ્ત કરતો અને પોતે પણ યથેચ્છ ભોગોને ભોગવતો હતો, છતાં પણ તેનું ધન અક્ષય રહેતું. કારણ કે એણે આગલા જન્મમાં અતિ શ્રદ્ધાપૂર્વક દાન તર્પણ અને ભગવાનનું પૂજન કર્યું હતું માટે અક્ષત તૃતીયાને દિવસે પ્રાતઃકાળમાં સ્નાન કરીને દેવોનું પૂજન પિતૃઓનું તર્પણ અને ભગવાનનું પૂજન વગેરે શુભ કાર્યો કરવાં એ દિવસે દેવોની

પૂજા જવથી કરવી. જવનો હોમ કરવો. બ્રાહ્મણને જવનું દાન કરવું અને પોતે પણ એક વખત જવ જમવા. એ દિવસે સુવર્ણ, જવ, ઘઉં, ચણા, સાથવો, દહીં અને ચોખાનું દાન આપવું. ગ્રીષ્મ ઋતુમાં ઉત્પન્ન થયેલું ધાન્ય વિશેષ દાનમાં આપવું. આવી રીતે વૈશાખ સુદ ત્રીજને દિવસે રોહિણી નક્ષત્રમાં ભગવાનનું પૂજન કરીને જળથી ભરેલા કુંભનું દાન કરવાથી મનુષ્ય દેહને અંતે ભગવાનના ધામને પામે છે એમાં સંશય નથી. ॥ ૩૯ ॥

# શિવરાત્રીની વ્રત કથા–૪૦

માઘવદી ચર્તુદશીને દિવસે શિવરાત્રી વ્રત અર્ધરાત વ્યાપિની હોય તે જ વ્રતમાં ગ્રહણ કરવી કારણ કે તે દિવસે મધ્ય રાત્રિએ મહાદેવજી પ્રગટ થયેલા છે. આ શિવરાત્રી મધ્યરાત્રી વ્યાપિની વ્રતમાં લેવાની હોય છે. રાત્રિના બીજા પ્રહરની છેલ્લી ઘડી અને ત્રીજા પ્રહરની પ્રારંભની પ્રથમ ઘડીના સમયને નિશિથનો સમય કહેવાય છે અને જો બંને દિવસે ચર્તુદશી હોય ? તો પહેલી ચૌદશનો ત્યાગ કરીને બીજી ચૌદશ વ્રતમાં લેવી અને જો સૂર્ય અસ્ત સમયે ચૌદશ હોય તો તે તિથિ શિવ પૂજનમાં અતિ ઉત્તમ કહેલી છે અને જો દિવસ દરમિયાન તેરસ હોય અને આખી રાત્રિ ચૌદશ હોય તો તે દિવસે શિવરાત્રીનું વ્રત કરવું અને રાત્રે જાગરણ કરવું. આવી રીતે આ શિવરાત્રીના વ્રતમાં ચૌદશ પ્રદોષ વ્યાપિની ગ્રહણ કરવી.

પદ્મ પુરાણમાં તેરસના સંબંધવાળી ચૌદશ વ્રતમાં લેવાનું સમર્થન કરતાં કહે છે કે મધ્યરાત્રી પહેલાં તેરસ અને ચૌદશનો યોગ થતો હોય તે તેરસના વેધવાળી છે છતાં પણ તેજ દિવસે વ્રત કરવું સ્કંદ પુરાણમાં અમાવસ્યાના યોગવાળી શિવરાત્રીનો વ્રતમાં

નિષેધ કરેલો છે, માટે તે દિવસે જો વ્રત કરે તો તેના પાપની નિવૃત્તિનો કોઈપણ ઉપાય નથી અને તેનું કોઈ પ્રાયશ્ચિત્ત પણ નથી. ॥૪૦॥

# કોજાગર વ્રતની (શરદપૂનમ) કથા–૪૧

શ્રીકૃષ્ણ કહે છે જે હે રાજા યુધિષ્ઠિર આસો માસની પૂનમને દિવસે કોજાગર વ્રત કરવાનું હોય છે અને એ વ્રતને જો કોઈપણ મનુષ્ય અતિ શ્રદ્ધાથી કરે છે તો તે મનુષ્ય આલોકમાં નિર્ધન હોય, તો તે ધનવાન થાય છે. અને પોતાની પત્ની સગા સંબંધી સર્વે પોતાને અનુવૃત્તિ થઈ રહે છે. આગળમાં મગધ દેશમાં એક વલિત એવે નામે પવિત્ર બ્રાહ્મણ હતો. તે અતિ વિદ્વાન હતો અને સદાચારી હતો. ધર્મવાળો હતો, પરંતુ તે પૂર્વ કર્માનુસારે દરિદ્રિ હતો તો પણ તે કોઈની પાસેથી કાંઈપણ માગતો નહિ. દૈવ ઈચ્છાએ કોઈ પોતાને ઘેર કાંઈક આપી જાય ? તો તે સ્વીકારતો હતો. આમ પોતે સંતોષી હતો. તેથી ભગવાન એના પોષણ પૂરતું અન્ન વસ્ત્ર વગેરે આપી દેતા હતા તો પણ તેની પત્ની મહાક્રૂર સ્વભાવની હતી, તે વલિતને કાંઈ ને કાંઈ કટુ વચનો બોલીને સંતાપતી હતી અરે પીટીયા તારે ઘેર કોણ જાણે કયા પાપે કરીને હું આવી પડી છું. અરે મૂવા તારા ઘરમાં કાંઈએ મળે નહિ, મારે સારાં ઘરેણાં કે સારાં વસ્ત્રો પણ નહિ હોવાથી કેટલીક હેતુ સંતોષી બાઈઓ સારાં સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને આવે, તેને મારાથી મોઢુંયે દેખાડી શકાતું નથી. એ સહુ મને પૂછે છે જે હે બહેન અમો આવાં સારાં સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને કેવી મોજ માણીએ છીએ અને તું તો કોઈ દિવસ સારાં વસ્ત્રો કે સારાં ઘરેણાંય પહેરતી નથી ત્યારે

મને તો બહુ શરમ આવે છે. જેથી મોઢુંયે દેખાડી શકાતું નથી અને બોલવા જેવુંયે નથી રહેતું અને નીચે જોવું પડે છે અને મુવા જો મને પહેલેથી ખબર હોત તો હું તને વરત પણ નહિ. વળી મારા માબાપે કયા ભવના પાપે કરીને કોઈ વિચાર કર્યા વિના મને આવા ભૂખમરા સાથે પરણાવી છે. મૂવો ક્યારેય કોઈની પાસેથી યાચનાયે કરતો નથી. કાંઈ ઉદ્યમ કરતો નથી. આમ હંમેશાં વલિતને નહિ બોલવાના વચનો બોલીને પજવતી અને પરેશાન કરતી અને તેણીને મનથી નક્કી કરેલું જે જો હવે આ પીટિયો ધનને માટે કાંઈપણ પ્રયત્ન ન કરે તો તે કહે તેમ મારે ન કરવું અને એ કહે એથી ઉલટું કરવું અને વલિત પણ આવી કુભાર્યાના તિરસ્કારોથી કંટાળી જતો પણ શું થાય ? એમ કરતાં શ્રાદ્ધ પક્ષમાં પોતાના પિતાનું શ્રાદ્ધ આવ્યું. એ વખતે વલિતે વિચાર કર્યો જે મારા પિતાના શ્રાદ્ધને માત્ર ત્રણ દિવસ આડા છે અને ઘરમાં એટલી સામગ્રી પણ છે છતાં પત્ની છે અવળચંડી અને અવળા સ્વભાવની એટલે એ કાંઈપણ કરશે નહિ અને તેને જો શ્રાદ્ધ કરવાનું કહીશ તો તો એ કાંઈને કાંઈ બોલશે, તો હવે મારે શું કરવું ?આમ વિચારીને અતિશય ઉદાશ થઈ ગયો. તેવામાં ગણપતિ નામનો તેનો મિત્ર તેની પાસે આવ્યો, તેની સાથે કાંઈપણ બોલ્યો ચાલ્યો નહિ ત્યારે ગણપતિ કહે કેમ તું અતિ ઉદાશ દેખાય છેં ? તને શું દુઃખ છે ? કહેતો ખરો અને જો કહીશ તો મારાથી એ દુઃખની નિવૃત્તિનો ઉપાય બની શકે એમ હશે તો કરીશ ત્યારે પોતાના પિતાના શ્રાદ્ધ સંબંધી વાત કહી ત્યારે એ મિત્ર કહે જે અરે વલિત તું તો અતિ ભાગ્યશાળી છો કે જેથી તું કહે છે તેથી તારી પત્ની ઉલટું કરે છે, માટે એમાં મુંઝાવાનું શું છે ? મુંઝાવાનું કોઈ કારણ નથી. તારે જે કરવાનું હોય તો તેથી અવળું જ કહેવું

એટલે તે સવળું કરશે એમ કરતાં કદાચ કોઈ સવળું કામ થઈ જાય. પછી વલિત સાંજ વખતે પોતાની પત્નીને કહેવા લાગ્યો જે હે ચંડી જો આજથી ત્રીજે દિવસે મારા માતા પિતાનું શ્રાદ્ધ આવે છે. પરંતુ મારા પિતાએ આપણે માટે કોઈપણ દ્રવ્ય એકઠું કરીને મુકી ગયા નથી. વળી આપણી જીવાઈનો પણ કોઈ વિચાર કર્યો નથી. માટે તે શ્રાદ્ધ મારે તો કરવાનો વિચાર જ નથી. ત્યારે તે પત્ની કહે જે હું કરીશ. ત્યારે વલિત કહે જે ના ના, તું પણ એ શ્રાદ્ધ કરીશ નહિ અને જો તું કરે તો રસોઈ બહુ સારી નહિ કરવાની અને સારા બ્રાહ્મણોને નોંતરા નહિ આપવાનાં પણ જે પાપી, દુરાચારી, વ્યભિચારી આવા બ્રાહ્મણોને નોંતરાં આપવાનાં અને તેનો પીંડ ગંગામાં પધરાવજે આમ કહીને તે તો ચાલ્યો ગયો. પછી પત્નીએ તો તેથી ઉલટું કર્યું. શ્રાદ્ધને માટે સારામાં સારી રસોઈ કરી અને પવિત્ર બ્રાહ્મણોને નોંતરાં આપ્યાં. તેને જમાડીને પછી પીંડ ગંગાજીમાં પધરાવવો જોઈએ તેને બદલે શૌચના ખાડામાં પીંડ નાખ્યો. તે જોઈને વલિત અતિ દુઃખી થઈ ગયો અને વિચારવા લાગ્યો. જે અરે મને પહેલેથી જ શૌચના ખાડામાં નાખવાનું કહેવું હતું. આ તો સવળું કહેવાઈ ગયું હશે શું થાય? હવે મારે ઘરમાં રહેવું જ નથી. વનમાં જઈ તપ કરીને આ શરીરને પાડી નાખવું અને જો કાંઈક દ્રવ્ય મળશે તો પાછો આવીશ. આમ વિચારીને તે તો થયો ચાલતો. તે ધર્મ નદીને કિનારે જઈને ત્યાં વનમાં થતાં વન ફળ પત્ર વગેરેનો આહાર કરતો થકો તપ કરવા લાગ્યો. એમ કરતાં ત્રીસ દિવસ થયા એટલે આસો માસ આવ્યો. એ માસની પૂનમના દિવસે એજ વનમાં કાલિય નાગના વંશમાં જન્મેલી કન્યાઓ રહેતી હતી. તેઓએ કોજાગર વ્રત કર્યું હતું તેથી પૂનમની રાતે નાના

પ્રકારની પૂજાની સામગ્રીથી ભગવાન અને લક્ષ્મીજીનું પૂજન રાત્રિના પહેલા પહોરમાં કર્યું. પછી બીજા પ્રહરમાં રાસ રમવાનો પ્રારંભ થયો. તેવામાં ત્યાં તપને કરતા વલિતે કહ્યું કે આજે રાસ રમવાથી કયું ફળ પ્રાપ્ત થાય ? ત્યારે તે કન્યાઓ કહે જે આજે જે કોઈપણ ભગવાન અને લક્ષ્મીજીનું પૂજન કરીને તેની આગળ રાસ રમે છે તો તેના ઉપર લક્ષ્મીજી અને ભગવાન પ્રસન્ન થાય છે. અને આજની રાત્રિમાં લક્ષ્મીજી દરેક ઠેકાણે ફરે છે અને જો કોઈ નિર્ધન કે દરિદ્રી હોય તો તેને ઘણું જ ધન આપે છે. અમો પણ આજે તે વ્રત કરીને લક્ષ્મીજી અને ભગવાનનું પૂજન કરીને હવે રાસ રમવાનો વિચાર કરીએ છીએ, માટે તું પણ અમારી સાથે રાસ રમ. કારણ કે અમો ત્રણ જણા છીએ અને તું અમારી સાથે રમ. એટલે આપણે ચાર જણા થઈએ ત્યારે તે વલિત પણ રાસ રમવા તૈયાર થયો, પરંતુ મનમાં ચિંતા કરવા લાગ્યો જે હું આમની સાથે રાસ તો રમીશ પણ મારી પાસે છે, કાઈ નહિ અને શરીરે વસ્ત્રો પણ નથી અને કાંઈ દ્રવ્ય પણ નથી અને મારું શરીર પણ રૂપવાન નથી. અને આ તો ત્રણે જણી અતિ રૂપવાન છે અને સુંદર વસ્ત્રો, ધારણ કરેલા છે. એમની પાસે ઘણાંક કિંમતી રત્નો પણ છે તો હું એમની સાથે રાસમાં શોભીશ કેવો ? આમ ચિંતા કરવા લાગ્યો તે વખતે એ વલિતને ચિંતાતુર જોઈને ભગવાને લક્ષ્મીજીને કહ્યું કે આ બિચારો અતિ દુઃખી છે અને વસ્ત્રે રહિત નગ્ન છે. વળી અતિ કુરૂપવાન છે માટે તેના સામી કૃપાદષ્ટિ કરો તો બિચારો સુખી થાય, ત્યારે લક્ષ્મીજીએ તેમના સામી કૃપાદષ્ટિ કરી અને સામું જોયું કે વલિતનું શરીર અતિ રૂપવાન થઈ ગયું ત્યારે નાગ કન્યાઓએ વલિતનું શરીર વ્રતના પ્રભાવે કરીને અતિશય સુંદર

કામદેવના સમાન રૂપાળું થયેલું જોઈને કહેવા લાગી જે હે વલિત હવે આપણે એક પણ મૂકીને રમીએ તેમાં જો તમો આ રાસમાં પરાજીત થાઓ તો તમારે અમારા પતિ થઈને અમારી સાથે રહેવું અને જો અમો પરાજીત થઈએ તો અમો તમારી પત્ની થઈને તમારી સેવામાં રહીએ. ત્યારે વલિત કહે જે ભલે બહુ સારું, એ વાત મારે કબૂલ છે. એવી રીતે કહીને વલિત એ નાગ કન્યાઓની સાથે રાસ રમવા લાગ્યો. તેમાં વલિતે એ નાગ કન્યાઓને હોડમાં જીતી લીધી પછી તેઓની સાથે ગંધર્વ વિધિથી લગ્ન કર્યાં અને અનંત રત્નો આભૂષણોની સાથે નાગકન્યાઓને લઈને પોતાને ઘેર ગયો. અને એમ વિચાર કરવા લાગ્યો જે મારી અવળચંડી પત્નીના તિરસ્કારથી જ આ ઉત્તમ સદ્ભાગ્યને હું પામ્યો છું એમ માનીને પોતાની પત્નીનું પણ ઘણુંક સન્માન કર્યું. અને ત્યારપછી એ પણ વલિતને અતિ પ્રિય થઈ પડી અને અતિ પ્રસન્ન થઈને પતિની આજ્ઞામાં વર્તવા લાગી. આવો કોજાગર વ્રતનો મોટો પ્રભાવ છે માટે એ કોજાગર વ્રત તો અવશ્ય કરવું અને તે રાત્રિએ લક્ષ્મીજીની સાથે ભગવાનનું પૂજન કરીને રાસોત્સવ કરવો, જેથી લક્ષ્મીજી અને ભગવાન અતિશય પ્રસન્ન થાય છે અને એ ભક્ત દેહને અંતે ભગવાનના વૈકુંઠધામને અવશ્ય પામે છે. ॥ ૪૧ ॥

## ભાઈબીજની કથા–૪૨

સૂર્યદેવના એક યમરાજા અને એક યમુનાજી એમ બે સંતાનો હતાં. બહેન યમુનાજીએ એક વખતે પોતાના ભાઈ યમરાજાને પોતાને ઘેર જમવા માટે આમંત્રણ આપ્યું. યમરાજાને જમવા જવાનો ક્યાં અવકાશ હતો કે તે જમવા માટે જઈ શકે ? એમ પાંચ છ વખત આમંત્રણ આપ્યું પણ જમવા માટે બહેનને

ત્યાં ગયા નહિ કારણ કે જો જાય તો નરકના કુંડની દેખરેખ કોણ રાખે ? એમ કરતાં એક દિવસ બહેનના આગ્રહથી યમરાજાએ જમવા આવવા માટે પાકી પ્રતિજ્ઞા કરી કે, હવે હું અવશ્ય જમવા આવીશ એટલે યમુનાને પણ અતિ આનંદ થયો. અને પોતાને ઘેર મગ ચોખાની ખીચડી અને સુંદર કઢી બનાવી. તે દિવસે કાર્તિક સુદી બીજ હતી. તે દિવસે યમરાજા બહેનને ઘેર જમવા ગયા એટલે બહેને ભાઈને સારી રીતે સ્નાન કરાવ્યું. પછી યોગ્ય રીતે પૂજન કરીને જમવા બેસાડ્યા. જમીને પ્રસન્ન થયેલા યમરાજાએ પોતાની બહેનને વરદાન માગવા કહ્યું ત્યારે બહેને કહ્યું જે હે ભાઈ આવી જ રીતે હંમેશા કાર્તિક શુદિ બીજને દિવસે તમારે મારે ઘેર જમવા માટે આવવાનું ત્યારે ભાઈ કહે જે, જો હંમેશા આવી રીતે તમારે ઘેર જમવા માટે આવું તો પછી નરકના કુંડની દેખરેખ કોણ રાખે ? ત્યારે બહેન કહે જે હે ભાઈ જો તમોને એ દિવસે જમવા આવવાનો સમય ન મળે તો તે દિવસે નારકી જીવોને છોડી મૂકો અને સર્વેને રજા આપી દ્યો, પણ જમવા માટે આવીશ એવું મને વચન આપો અને યથાશક્તિ અન્ન વસ્ત્રે કરીને તથા ધન વગેરેથી બહેનને રાજી કરજો. ત્યારે યમરાજાએ તથાસ્તુ કહીને બહેનને વચન આપ્યું માટે તે દિવસે બહેનને ઘેર ભાઈ જમીને બહેનને યોગ્ય દાન ભેટ આપે છે તો તેને સર્વે રીતે સુખ શાંતિ પ્રાપ્ત થાય છે અને નરકમાંથી જીવોને મુક્તિ મળે છે પછી ભાઈએ બહેનને પૂછ્યું કે જેને સગીબહેન ન હોય તો તેને જમવા માટે કોને ઘરે જાય ? ત્યારે બહેન યમુના કહે જે ઓરમાન બહેન હોય, કાકાની દીકરી હોય અથવા મામા-માસીની દીકરી હોય તે પણ બહેન જ કહેવાય અને તે પણ ન હોય તો કોઈને પણ બહેન તરીકે સ્વીકારીને તેને ઘેર

જમવા જાય તો તેને પણ એટલું જ પુન્ય થાય છે. અને છતે બહેને જો ભાઈ બહેનને ઘેર જમવા ન જાય અથવા બહેન ભાઈને જમવા માટે આમંત્રણ ન આપે તો બંને જણાં નરકના અધિકારી બને છે. અને તેના સર્વે શુભ કર્મ ધોવાઈ જાય છે અને જો બહેન ભાઈને પ્રેમથી જમાડે છે તો તે બહેનને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે અને આયુષ્માં વૃદ્ધિ થાય છે અને આજથી આરંભીને આ કાર્તિક સુદ બીજ તે ભાઈબીજ એવે નામે કહેવાશે. ત્યારપછી યમુનાએ યમરાજાને વિદાય આપી, ત્યારથી કરીને યમરાજા દર વર્ષે કાર્તિક સુદિ બીજને દિવસે નારકી જીવોને છોડી મુકીને બહેનને ઘેર જવા માટે જાય છે માટે જો એ દિવસે ભાઈ બહેનને ઘેર જમવા માટે જાય અને જમીને યથાશક્તિ અન્ન, વસ્ત્ર કે ધન બહેનનેભેટમાં આપે છે, તો તે ભાઈની સર્વે સમૃદ્ધિ વૃદ્ધિ પામે છે અને અતિ સુખને પામે છે અને નરકના દુઃખ થકી મુક્ત થઈ જાય છે. ॥૪૨॥

# વીરપસલી વ્રતની કથા-૪૩

એક ગામમાં ભગવાનના પરમ ભક્ત એક પટેલ રહેતા હતા. તેને સાત દીકરા હતા અને એક દીકરી હતી. સાતે દીકરાને સારે ઠેકાણે પરણાવેલ હતા અને દીકરીને પણ પરણાવેલ હતી અને સાસરે મૂકેલી પરંતુ ત્યાં કોઈક અણબનાવને કારણે દીકરી પિયરમાં આવીને રહેતી હતી. મોટા છોકરા અલગ અલગ રહેતા હતા. પરંતુ એક નાનો દીકરો માવિત્રોની સાથે રહેતો હતો. તે ઉપર માબાપને કાંઈક હેત હતું. અને એ નાનો દીકરો જેમ તેમ કરીને મા બાપનું અને બહેનનું ભરણ પોષણ કરતો હતો. એક વખત બહેનને વિચાર આવ્યો કે નાના ભાઈની સ્થિતિ નબળી છે. પાંચે જણાનું પોષણ કરવું એ મોટી તકલીફછે માટે મારા મોટા

ભાઈઓને ત્યાં મજૂરી કરવા જાઉં તો નાના ભાઈને થોડી રાહત મળે. આમ વિચારીને તેઓને પાસે જઈને મજૂરી કરવાની વાત કરી ત્યાં તો ભાઈઓથી પહેલા ભાભીઓ બોલી કે અરે રાંડ, તને ઢોર ચરાવતા આવડે છે ? જો એ કરવાની પહોંચ હોય તો તને મજૂરી રાખીએ એમ તોછડાં વચનો કહ્યાં ત્યારે બહેન કહે છે કે, ભલે હું ઢોર ચરાવવા જઈશ પછી હંમેશાં ઢોર ચરાવવા જાય. સાંજે આવે ત્યારે ટાઢું એંઠું વધ્યું, ઘટ્યું ઉતરેલું વાસી એવું અન્ન ખાવા આપે તે લઈને ઘેર આવીને ખાય એમ કરતાં વગડામાં એક વખત નદીને કાંઠે વ્રત કરતી છોકરીઓને જોઈને તેને પૂછ્યું કે આ તમો સર્વે શું કરો છો ? ત્યારે તે કહે જે, આજે વીરપસલી વ્રત છે તેથી તેનું વ્રત લીધેલું છે. તેથી આ દોરા લીધેલા છે તેની પૂજા કરીને તે દોરા ભાઈને હાથે બાંધીશું ત્યારેએ બહેન કહે જે એ દોરા બાંધવાથી શું થાય ? ત્યારે છોકરીઓ કહે જે, દોરા બાંધવાથી રાજી થયેલો ભાઈ પોતાની બહેનને જે કાંઈ શ્રદ્ધાથી અન્ન વસ્ત્ર કે દાન વગેરે જે કાંઈ આપે. તેથી ભાઈ બહેનના બારે માસ સુખપૂર્વક પસાર થાય અને પતિ-પત્ની વચ્ચે કાંઈ અસંતોષ હોય તો તે પણ નિવૃત્તિ પામી જાય અને શાંતિ થાય ત્યારે તે બહેન કહે જે તો તો હું પણ એ વ્રત કરું. પણ મને એની વિધિની ખબર નથી માટે એની વિધિ શું છે ? તે મને કહોને ત્યારે એ છોકરીઓ કહે જે એક આઠ સરવાળો દોરો લેવો તેમાં આઠ ગાંઠો વાળવી આઠ દિવસ સુધી સાંજે, સવારે તે દોરાનું ધૂપ, દીપ, અબીર, ગુલાલ વગેરેથી પૂજન કરવું અને તેની સાથે પોતાના ઈષ્ટદેવનું પણ પૂજન કરવું. અને જેટલા પોતાના ભાઈ હોય એટલા દોરા કરવા અને એક દોરો અધિક વધારે કરવો. આ વ્રત શ્રાવણ માસના પહેલા રવિવારથી

શરૂ કરવું અને ત્યારથી આરંભીને પોતે ફળાહાર કરવું, જ્યારે આઠ દિવસ પૂરા થાય, એટલે પીપળાનું પૂજન કરીને પીપળાને એક દોરો બાંધવો અને બીજા દોરા પોતાના ભાઈઓને બાંધવા. પછી ભાઈ જે પોતાને પ્રેમથી આપે તે ખાઈને દિવસ પસાર કરવો. તે સાંભળીને બહેને વિચાર કર્યો કે એ વ્રત મારે કરવું. એમ વિચારીને દોરા લીધા. સાંજે ઘેર આવીને માને કહ્યું કે હે મા, મારે વીર પસલી વ્રત કરવું છે અને તેને માટે મેં દોરા લીધા છે. સાંજે કદાચને મોડું થાય તોદેવતા રાખી મૂકજો કારણ કે સાંજે ધૂપ દીપ કરવા કામ આવે. એમ કહીને ગઈ, પછી સાંજે આવીને પૂજા કરી એમ રોજ સાંજે ઘેર આવીને ધૂપ દીવો કરીને રોજ પૂજા કરે. એમ કરતાં આઠ દિવસ થયા. આઠમે દિવસે પૂજા કરીને માને કહે જે હું મોટા ભાઈને હાથે દોરા બાંધી આવું એમ કહીને મોટા છ ભાઈઓના હાથે દોરા બાંધ્યા પણ ભાઈઓએ કાંઈપણ પૂછ્યું નહિ જે એ બહેન તેં આ દોરા શેના બાંધ્યા ? પણ ઉલટી ઈર્ષાળુ ભાભીએ ઘણીક ગાળો દીધી તે ભેટમાં માનીને બાઈ નિરાશ થઈ ગઈ અને ઘેર આવી તેવામાં નાનો ભાઈ ખેતરે જતો રહ્યો હતો. તેથી તે ખેતરે જઈને ભાઈને કહે જે હે ભાઈ વીરપસલી, એમ કહીને હાથે દોરો બાંધ્યો. ત્યારે ભાઈએ પૂછ્યું જે બહેન ! આ દોરો શા માટે બાંધ્યો ? અને તેના બદલામાં હું તને શું આપું ? ત્યારે બહેન કહેછે જે પ્રેમથી આપશો તે મને સોના સમાન છે અને આપે સુખી થશો અને હું પણ સુખી થઈશ એટલે ભાઈની પાસે ખેતરમાં વાવવા માટેની કોદરી હતી. તેમાંથી સવાશેર કોદરી આપી અને પોતાના ખિસ્સામાંથી ક્યાંકથી મળેલ ત્રાંબાનો પૈસો કાઢીને આપ્યો અને એક માટીનું ઢેકું આપ્યું. તે પ્રેમથી લઈને બહેન કહે જે તમોએ મને

પ્રેમથી આપેલ કોદરી કમોદ સમાન છે. આ માટીનું ઢેફું તે ગોળ સમાન છે. અને ત્રાંબાનો પૈસો સોના સમાન છે. આમ ભાઈને સારા આશીર્વાદ આપીને ઘેર આવી તેવામાં જ પોતાનો પતિ પોતાને તેડવા આવ્યો ને સાસુને કહે જે હું આપને પગે લાગીને પ્રાર્થના કરું છું અને આજથી પ્રથમ જે થયું તે જતું કરીને અને તમારી દીકરીને તેડવા માટે આવ્યો છું. તો તમો તેને મુકો ત્યારે મા કહે જે, હે દીકરી જો આ તારા વ્રતના પ્રભાવે મારા જમાઈ તને તેડવા માટે આવ્યા છે. માટે તું તારે ઘેર જા. આમ કહીને મા પોતાના હૃદયમાં અતિ પ્રેમ હોવાથી શોક કરવા લાગ્યા અને વિચારવા લાગ્યાં જે આજે ઘણો સમય થયા દીકરી માટે ઘેર રહી અને આજે એ જાય છે તો એને કાંઈક ભેટ આપવી જોઈએ પણ શું કરું ? ઘરમાં કાંઈપણ છે નહિ માટે દીકરીને શું આપું ? એવામાં મોટા છ ભાઈઓ અને ભાભીઓને ય ખબર પડી જે આજે બહેન જવાની છે તો ચાલો મળી આવીએ અને એમને કાંઈક ભેટ જેવું આપી આવીએ. એમ મશ્કરીમાં ઠેકડી કરીને એક કપડામાં ફાટેલાં તૂટેલાં અને મેલા કપડાના ટુકડા અને કેટલીક તુટેલી અને ઘરમાં આડી આવતી ઈંઢોણીઓ વગેરેની પોટલી બાંધીને આપી અને કહે જે લીયો બહેન ભેટ ત્યારે તે બહેન કહે છે કે સારું તમો આપ્યું તે સોના સમાન છે, તેવામાં નાનો ભાઈ ખેતરે હતો તેને ખબર પડી જે બહેનને જમાઈ તેડવા માટે આવ્યા છે એમ જાણીને દોડતો આવ્યો અને તેને મળીને વિચાર કરવા લાગ્યો જે ઘણે દિવસે બાઈ જાય છે તો મારે કાંઈક ભેટ આપવી જોઈએ, પણ શું કરૂં ? ઘરમાં કાંઈ પણ છે નહિ. એમ વિચારીને ઉદાસ થઈ ગયો. ત્યારે બહેન કહે જે, હે ભાઈ તમો ઉદાસ થશો નહિ. તમોએ મને પ્રેમથી જે ત્રાંબાનો પૈસો આપ્યો એ

સોના સમાન છે. કોદરી આપી એ કમોદ સમાન છે અને માટીનું ઢેકું તે ગોળ સમાન છે માટે કાંઈપણ ચિંતા કરશો નહિ અને મારા ઉપર રાજી રહેજો. એમ કહીને વિદાય લીધી ત્યારે બધાયે ભાગોળ સુધી બહેનને વળાવવા માટે આવ્યા. તે સમયે માને દુઃખ થયું જે મારી દીકરીને મેં કાંઇ પણ આપ્યું નહિ. હવે બીજું તો કાંઇ નહિ પણ તેને દોરાને ધૂપ કરવા માટે દેવતા રસ્તામાં કોણ આપશે ? માટે એ લાવી આપું. એમ વિચારીને પાછા ઘેર જઈને એક માટીની તોલડીમાં દેવતા લાવીને દીકરીને આપ્યો પછી માર્ગમાં ચાલવા માંડ્યું. મા-બાપ ભાઈઓ સર્વે પાછાં આવ્યાં. માર્ગમાં બંને જણાં આનંદપૂર્વક વાતો કરતાં કરતાં ચાલ્યાં જતાં હતાં. માર્ગમાં પતિએ પૂછ્યું કે આ તારી માએ દેવતા શા માટે આપ્યો છે ? ત્યારે પત્ની કહે છે કે, મેં વીરપસલીનું વ્રત કર્યું હતું અને તેનો જ આ પ્રભાવ છે કે જેથી આપણું મિલન થયું છે અને આ મારી માએ જે દેવતા આપ્યો છે તેનું પણ કારણ એ જ છે એમ કરતાં તાપથી તેમજ તરસ અને ભૂખથી પીડાતાં થકાં ચાલ્યાં જતાં હતાં તેવામાં માર્ગમાં એક ગામની ભાગોળે એક વાવ જોવામાં આવી ત્યારે બાઇ કહે જે હે પતિદેવ હું આ વાવમાં સ્નાન કરી આવું ત્યાં સુધી આપ જરાવાર આ ઝાડની નીચે બેસીને વિશ્રાંતિ લિયો. એમ કહીને પોતે સ્નાન કરવા ગઈ. સ્નાન કરીને પતિને કહે જે એ પોટલીમાંથી એક વસ્ત્ર આપો. ત્યારે પતિએ પોટલી છોડી, તો તેમાં અનેક પ્રકારની રંગબેરંગી રેશમી સાડીઓ જોઈને કહે જે હું તને કઈ અને કેવા કલરની સાડી આપું ? ત્યારે પત્ની કહે જે, જેતે એક સાડી આપોને ત્યારે પતિએ એક સારી ગુલાબી કલરની સાડી આપી તે પહેરીને બાઇ વિચાર કરે છે. મારી ભાભીઓએ આવી કિંમતી સાડીઓ

આપી છે ? પછી બીજી પોટલીમાં જોયું તો સોનામહોરો દીઠી. માટીનું ઢેકું હતું તે સુંદર મજાનો ગોળ દીઠો ત્યારે પત્ની કહે જે હે પતિદેવ, આપણી પાસે દ્રવ્ય તો ઘણુંયે છે માટે જો ગામમાંથી સિધું સામાન લાવો તો રસોઇ કરીને આપણે જમીએ. એટલે પતિ ગામમાં સિધું સામાન લેવા ગયો અને પાછળથી જ્યાં વાવ હતી, ત્યાં અતિ સુંદર સાત માળની હવેલી બની ગઈ અને તેની ચારે બાજુ અતિ સુંદર ફુલ બાગ બની ગયો. તેવામાં સિધું સામાન લઈને આવતા પતિએ વિચાર કર્યો કે આટલી જ વારમાં આ બધું શું થઈ ગયું. તેવામાં સાતમા માળના ગોખમાં બેઠેલી પત્નીએ બોલાવીને કહ્યું કે હે પતિદેવ આવો આવો આ મહેલ આપણો છે. પતિ તો અંદર ગયો અને આવા સર્વે સામગ્રીએ યુક્ત મહેલનું કારણ પૂછ્યું ત્યારે પત્ની કહે જે આ બધું વીરપસલી વ્રતનો પ્રભાવ છે ત્યાર પછી તેમાં રહીને સર્વે સુખ ભોગવવા માંડ્યા. તેવામાં અચાનક ભયંકર દુષ્કાળ પળયો એટલે મા-બાપ સાતે ભાઈઓ અને સાતે ભાભીઓને અપાર દુઃખપડ્યું. ખાવા કાંઈ જ મળે નહિ તેથી ક્યાંક મજૂરી મળે તો દેહનો નિર્વાહ થાય. એટલા માટે આમ તેમ ગામોગામ ભટકવા લાગ્યા, તે ફરતાં ફરતાં દૈવ ઈચ્છાએ તે જ ગામમાં આવી ચડ્યાં તે મહેલની ચારેબાજુ બગીચામાં કામકાજ કરતાં કેટલાંક મજૂરોને જોઈને તેને પૂછ્યું જે આ બાગ કોનો છે ? અને અમો વરતવા માટે આવેલા છીએ તો અમોને મજૂર તરીકે રાખશો ? અમો શોડ જણા છીએ ત્યારે એ નોકર બહેનને વાત કરીત્યોં તેને જોતાં જ બાઈએ તો એ બધાને ઓળખી લીધા કે આ તો બધા મારા મા, બાપ, ભાઈઓ અને ભાભીઓ જ છે પણ તેઓ બહેનને ઓળખી નહિ. નોકરે કહ્યું ત્યારે બહેને મજુરી તરીકે રહેવા

માટે હા કહી પછી છ મોટા ભાઈઓને ત્રિકમ પાવડા આપીને માટી વગેરે ખોદવા માટે કહ્યું અને ભાભીઓને માટી ઉપાડવાનું કામ સોંપ્યું અને નાનાભાઈ, ભાભીને એ બધા મજૂરો ઉપર દેખરેખ માટે રાખ્યો. મા-બાપને એક સુંદર ઓરડામાં નિવાસ આપ્યો. આમ રોજ કામકાજ કરે અને બહેન તેને મજૂરી આપે. આમ બહેને બધાને આશરો આપ્યો અને છયે ભાઈઓ અને ભાભીઓ રોજ તનતોડ મહેનત કરે અને નાનો ભાઈ અને તેનીપત્નીએ સર્વે ઉપર દેખરેખ રાખે. બહેનના ઘરમાં જે જે વાસણો, ખાટલા, પલંગો, ખુરશીઓ એ બધુ સોનાનું હતું. આમ કરતાં એક વખતે બહેનને વિચાર થયો કે આ બધાને મારા મહેલમાં જમાડું એમ વિચારીને બધાને જમવાનું આમંત્રણ આપ્યું એટલે બધા આવ્યા. જમવા માટે બેઠા ત્યારે બહેને મોટા ભાઈઓની થાળીમાં સોનાના લાડુ પીરસ્યા, ભાભીઓની થાળીમાં રૂપાના લાડુ પીરસ્યા, વાટકમાં ઘણું મીઠું નાખેલી દાળ પીરસી અને નાના ભાઈ, ભાભી અને મા-બાપની થાળીઓમાં ચુરમાના ખાંડના લાડુ પીરસ્યા. અને અતિ સ્વાદિષ્ટ, દાળ, શાક વગેરે પીરસ્યા પછી જમવાની આજ્ઞા આપી એટલે મા-બાપ, નાનો ભાઈ અને ભાભી પ્રેમથી પેટ ભરીને માંડ્યા જમવા અને મોટા છ ભાઈઓ અને ભાભીઓ તો એકબીજાના મોંઢા સામું જોવા માંડ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કેમ ખવાય ? અને આ લાડું કેમ ચવાય ? અને દાળ પણ અતિય ખારી તે કેમ ખવાય ? ત્યારે બહેન કહે જે તમો જમતા કેમ નથી અને એકબીજાના મોંઢા સામું કેમ જુઓ છો ? જમોને, ત્યારે તેઓ કહે જે, આ કેમ ખવાય ? આ નાના ભાઈને અને તેની પત્નીને અને મા બાપને કેવું સારું જમવાનું આપ્યું છે. અમોને આવું કેમ આપ્યું છે ? ત્યારે

બહેન કહે જે હું તમારી નાની બહેન છું. હું તમારી પાસે જ્યારે આવતી ત્યારે તમો મને કાંઈપણ આપતાં નહિ. એક વખતે મેં વીરપસલી વ્રત કરેલું ત્યારે મેં તમારે હાથે દોરા બાંધ્યા ત્યારે તમોએ મને ખૂબ ગાળો દીધી. અને નાના ભાઈએ પ્રેમથી ત્રાંબાનો પૈસો આપ્યો. કોદરી આપી, માટીનું ઢેકું આપ્યું તે સર્વે સોના સમાન, ગોળ સમાન અને કમોદ સમાન થયું. અને જ્યારે હું તમારે ઘેર આવતી ત્યારે હું તમોને નાની બહેન ખારી ઝેર સમાન લાગતી અને આ નાનો ભાઈ બિચારો જેમ તેમ કરીને પાંચે જણાનું ભરણ પોષણ કરતો હતો. મેં જ્યારે દોરો બાંધ્યો ત્યારે તેણે પોતાની શક્તિ પ્રમાણે આપ્યું. મીઠે વચને મને બોલાવી એ બધું તમોને યાદ તો છે ને ? ત્યારે બધા શરમાઈ ગયા અને નીચા મોઢા કરીને બેસી રહ્યા અને વળી બહેન કહેજે મેં વીરપસલીનું વ્રત કર્યું એનો જ આ પ્રભાવ છે અને આ બધું સુખ અમોને મળ્યું છે ત્યારે બધાયે બે હાથ જોડીને બહેનને પગે લાગીને માફી માગી પછી બહેને બધાને પોતાના મહેલમાં નિવાસ આપ્યો અને બધાને પોતાના સમાન જ સુખ સંપત્તિ આપી અને સર્વે લીલા લહેરથી દિવસો વિતાવવા લાગ્યાં. આવો પ્રભાવ છે વીરપસલી વ્રતનો. આજે પણ એ વીરપસલીનું વ્રત કરવાનું લોકમાં પ્રચલિત તો છે પરંતુ એ વ્રતના મહિમાને અને તેના વિધિને તો ઘણે ભાગ્યે ખબર ઓછી જ હશે. માટે એ વ્રત મહિમાપૂર્વક કરવું જોઈએ તો જ તેનું યથાર્થ ફળ પ્રાપ્ત થાય છે અને તેજ વ્રત જો ભગવાનના સંબંધથી અને ભગવાનની પ્રસન્નતાર્થે કર્યું હોય તો આ લોકમાં મુક્તિ પામે છે અને દેહને અંતે મોક્ષને અવશ્ય પામે છે અને ભગવાનના ધામમાં અપાર સુખને પામે છે. ॥ ૪૩ ॥

# જયા પાર્વતી વ્રત–૪૪

આ વ્રત અષાઢ સુદ ૧૩ થી આરંભી અષાઢ વદ ત્રીજને દિવસે સમાપ્ત કરવું. આમ આ વ્રત ૭ દિવસ કરવાનું હોય છે. દરેક દિવસે ગોળ અને મીઠા વિનાનું ભોજન એક વખત કરવું. અને છેલ્લે દિવસે રાત્રે ભગવાનના કિર્તન, ધુન્ય, રાસોત્સવ કરવાપૂર્વક જાગરણ આખીયે રાત કરવું. સવારે સ્નાન પૂજા વગેરે કરીને પારણું કરવું. આ વ્રત કરવાથી બહેનોને ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. સૌભાગ્યપણું પ્રાપ્ત થાય છે. ભીષ્મ પિતામહ કહે છે કે હે યુધિષ્ઠિર આ સંબંધમાં એક પુરાતની ઈતિહાસ તમારા પ્રત્યે કહું છું. સાંભળો. એક ગામમાં એક બ્રાહ્મણ અને તેના પત્ની રહેતાં હતાં. બ્રાહ્મણનું નામ હતું વામન અને સત્યા નામની એની પત્ની હતી. બંને અતિ દયાળુ સ્વભાવનાં હતાં. અતિ ભગવાનની ભક્તિ પરાયણ હતા. પરંતુ તેને એક શેર માટીની ખોટ હોવાથી બંને ચિંતામાં હંમેશા રહેતાં હતાં. એવામાં એક વખતે ત્યાં દૈવ ઈચ્છાએ નારદજી પધાર્યા ત્યારે બ્રાહ્મણે તેનો યોગ્ય રીતે આદર સત્કાર કર્યો. પછી તેમની આગળ પોતાની મૂંઝવણ રજૂ કરી ત્યારે નારદજી કહે જે હે વિપ્ર તમો અહીંથી દક્ષિણ દિશામાં જંગલમાં એક શિવ પાર્વતી બિલિ પત્રના ઢગલામાં ઢંકાયેલ છે. તેમની પૂજા કોઈ કરતું નથી. તો તમો એ ભોળાનાથની પૂજા કરો. એ સદાશિવ જરૂર તમારું દુઃખ દૂર કરશે. આમ કહીને નારદજી તો ચાલ્યા ગયા. પછી તે બ્રાહ્મણ અને બ્રાહ્મણીએ ત્યાં જવા માટે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં દૂર દૂર એક બિલિના ઝાડ નીચે બિલિપત્રનો મોટો ઢગલો જોયો. બંનેજણાએ એ ઢગલો ખસેડ્યો તો અંદર શિવ પાર્વતી દેખાયા પછી એ બધી જગ્યા સાફસૂફ કરી સમીપે રહેલા

તળાવમાંથી પાણી લાવીને છાટ્યું અને શિવ પાર્વતીજીને વિધિ પ્રમાણે સ્નાન પૂજન કરીને બિલિપત્ર ચડાવ્યાં અને પોતે પણ બંને જણાં ભક્તિમાં લાગી ગયાં. એમ કરતાં પાંચ વર્ષો વિતી ગયાં પણ ભોળાનાથ પ્રસન્ન થયા નહિ ત્યારે એમના મનમાં થયું કે પાંચ વર્ષોની ભક્તિ નિષ્ફળ જશે ? એમ કરતાં એકવાર બ્રાહ્મણ ફળફૂલ લેવા માટે ગયો. તે પાછો આવ્યો નહિ. આથી તેની પત્ની એની શોધમાં ચાલી તો દૂર દૂર એક ઝાડ નીચે એક મૃત્યુ પામેલા બ્રાહ્મણને જોયો. અને બાજુમાં જ આમતેમ ફરતો એક સાપને જોયો ત્યારે એ બ્રાહ્મણીના મનમાં થયું કે આ સર્પ દંશથી મારો પતિ મૃત્યુ પામ્યો છે એમ વિચારીને રુદન કરવા લાગી. તેવામાં ત્યાં ફરતાં ફરતાં વનદેવીના રૂપમાં મા પાર્વતી દેવી આવ્યા ત્યારે પેલી બ્રાહ્મણીએ વનદેવીને વંદન કરીને પોતાના પતિને સજીવન કરવા માટે પ્રાર્થના કરી. એટલે પાર્વતીજીએ પોતાનો હાથ ફેરવીને તેને સજીવન કર્યો અને નવું જીવન આપ્યું એટલે બ્રાહ્મણે માના ચરણોમાં વંદન કર્યું ત્યારે માતાજીએ એના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો અને સારા આશીર્વાદ આપ્યા અને કહ્યું, જે હું તમારી ભક્તિથી પ્રસન્ન થઈ છું. માટે તમોને જે માગવાની ઈચ્છા હોય તે માગો ત્યારે બંને જણાએ પુત્ર પ્રાપ્તિની યાચના કરી ત્યારે માતાજીએ કહ્યું કે તમો હું કહું તેમ કરો. તમોને જરૂર પુત્ર પ્રાપ્તિ થશે. તેં જયા પાર્વતી વ્રત કર્યું તે વ્રત અષાઢ સુદ ૧૩ ના રોજ શરૂ કરીને અષાઢ વદ ૩ ના રોજ સમાપ્ત કરવું. રોજ શિવ-પાર્વતીની બિલિપત્રાદિ વડે પૂજા કરવી. પાંચમે દિવસે ગોળ અને મીઠા વિનાનું ભોજન એક વાર કરવું. છઠ્ઠે દિવસે એક કે વધારે પોતાની શક્તિ પ્રમાણે સૌભાગ્યવંતી સ્ત્રીઓને યથાશક્તિ વસ્ત્રો કે સૌભાગ્ય ચિહ્નો આપીને છેલ્લી

રાત્રિએ જાગરણ કરવું. આ ઉજવણી દરમ્યાન પોતાના ઈષ્ટદેવના સ્મરણ સાથે કિર્તનો, ભજનો ગાવા. આ વ્રત કરવાથી સ્ત્રીઓનું સૌભાગ્ય અખંડ રહે છે. સંતાન પ્રાપ્તિ સુખ શાંતિ અને ઈચ્છિત સમૃધિ પણ પ્રાપ્ત થાય છે. આમ કહીને માતાજી અંતર્ધ્યાન થઈ ગયાં. પછી એ બ્રાહ્મણીએ એ વ્રત પાર્વતી માતાના કહેવા પ્રમાણે કર્યું. એ વ્રતના પ્રભાવથી એને અતિરૂપવાન પુત્ર પ્રાપ્ત થયો અને અતિ આનંદ થયો અને એ બ્રાહ્મણ, બ્રાહ્મણીનું જીવન આનંદથી વ્યતીત થવા લાગ્યું. ભીષ્મ કહે છે કે હે રાજન આવો પ્રભાવ છે એ જયા પાર્વતી વ્રતનો વિશેષ એ જ વ્રત જો ભગવાનના સંબંધથી કરાયેલું હોય તો આ લોકમાં પણ સુખ પ્રાપ્ત થાય અને અંતે મોક્ષને પામે છે. ॥ ૪૪ ॥

# જીવન્તિકા વ્રત–૪૫

આ વ્રત શ્રાવણ માસના પહેલા શુક્રવારે કે કોઈપણ શુક્રવારથી કરી શકાય. જીવન્તિકા દેવીનો દીપ પ્રગટાવી ભક્તિ પૂર્વક એકટાણું કરી આ દિવસે પીળા વસ્ત્રો કે કોઈપણ પીળુ ભોજન આદિક વસ્તુનો ઉપયોગ કરવો નહિ અને એ વ્રત કરનારને શું ફળની પ્રાપ્તિ થાય છે તે સંબંધમાં અહીં એક પુરાતની ઈતિહાસ છે. ભીષ્મ પિતામહ કહે છે કે હે રાજા યુધિષ્ઠિર પૂર્વે કાશીનગરીમાં એક રાજા રાજ્ય કરતો હતો. એ રાજા સર્વે રીતે સુખી હતો ? પણ તેને એક શેર માટીનીખોટ હોવાથી તે રાજા અને રાણી બંને ચિંતાતુર હતા. રાણીની એક દાસી હતી તે સુયાણીનું કામ કરતી એ દાસીને જાણવામાં આવ્યું કે ગામમાં એક બ્રાહ્મણી ગર્ભવતી છે તેને ત્રણ માસ થયા છે પછી તેને રાણીને વાત કરી કે ગામમાં પેલી પદ્માવતીને પેટમાં બાળક છે તેને ત્રણ માસ થયા છે જ્યારે એ બાળક જનમશે

ત્યારે તે જો પુત્ર હશે ? તો હું ચુપચાપ લાવીને આપની પાસે મુકી જઈશ પરંતુ તમારે આજથી એવું કરવું પડશે. તમોને ગર્ભ રહેતા ત્રણ માસ પુરા થયા છે એમ કરતાં નવ માસ થયા એટલે પેલી બ્રાહ્મણીએ પુત્રને જન્મ આપ્યો અને એની ક્રિયા કરવા માટે પણ એ રાણીની દાસી જ ગઈ હતી. પુત્રનો જન્મ થયો ત્યારે તે દાસી પુત્રને લઈને રાણીબાને આપ્યો અને બીજી દાસીઓને જાણ કરીકે રાણીબાને ત્યાં પુત્રનો જન્મ થયો છે. દાસીઓ વધામણી સાંભળીને ખુશી થઈ. આખાય નગરમાં સમાચાર વાયુવેગે ફેલાઈ ગયાં. રાજમહેલમાં આનંદ છવાયો અને પેલી બ્રાહ્મણીના ઘરમાં રોકકળ શરૂ થઈ જે એ બ્રાહ્મણીને ત્ત્યાં બાળકનો જન્મ થયો, પરંતુ જન્મતા વેંત જ બાળક અલોપ થઈ ગયું અર્થાત ગુમ થઈ ગયું તેની કોઈને પણ ખબર પડી નહિ. આથી એ બ્રાહ્મણી અને બ્રાહ્મણ બંને અતિ દુ:ખી થઈ અને અતિ રૂદન કરવા લાગ્યાં. બ્રાહ્મણી દર વર્ષે જીવંતિકા દેવીનું વ્રત કરતી હતી પરંતુ આ વખતે એણે દરેક શુક્રવાર પણ કર્યા હતા જેથી એને ફળ પ્રાપ્ત થયું હતું. જીવન્તિકા દેવી વ્રતના પ્રભાવથી બ્રાહ્મણી ઉપર કૃપા વરસાવતાં હતાં અને તેનો પુત્ર રાજકુંવર દિવસે દિવસે મોટો થવા લાગ્યો. ભણી ગણીને હોંશિયાર થયો. રાજાનું અવસાન થતાં રાજગાદીએ બેઠો. અતિ કુશળતાથી રાજ્ય કરતો હતો. રાજ્યમાં સારું સન્માન મેળવ્યું અને પ્રજાનો અસીમ કૃપા પાત્ર અને પ્રેમ સંપાદન કરી, લોકપ્રિય બન્યો એક દિવસે પોતાના પિતાનું શ્રાદ્ધ કોઈ તીર્થમાં કરવું. આવા વિચારથી તે ચાલતો થયો. સાંજ પડતાં કોઈ ગામમાં એક વણિકની હવેલી આવી અને વણિકને કહ્યું જે મારે તીર્થ માટે જવું છે. આપને વાંધો ન હોય તો આજની રાત મને રાતવાસો કરવા આપો. સવારે

ઊઠીને હું ચાલ્યો જઈશ ત્યારે વણિક કુંવરને હા કહી કુંવરને ચાલીને થાકી ગયો હતો. આથી નાસ્તો પાણી કરીને સૂતો એટલે તરત જ ઊંઘ આવી ગઈ અને એ કુંવરનું રક્ષણ રાત્રે જીવન્તિકા દેવી કરતાં હતાં. થોડીવાર થઈ ત્યાં તો ઘરમાં સુતેલો વણિક રડવા લાગ્યો. ત્યારે કુંવરે જાગીને તેને પૂછ્યું જે શેઠજી તમો રડો છો શા માટે ? ત્યારે વણિક કહે જે હે ભાઈ મારે ત્યા જેટલા બાળકો જન્મે છે તે સર્વે બાળકો સાતમે દિવસે મૃત્યુ પામે છે. અત્યારે મારા પત્નીએ પુત્રને જન્મ આપ્યોછે એને આજે છઠ્ઠો દિવસ છે. આવતીકાલે સાતમો દિવસ આવશે એટલે તે પુત્ર મરણ પામશે જેથી મને ઘણો શોક થાય છે ત્યારે રાજકુંવર કહે જે હે શેઠજી વિધાતાના લેખ કોઈ ભુંશાળી શકતું નથી તેથી તેનો શોક મ કરો આમ કુંવરની વાત સાંભળીને શેઠને શાંતિ થઈ અને સુઈ ગયાં અને કુંવર જાગતો થકો સૂતો હતો. બરાબર મધ્યરાતે વિધાતા દેવી આવ્યાં તેને જોઈને તે કુંવરની રક્ષા કરી રહેલા જીવન્તિકા દેવીએ પૂછ્યું જે તમો કોણ છો ત્યારે વિધાતા કહે જે હું વિધાતા છું અને આજે આ વણિકના પુત્રના લેખ લખવા આવીછું ત્યારે જીવન્તિકા કહે જે, તું ભલે લેખ લખવા આવી. તે તું મને કહે, ત્યારે વિધાતા કહે જે, એની માહિતી કોઈને અપાય નહિ અને કહેવાય પણ નહિ પણ તમો જીવન્તિકા દેવી છો એટલે કહું છું કે આ વણિકનો પુત્ર સવાર થશે એટલે મરણ પામશે ત્યારે જીવન્તિકા કહે જે હું આજે ઘરમાં છું. માટે આવું અશુભ નહિ લખતાં આ પુત્ર દીર્ઘાયુષી થાઓ આવું લખજે ત્યારે લાચાર બનેલી વિધાતા આ પુત્ર દીર્ઘાયુષી થાઓ. આવો લેખ લખીને ચાલી ગઈ. સવારમાં પોતાના પુત્રને જીવતો જોયો અને આનંદને પામ્યો. ઘરમાં બધાને અતિ આનંદ થઈ ગયો અને

મનમાં વિચારવા લાગ્યો જે આ આવેલો પ્રવાસી કોઈક સદભાગી અને સદાચારી લાગે છે એના આવવાથી મારો પુત્ર જીવતો રહ્યો. બીજે દિવસે જવા તૈયાર થયેલા રાજકુંવરને રોકાવા માટે વણિકે આગ્રહ કર્યો ત્યારે કુંવરે કહ્યું કે અત્યારે મને મારા પિતાના શ્રાદ્ધ કર્મ માટે જવાનું છે માટે મને જવા દ્યો પાછો આવીશ ત્યારે બે દિવસ જરૂર રોકાઈશ. એમ કહી થયો ચાલતો. તીર્થમાં જઈ પોતાના પિતાનું શ્રાદ્ધ કર્મ પતાવીને વળ્યો. અને પહેલા આપેલા વચન પ્રમાણે કુંવરે વણિકને ઘેર રાત વાસો કર્યો. આજે એક વર્ષ પછી વણિકને ત્યાં જન્મેલા બીજા પુત્રની છઠ્ઠીનો દિવસ હતો. રાત્રે એ પુત્રના લેખ લખવા માટે વિધાતા આવ્યાં. તેને જીવન્તિકાએ પૂછ્યું કે હે વિધાતા આ પુત્રના લેખ કેવા લખીશ ? ત્યારે વિધાતા કહે જે સવાર થશે એટલે એનું મૃત્યુ થશે ત્યારે જીવન્તિકા કહે જે હું અહીં છું. માટે તું એવું અશુભ લેખ નહિ લખતાં દીર્ઘાયુષી પુત્ર લખજે ત્યારે તે વિધાતા દીર્ઘાયુષી થાઓ આવું લખીને કહેવા લાગ્યાં જે, જ્યારે પહેલા આવી ત્યારે પણ તમો હાજર હતાં અને અત્યારે પણ તમો હાજર છો ? તેનું કારણ શું છે ? તેવામાં સુતેલા કુંવરની આંખ ઉઘડી ગઈ. અને વિચારવા લાગ્યો જે આ મારા ખાટલા પાસે કોઈક વાતો કરેછે હજુ પણ બંનેની વાત ચાલુ જ હતી ત્યારે જીવન્તિકા દેવી કહે જે આ ખાટલામાં સુતેલા કુંવરની માતા બ્રાહ્મણી સતત સાત વર્ષથી મારું વ્રત કરે છે. મારા વ્રતનો વિશેષ મહિમા શુક્રવારનો છે. દરેક શુક્રવારે મારી આગળ ઘીનો દીવો કરીને મારી પૂજા કરી, મારી ભક્તિ કરે છે અને પીળા રંગના વસ્ત્રો પહેરતી નથી, પીળા રંગનું ભોજન કરતી નથી. આથી હું એના ઉપર રાજી રહું છું અને એની રક્ષામાં હાજર રહું છું. આ સાંભળી વિધાતા

આનંદ પામીને ચાલ્યાં ગયાં. સવાર થઈ વણિક અને તેની પત્નીએ પુત્રને સજીવન જોયો અને કુંવરને કહેવા લાગ્યા જે તમારા પવિત્ર પગલાના પ્રતાપે મારા બંને પુત્ર સજીવન રહ્યા. માટે તમો અહીં જ રોકાઈ જાઓ. થોડા દિવસ રહીને જજો ત્યારે કુંવરે કહ્યું જે જીવન્તિકા દેવીના પ્રતાપે તમારા બંને પુત્રો સજીવન રહ્યા છે એમ કહીને તે કુંવર ત્યાંથી ચાલતો થયો અને પોતાના રાજમાં આવી ગયો અને રાણીબાને પૂછ્યું જે હે માતાજી તમો હાલમાં કાંઈપણ વ્રત કરો છો? ત્યારે રાણીએ જવાબ આપ્યો જે હે પુત્ર મેં આથી પહેલાં કોઈપણ વ્રત કર્યું નથી અને અત્યારે પણ હું કોઈ વ્રત કરતી નથી. ત્યારે કુંવરના મને શંકા થઈ જે આ ખરેખર મારી સગી મા નથી લાગતી માટે મારી સગી માને શોધવી પડશે કે જે હંમેશાં જીવન્તિકા વ્રત કરી રહી છે એમ કરતાં પવિત્ર શ્રાવણ માસ બેઠો એટલે પ્રથમ શુક્રવારે આખાયે નગરમાં ઢંઢેરો પીટાવ્યો જે આજે શુક્રવારે આખાયે નગરની સ્ત્રીઓએ પીળા વસ્ત્રો પહેરીને મારા રાજમહેલમાં જમવા માટે આવવું. એટલે શહેરની દરેક સ્ત્રીઓ પીળાં વસ્ત્રો પહેરીને જમવા માટે આવી, છતાંય કુંવરે શહેરમાં તપાસ કરાવી જે, કોઈપણ બહેન જમવા આવ્યા વિના બાકી નથી ને ? ત્યારે તપાસ કરતાં જાણવા મળ્યું જે, એક બ્રાહ્મણી બાઈએ કહ્યું જે હું જીવન્તિકા વ્રત કરું છું. જેથી આજે મારાથી પીળા વસ્ત્રો પહેરીને જમવા માટે આવી શકાશે નહિ એટલે કુંવરે એને પહેરવા માટે ગુલાબી વસ્ત્રો મોકલાવ્યાં એટલે એ બ્રાહ્મણી ગુલાબી વસ્ત્રો પહેરીને જમવા માટે આવી તે સમયે કુંવર હાજર રહ્યો મા-દીકરાએ એકબીજા સામું જાયું. બ્રાહ્મણીનું માતૃહૃદય હર્ષથી ઉભરાયુ. સ્તનમાંથી દૂધની શેડ્યુ છૂટી અને કુંવરના મુખમાં પડી. આવી

આશ્ચર્યજનક ઘટના જોઈને સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયાં. ત્યારે કુંવરે તરત ખુલાસો કર્યો. આ જ મારી સગી જનેતા છે તે આજેમને મળી જેથી આવું હેત ઉભરાયું છે ત્યારે બ્રાહ્મણી એ, કુંવરની સગી મા છે એમ જાહેર થયું. ત્યાર પછી જમવા માટે આવેલી સર્વ સ્ત્રીઓએ ગોરાણી મા પાસે જીવન્તિકા વ્રત કેવી રીતે કરવું ? તેનો વિધિ પૂછતાં ગોરાણી માએ તેનો સર્વ વિધિ જણાવતાં કહ્યું કે, શ્રાવણ માસના પહેલાં કે બીજા શુક્રવારથી આ વ્રત શરૂ કરવું, વ્રત કરનારે પીળી વસ્તુનો ઉપયોગ કરવો નહિ. પવિત્ર થઈ જીવન્તિકા (પાર્વતીજી) માતાજીની આગળ બેસી માતાજીનું નામ સ્મરણ કરવું, પાંચ દિવેટોવાળો દિવો પ્રગટાવી, હાથમાં ચોખા લઈ પોતાના બાળકોનાં રક્ષણ માટે પ્રાર્થના કરવી, પછી એ ચોખાને ચારે દિશામાં વેરી દેવા, જેથી ગમે ત્યાં રહેલા પોતાના બાળકોનું જીવન્તિકા માતા રક્ષણ કરે. માતાજીને નિવેદ્યમાં કંસાર અથવા શીરો ધરાવવો, એમાંથી વ્રત કરનારે એકટાણું જમવું, બાકીનો પ્રસાદ બીજા સર્વેને વહેંચી દેવો, આવી રીતે પાંચ કે સાત વર્ષ વ્રત કરીને પછી એ વ્રતનું ઉદ્યાપન કરવું, આવી રીતે એ વ્રત કરવાથી સર્વે સ્ત્રીઓ સૌભાગ્યને પામે છે, આવો જીવન્તિકા વ્રતનો મહિમા સાંભળીને ત્યાં જમવા માટે આવેલી સર્વે સ્ત્રીઓએ શ્રાવણ માસમાં એ જીવન્તિકા દેવીનું (પાર્વતીદેવીનું) વ્રત કરવાનો સંકલ્પ કર્યો. આ જીવન્તિકા વ્રત કરનારના ઘરમાં હંમેશા સુખ-શાંતિ અને સંપત્તિ વૃદ્ધિ પામે છે. અને એ જ વ્રત જો ભગવાનના સંબંધથી અને એની પ્રસન્નતાર્થે કર્યું હોય, તો આ લોકમાં પણ સુખ-શાંતિ મળે છે, અને દેહને અંતે ભગવાનના ધામને પામે છે. ॥ ૪૫ ॥

# ધરો આઠમ–૪૯

ભાદરવા સુદ આઠમને ધરો આઠમ માનવામાં આવે છે. તે દિવસે સવારે સ્નાન, પૂજા વગેરે વિધિથી પરવારીને ધરોનું પૂજન કરી તેની પ્રાર્થના કરવી, આ દિવસે ઉપવાસ કરવો અથવા તો ફળાહાર કરીને આ વ્રત કરવું, જગતમાં લોકો આ દિવસે ચોખાના લોટના લાડુ અથવા ધાણી, ફગવા ખાઈને આ વ્રત કરેછે, આ વ્રતનોહેતુ શું છે ? તો પોતાનાં સંતાનોની દીર્ઘાયુષ થાય. અર્થાત્ સંતાનોની આયુષ્ય લાંબી થાય, એટલા માટે આ વ્રત કરવામાં આવે છે. તે દિવસે ઘાસ વાઢવું નહિ, અને લક્ષ્મીજીની સાથે ભગવાનનું પૂજન સોળસોપચારે કરીને કરવું, ભીષ્મ કહે છે, હે રાજા અહીં એક પુરાતની કથા છે, તે કહું છું સાંભળો.

એક નાનું ગામ હતું તેમાં એક ઘરમાં પતિ-પત્ની અને પુત્ર અને પુત્રવધૂ એમ ચાર જણાં અતિ સંપથી રહેતાં હતાં. સાસુ જે કામ બતાવે તે વહુ હર્ષભેર કરતી હતી એમ કરતાં એક દિવસે ધરો આઠમનો પવિત્ર દિવસ આવ્યો, સાસુએ વહુને ગાય સારું ઘાસ વાઢીને લાવવા કહ્યું. ત્યારે વહુએ બે હાથ જોડીને કહ્યું કે, હે સાસુજી, આજે ધરો આઠમ છે. માટે આજે નહીં, પણ આવતીકાલે હું જરૂર ઘાસ વાઢી લાવીશ. આ સાંભળતા વેંત જ સાસુના મગજમાં ગુસ્સો આવ્યો અને બોલી ઊઠી જે, મને તું ના શા માટે કહે છે ? અને આજે જ ઘાસ લેવા જવું પડશે એનું કારણ એ હતું કે વહુ માવિત્રની સંસ્કારી હતી, અને સાસુ એથી અજ્ઞાત હતી, એટલે જ કહ્યું જે, આજે જ ઘાસ વાઢવા જવું જોઈશે, માટે ચાલ ને લે દાતરડું ત્યારે વહુએ સાસુના આગ્રહથી પરાણે પોતાના નાના પુત્રને પારણામાં સુવાડીને સાસુની સાથે ગઈ ખેતરમાં. બંને જણા માંડ્યા

ઘાસ કાપવા. તે સાસુ તો લાગટ ઘાસ કાપતી જાય, પણ વહુ તો ધરો ધરોને નહિ કાપતાં બીજું ઘાસ કાપે. આમ કરતાં કામ પત્યું ત્યાં તો કોઈકે સાસુ-વહુને સમાચાર આપ્યા કે, તમારા ઘરમાં જોરદાર આગ લાગી છે, ત્યારે બંને જણીઓએ માથા પરના ઘાસના ભારા નીચે ફેંકી દીધાં, વહુ મનોમન ધરો માતાની વિનવણી કરી જે, હે ધરો માતા મારા વ્રતથી આપ રાજી થયા હો તો મારા લાડકવાયા દીકરાની રક્ષા કરજો. એમ કરતાં ઘેર આવી સાસુ-વહુએ જોયું તો આખુંયે ઘર બળીને રાખ થઈ ગયું હતું. ત્યારે વહુએ વિચાર્યું જે, મારો લાડકવાયો પુત્ર પણ આમાં જરૂર બળી ગયો હશે. પછી આગ સમી ગઈ, ધુમાડો નીકળતો બંધ થયો, એટલે વહુએ તપાસ કરી તો પારણાંની આજુ-બાજુ, ઉપર-નીચે લીલી ધરો વીંટળાયેલી જોઈ. અંદર જોયું તો પારણામાં સુતેલા પોતાના બાળકને આનંદ-કિલ્લોલ કરતો જોયો, આનંદવિભોર બનેલી વહુએ પોતાના પુત્રને પોતાની ગોદમાં લીધો. પછી સાસુને આપતાં કહ્યું કે, મા, મને ધરો આઠમનું વ્રત ફળ્યું. મારો લાલ બચી ગયો. ત્યારે સાસુ પણ આ વ્રતનો પ્રભાવ સમજી ગઈ અને ત્યારથી કરીને ધરો આઠમને દિવસે ધરો નહિ કાપવાનો નિયમ લીધો. આવો એ ધરો આઠમનો મહિમા છે, એ જ દિવસે જો ભગવાનના પૂજન અને પ્રસન્નતાર્થે એ વ્રત કરેલું હોય, તો આ લોકનું પણ સુખ પ્રાપ્ત થાય અને દેહને અંતે અવશ્ય મોક્ષને પામે છે, એમાં સંશય નથી. ॥ ४६ ॥

# શ્રી પુરુષોત્તમ માસ–૪૭

અધિક પુરુષોત્તમ માસમાં વહેલી સવારે સ્નાનાદિક નિત્ય કર્મમાંથી પરવારીને કળશનું પૂજન ગણેશ તથા વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું. ત્યારપછી પીપળાની પૂજા કરી આખોય માસ એકટાણું કરવું. મહિનો પૂરો થાય એટલે બ્રાહ્મણોને બોલાવીને ભોજન કરાવીને તેને દાન-દક્ષિણા આપીને રાજી કરવા. અહીં એક પુરુષોત્તમ માસની પુરાતની કથા છે.

એક ગામમાં એક બ્રાહ્મણ અને તેની પત્ની રહેતાં હતાં. તેને સર્વે વાતે સુખ હતું, પણ એને શેર માટીની ખોટ હતી. આથી તે હંમેશાં ચિંતાતુર રહેતાં હતાં, એવામાં પુરૂષોત્તમ માસ આવ્યો. તેમાં તે બંને જણાએ નહાવાનો વિચાર કર્યો, એ બંને પ્રૌઢ અવસ્થાવાળાં હતાં. છતાં નિયમિત નદીએ નહાવા જતાં, પછી ઘેર આવીને પ્રભુનું નામસ્મરણ કરતાં હતાં, તેમાંથી પરવારીને પછી એકટાણું કરતાં પરંતુ રોજ રાંધવાની કડાકૂટ કરવી પડે ? એક દિવસે બ્રાહ્મણે પોતાની પત્નીને કહ્યું જે, ઘરમાં દિકરાની વહુ હોય ? તો તે બધું ઘરનું કામ એ કરે અને આપણે નિરાંતે ધર્મધ્યાન તેમજ પૂજાપાઠ વગેરે નિરાંતે કરી શકીએ. ત્યારે બ્રાહ્મણીએ કહ્યું કે, તો પછી તમો વહુ લઈ આવો ? ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, દિકરા વિના વહુ ક્યાંથી લાવવી, ત્યારે બ્રાહ્મણી કહે જે, એ હું કંઈ સમજું નહિ, ગમે તેમ કરીને વહુ લાવો ? બ્રાહ્મણ મુંઝાળો, એટલે બ્રાહ્મણી કહે જે, તમો કન્યાની તપાસ કરવા જાઓ અને જો કન્યાવાળા મુરતીયો જોવા માગે તો કહેવાનું કે, દીકરો કાશીમાં ભણવા ગયો છે અને તે એક મહિનામાં આવી જશે. એટલે બ્રાહ્મણ કન્યાની

શોધમાં ચાલ્યો. એક ગામમાં એક ગોર મહારાજને મળ્યા અને તેને વાત કરી પછી કન્યાની તપાસ કરતાં એક રૂપવાન કન્યા જોઇ, કન્યા ગમી પછી ગોર મહારાજ કહે જે, મુરતિયો જોયા વિના સગપણ શી રીતે થાય ? ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, દિકરો કાશીએ ભણવા ગયોછે ? તે એક મહિનો પૂરો થાય ત્યારે આવશે માટે અત્યારે ત્રણ ફેરા એની પાઘડીને ફેરાવી લૈયે, અને ચોથો ફેરો દિકરો આવશે, એટલે એની સાથે ફેરવી લઇશું. તે વાત સાંભળીને ગોર મહારાજ સમજી ગયા અને પાઘડી સાથે ત્રણ ફેરા ફેરવીને વહુને લઇને હરખભેર ઘેર આવ્યો, ઘરમાં રસોઇ કરવાળી પુત્રવધૂ આવી. આથી બ્રાહ્મણી તો મનમાં રાજીનાં રેડ થઇ ગયાં. એક દિવસ બ્રાહ્મણ અને બ્રાહ્મણી બંને નદીએ નહાવા ગયાં અને વહુ ઘરમાં રસોઇ કરતી હતી, તેવામાં એક પાડોશણ સૂપડું લેવા આવી, તેણે અતિ રૂપવાન કન્યાને જોઇને પૂછ્યું કે તમો કોણ છો ? ત્યારે વહુએ કહ્યું કે, હું તો આ બ્રાહ્મણના પુત્રની પત્ની છું. ત્યારે તે પડોશણે કહ્યું જે, આ બ્રાહ્મણ-બ્રાહ્મણીને દિકરો જ નથી તો તું વહુ થઇને કેવી રીતે આવી છો? તે સાંભળીને વહુના મનમાં મુંઝવણનો પાર ન રહ્યો અને મનમાં વિચારવા લાગી જે, શું આ મારી સાથે રમત તો રમાઇ ગઇ નથી ને ? તેવામાં સાસુ-સસરો નદીએથી નાહીને આવ્યાં તો વહુને મુંઝવણમાં જોઇને પૂછ્યું કે, બેટા શું થયું છે ? તમો ઉદાસ કેમ જણાઓ છો ? ત્યારે વહુએ જવાબ આપ્યો જે, તમારે દિકરો જ નથી. અને મારા મા-બાપને ખોટું સમજાવીને તમો મને લાવ્યાં છો ? ત્યારે સાસુ કહે જે, તમો વિશ્વાસ રાખો, મારો દિકરો આ માસ પૂરો થશે એટલે આવશે, ત્યારે વહુ કહે જે, હમણાં પડોશણ સૂપડું લેવા આવી હતી. તેણે કહ્યું કે, આ બ્રાહ્મણ

અને બ્રાહ્મણી તો વાંઝિયાં છે. આને દીકરો જ નથી. સાસુએ સમજાવી કે તમો શાંતિ રાખો અને વિશ્વાસ રાખો, દીકરો જરૂર આવશે, પછી એક દિવસે સાસુએ ઓરડાની બધી ચાવીઓ આપીને કહ્યું કે, તમારે જે કાંઇ વસ્તુ જોઇતી હોય તો આ છો ઓરડા ઉઘાડીને જોઇતી વસ્તુ લઇ લેવી. પણ આ સાતમો ઓરડો ઉઘાડશો નહિ. પછી બીજે દિવસે બ્રાહ્મણ-બ્રાહ્મણી નદીએ નહાવા ગયાં. વહુએ છ ઓરડા ઉઘાડીને જોયું તો તે અનાજના કોઠાર વસ્ત્રો-દાગીના સોનામહોરો-હીરા, ઝવેરાત વગેરે જોઇને વહુ આશ્ચર્ય પામી ગઇ, પછી વિચાર કર્યો જે, આ સાતમા ઓરડામાં શું છે ? એમ વિચારીને જોવા માટે સાતમો ઓરડો ઉઘાડ્યો તો તેમાં એક દિવો પ્રકાશી રહ્યો હતો. બારણું ઉઘડેલું જોઇ પુરુષે કહ્યું, અરે કમાડ વાસી દે, શાસ્ત્રો વિચારવામાં ખલેલ પડે છે. અને પુરુષોત્તમ માસ પૂરો થશે ત્યારે આપણે ચોથો ફેરો ફરીશું. એટલે વહુએ હર્ષભેર કમાડ વાસી દીધું અને સાસુસી વાત ઉપર એને પાકો વિશ્વાસ બેઠો. ત્યાર પછી તો સાસુ-સસરાની અતિશે સેવા કરવા લાગી, પરંતુ તેણે સાતમો ઓરડો ઉઘાડ્યો હતો તે વાત કહી નહિ. એમ કરતાં પુરુષોત્તમ માસ પૂરો થયો, એટલે વહુએ સાસુ-સસરાને ચોથો ફેરો ફેરવવા માટે વિનંતી કરી અને કહ્યું જે, માંડવો રોપાવો અને ચોરી બંધાવો, અને વાજિંત્રો વગડાવો અને મંગલ ગીતો ગવડાવો ત્યારે મનમાં મુંઝાયેલા સાસુ-સસરાએ પુરુષોત્તમ પ્રભુને પ્રાર્થના કરી જે, હે પુરુષોત્તમ ભગવાન અમે ભાવપૂર્વક તમારું વ્રત કરેલું હોય તો સંકટમાં અમારી સહાય કરજો. આવી રીતે કહીને સાતમા ઓરડાને ઉઘાડતાં જ, પીળું પિતાંબર જેણે પહેરેલું છે એવા પુરુષોત્તમ ભગવાન ઓરડામાંથી બહાર આવ્યા, ત્યારે બ્રાહ્મણ અને

બ્રાહ્મણીના હર્ષનો પાર ન રહ્યો. અને એને ભેટી પડ્યા. પછી મંડપ રોપાયો, ચોરી બંધાવી, વાજિંત્રોની સાથે મંગલ ગીતો ગવડાવ્યા અને ચોથો ફેરો ફેરવી દીધો અને બ્રાહ્મણ અને બ્રાહ્મણીને અતિ આનંદ થયો અને પુરુષોત્તમ માસના વ્રતનું શુભ ફળ મળ્યું. આવું એ પુરુષોત્તમ માસનું અતિ અપાર મહાત્મ્ય છે. ॥ ૪૭ ॥

# વટસાવિત્રી વ્રત (સતિ સાવિત્રી વ્રત)–૪૮

જેઠ સુદી પૂનમને દિવસે વટસાવિત્રી વ્રત કરવાનું વિધાન છે. આ વ્રત જેઠ સુદી તેરસથી પૂનમ સુધી એમ ત્રણ દિવસ કરવાનું હોય છે. તે વ્રત સ્ત્રીઓએ પોતાના પતિની આયુષ્યની વૃદ્ધિ માટે અવશ્ય કરવું. બંને પ્રકારના સુતકવાળી અથવા ઋતુમતી સ્ત્રીએ આ વ્રત પોતે જ કરવું અને પૂજન કોઈ બીજા પાસે કરાવવું. તેનો વિધિ એ છે જે, તેરસને દિવસે સવારમાં સ્નાનાદિક ક્રિયામાંથી પરવારીને વડના વૃક્ષના સમીપે જઈને પ્રથમ આચમન કરીને વડમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણે દેવોનું અને સતિ સાવિત્રીનું આવાહન કરવું, વડના મૂળમાં પત્ની સાવિત્રી સહિત બ્રહ્મા રહે છે,મધ્યમા વિષ્ણુ રહે છે અને અગ્ર ભાગમાં શિવજીનો નિવાસ છે. આવી ભાવના કરીને વડને જળનું પ્રોક્ષણ કરવું, પછી ચંદન, ચોખા, પુષ્પો વગેરેથી પૂજા કરીને થડમાં સૂતર વીંટવું પછી મૂળમાં જળ રેડવું, ત્યાર પછી બ્રહ્મા સહિત સાવિત્રી દેવીનું પૂજન કરવું. આવી રીતે ત્રણ દિવસ પર્યંત કરવું. પૂનમને દિવસે પૂજન કરીને સાવિત્રીની પ્રાર્થના કરવી, બ્રાહ્મણોનું પૂજન કરીને યથાશક્તિ દાન આપવું. આવી રીતે વ્રત કરવાથી સ્ત્રીઓની સર્વે કામનાઓ પૂર્ણ

થાય છે. અને પુરુષો જો એ વ્રતને કરે છે તો તે પણ ઈચ્છિત મનોરથને અવશ્ય પામે છે. આ વટસાવિત્રી વ્રત જેઠ સુદી તેરસથી પૂનમ સુધી એમ ત્રણ દિવસનું હોય છે. એ ત્રણે દિવસ ફળાહાર કરવું અને સાવિત્રી દેવીનું પૂજન પોતાની શક્તિ અનુસારે કરવું અને જે આ વટસાવિત્રી વ્રતને અતિ શ્રદ્ધાથી કરે છે. તેને યમરાજાનો ભય હોતો નથી. ભીષ્મ પિતા કહે છે કે, હે રાજન્ અહીં એક પુરાતની ઈતિહાસની કથા કહું છું તે સાંભળો. ભદ્ર દેશનો અશ્વપતિ નામે એક રાજા હતો, તેને રાજ્યવૈભવ તો અપાર હતા પણ એક પુત્ર વિના એ બધા વૈભવો શાંતિને કરનારા નહતા, જેથી પુત્રની પ્રાપ્તિ માટે સાવિત્રી દેવીનું પૂજનની સાથે આરાધન કર્યું એટલે સાવિત્રી દેવીએ પ્રસન્ન થઈ પોતાનાં દર્શન આપીને વર માંગવા કહ્યું ત્યારે રાજાએ બે હાથ જોડી પગે લાગીને કહ્યું જે, મને મારા રાજ્યનો વારસદાર પુત્ર થાય તેવા આશીર્વાદ આપો. ત્યારે સાવિત્રી દેવીએ કહ્યું જે તારા ભાગ્યમાં પુત્રની પ્રાપ્તિ નથી. પણ તારે ઘેર મારા વરદાનથી પુત્રી જન્મશે એમ કહીને એ સાવિત્રીદેવી અંતર્ધ્યાન થઈ ગયાં, પછી સમય જતાં વૃદ્ધાવસ્થાએ એક પુત્રીનો જન્મ થયો. ત્યારે રાજાએ સાવિત્રીના વરદાનથી પુત્રીની પ્રાપ્તિ થયેલ હોવાથી તેનું સાવિત્રી એવું નામ ધારણ કર્યું, પછી એ સાવિત્રી જ્યારે ઉમરલાયક થઈ ત્યારે પિતાએ વિચાર કર્યો જે, આ મારી પુત્રી ઉંમરલાયક થઈ છે, તો હવેમારે એને યોગ્ય વરની સાથે પરણાવવી જોઈએ. આવું વિચારી કરીને તેણે ઘણાંક દેશોમાં તપાસ કરી પણ એ સાવિત્રીને યોગ્ય વર કોઈ પણ જોવામાં આવ્યો નહિ. તેથી તે રાજા ઉદાસ થઈને બેસી રહ્યા પછી કોઈક વખતે એ

સાવિત્રએ પોતાના પિતાને ઉદાસ થવાનું કારણ પૂછ્યું ત્યારે રાજાએ ઉદાસ ચહેરે કહ્યું કે, હે દિકરી તું ઉંમરલાયક થઈ છો તો હવે મારે તને યોગ્ય વરની સાથે પરણાવવી જોઈએ અને તે યોગ્ય વરની મેં ઘણીયે તપાસ કરી પણ કોઈ દેશમાં તારા લાયક કોઈ રાજપુત્ર જોવામાન આવ્યો નહિ અને તું પણ ઉંમરલાયક થઈ છો અને જો હું તને પરણાવું નહિ તો, દોષ લાગે અને તને યોગ્ય નહિ એવા વરની સાથે તને પરણાવવું તો પણ તારા નિસાસાથી મને પાપ લાગે તો હવે મારે શું કરવું ? તેનો કોઈ ઉપાય સૂઝતો નથી. એવી રીતનું પોતાના પિતાનું વચન સાંભળીને સાવિત્રી કહે જે હે પિતાજી તમો ઉદાસ થશો નહિ. અને હવે તમો મને જ રજા આપો તો હું પોતે જ મને યોગ્ય વરની શોધ કરી લઉં. તે સાંભળીને પિતાએ બહુ સારું કહીને રજા આપી. પછી તે સાવિત્રી ત્યાંથી કેટલાક દૂતોને સાથે રથ ઉપર બેસીને થઈ ચાલતી અને ઘણાય રાજ્યોમાં તપાસ કરી, પણ કોઈ પુરુષ તેના માન્યામાં આવ્યો નહિ. પછી આગળ ચાલતાં વનમાં કુહાડા વડે લાકડાં કાપવાનો શબ્દ સાંભળીને પોતાના ચાકર મારફતે એ લાકડા કાપનાર કોણ છે તેની તપાસ કરીને તે સાવિત્રી તેની પાસે જઈને પૂછ્યું કે, તમો કોણ છો ? તમારું નામ શું છે ? અને તમો કોના પુત્ર છો ? ક્યાં રહો છો ? અને આ લાકડાં શા માટે કાપો છો ? ત્યારે તેણે કહ્યું કે હું તો દ્યુમત્સેન રાજાનો પુત્ર છું. મારા પિતા અમુક દેશના રાજા હતા પણ તેને દૈવયોગે કોઈ પુત્ર કે પુત્રી ન હોવાથી એમના ભાઈઓએ મારા પિતા પાસેથી બળજબરીથી મારીને રાજ્ય પડાવી લીધું. અને મારા માતા પિતાને કાઢી મૂક્યાં એટલે મારાં મા બાપ આ જંગલમાં એક ઝૂંપડી બાંધીને

રહેવા લાગ્યા પછી તેને કેટલોક સમય જતાં હું એક પુત્ર થયો અને હવે માતા પિતા આંધળાં થઈ ગયાં છે અને અતિ વૃદ્ધ છે. હું લાકડાં કાપીને તેના ભારા ઉપાડીને કોઈક ગામમાં વેચીને મારા આંધળાં મા બાપનું ભરણ પોષણ કરું છું. મારું નામ સત્યવાન છે, ત્યારે સાવિત્રી કહે જે તમો પરણેલા છો કે કેમ ? ત્યારે સત્યવાન કહે જે મને ગરીબને કન્યા કોણ આપે? વળી મારે કોઈ ગામ કે, ઘર કે, આશ્રમ ન મળે તો પછી મને કન્યા કોણ આપે ? ત્યારે સાવિત્રી કહે જે, હું પણ પરણેલી નથી. માટે મારા માતા પિતા અશ્વપતિ રાજાની આજ્ઞાથી મને યોગ્ય વરની શોધ કરતી ફરું છું. તો હવે મારા લાયક આપ જ છો માટે આપને પરણીશ. તમો મારા પતિદેવ અને હું તમારી ધર્મપત્ની. માટે આજથી હું આપને પરણી ચુકી છું. આ વાત તમો નક્કી રાખજો. અને હવે હું જાઉં છું. અને તમારી સાથે જ લગ્ન કરીશ. આવી રીતે કહીને તે સાવિત્રી ત્યાંથી ચાલતી થઈ. પોતાને ઘેર જઈને એ સર્વે વૃત્તાંત પોતાના પિતાને કહ્યું ત્યારે તે અશ્વપતિ રાજાએ તો તેને સમજાવીને ઘણુંયે કહ્યું, જે આ ભૂખમરાને હું પરણાવીશ નહિ એમ કરતાં કોઈક વખતે ફરતા ફરતા નારદજી આવ્યા. તેને રાજાએ કહ્યું કે, અમારી પુત્રીને તમો સમજાવો ત્યારે નારદજીએ પણ ઘણીયે સમજાવી કે હે પુત્રી તેં જે સત્યવાનની સાથે પરણવાનું નક્કી કર્યું છે પણ એ સારું નથી કારણ કે સત્યવાન સારો છે, વિદ્વાન છે, ધર્મવાળો છે, પણ તેની આયુષ્ય ફક્ત એક વર્ષની છે. એક વરસને અંતે આયુષ્ય પૂરી થતાં મરણ પામશે તો એને પરણીને તું શું સુખી થઈશ ? ત્યારે સાવિત્રી કહે છે હું મારી જવાબદારીથી પરણવાનું કહું છું. એમાં કોઈને દોષ દેતી નથી.

અને મેં મારા મનથી તો એ સત્યવાનની સાથે જ પરણવાનું નક્કી કર્યું છે અને તે સિવાય આ જગતમાં સર્વે પુરુષો મારા પિતા, ભાઈ અને પુત્ર સમાન છે. માટે મારે તો એ સત્યવાનની સાથે જ પરણવાનું છે. પછી તે પુત્રીના આગ્રહથી અશ્વપતિ રાજાએ પોતાની પુત્રીના લગ્ન એ સત્યવાનની સાથે કર્યા અને સાવિત્રીને વરાવી પછી તે સાવિત્રી તો વનમાં રહીને પોતાના પતિદેવ અને આંધળા સાસુ સસરાની અતિ પ્રેમથી સેવા ચાકરી કરવા લાગી. એમ કરતાં એક વરસ પૂર્ણ થતાં સત્યવાનનું આયુષ્ય પૂરું થયું. તે દિવસે સત્યવાનને સાવિત્રી કહે જે, હે પતિદેવ આજે હું પણ આપની સાથે આવીશ ત્ત્યારે સત્યવાન કહે જે તું અહીં જ રહે અને આંધળા સાસુ સસરાની સેવા કર. તો પણ એ પતિની સાથે ગઈ. એ સત્યવાન લાકડાં કાપવા માંડ્યો. તેવામાં તો એ સત્યવાનનો મૃત્યુકાળ પ્રાપ્ત થયો ત્યારે તેને લેવા માટે યમદૂતો આવ્યા, પરંતુ એ વખતે સતી સાવિત્રી પોતાના પતિ સત્યવાનનું મસ્તક દુઃખતું હતું તેથી તે એક વડના વૃક્ષની નીચે બેસીને પોતાના પતિનું મસ્તક ખોળામાં રાખીને મસ્તક ઉપર હાથ રાખીને બેઠેલી હતી. તેથી યમદૂતો સમીપે નહિ આવતાં છેટે ઉભા રહીને કહેવા લાગ્યા જે, હે સતી તું તારા પતિને છોડીને દૂર થઈ જા. કારણ કે અમો તારા પતિને અંતકાળ આવેલો હોવાથી તેને લેવા માટે આવેલા છીએ. ત્યારે સાવિત્રી કહે જે હું મારા પતિને છોડીશ નહિ અને તમોને લેવા નહિ દઉં. તે સાંભળીને યમદૂતો પાછા વળી ગયા અને ધર્મરાજાની આગળ બધી વાત કહી. ત્યારે ધર્મરાજા પોતે તેને તેડવા માટે આવ્યા અને પતિને છોડીને સાવિત્રીને દૂર થઈ જવા કહ્યું ત્યારે પણ સાવિત્રીએ એમ જ કહ્યું કે હું મારા

પતિને લેવા નહિ દઉં ત્યારે ધર્મરાજાએ વિચાર કર્યો કે આ તો પતિવ્રતા સતી છે. તેથી જો આમને આમ સમીપે જઈશ તો તો કદાચ તે મને પણ બાળીને ભસ્મ કરી નાખે એમ જાણીને દૂર ઊભા રહીને કહેવા લાગ્યા જે, હે સતી તારા પતિની આયુષ્ય પૂરી થઈ ગઈ છે માટે તારા પતિને લેવા માટે અમો આવ્યા છીએ. માટે તારા પતિને છોડી દે. અને એ તારા પતિ સિવાય બીજુ જે, તને ઈચ્છા હોય તે માંગી લે ત્યારે સતી કહે જે ભલે બહુ સારું એમ કહી વિચાર કરીને બોલી જે, એક તો મારા સાસુ-સસરા આંધળા છે? તે દેખતા થાય અને અમારું ગયેલું રાજ્ય પાછું મળે. ત્રીજું હું વંધ્ય છું. મને કોઈ પુત્ર કે પુત્રી નથી. વળી હું પતિવ્રતા છું. પરપુરુષનો સ્પર્શ કરતી નથી માટે મારા પતિદેવ થકી જ મને સો પુત્રો થાય આટલા વરદાન આપીને મારો મનોરથ પૂર્ણ કરો. ત્યારે ધર્મરાજાએ વિચાર કર્યો કે જે આ સતી એ તો મને જ બાંધી લીધો છે કેમ કે જો હું એના પતિને લઈ જાઉં તો તેના વિના એને સો પુત્રો કેમ થાય અને મેં જ પ્રથમ તેને જે જોઈએ તે માંગી લેવા કહ્યું માટે હવે તેને જીવતદાન આપવું જોઈએ એમ વિચારી તેને વરદાન આપીને અને એ સત્યવાનને જીવતદાન આપીને ત્યાંથી યમરાજા અંતર્ધ્યાન થઈ ગયા અને સત્યવાન સાજો થયો અને સાસુ સસરા દેખતાં થયાં. અને હજુ સુધી લાકડાં કાપવા ગયેલો સત્યવાન પાછો કેમ ન આવ્યો એમ જાણીને માતા-પિતા તેને ખોડતાં ખોડતાં ત્યાં આવ્યાં અને સત્યવાનને પૂછતાં સતીએ બધુંયે વૃત્તાંત કહ્યું. તે સાંભળીને માતા પિતા અતિશય પ્રસન્ન થયાં. તેવામાં તેમના ભાઈઓએ તેને બોલાવી રાજ્ય પાછું સુપરત કર્યું. જુઓ પતિવ્રતા

ધર્મનું પાલન કરનાર સતીનો કેટલો બધો પ્રભાવ છે જે પોતાના પતિવ્રતાના પ્રભાવથી પોતાના પતિનું જીવતદાન ધર્મરાજ પાસેથી માંગી લીધું. ગયેલું રાજ્ય માંગી લીધું અને સો પુત્રોનું વરદાન માંગી લીધું અને આંધળા સાસુ સસરાનો અંધાપો દૂર થઈ ગયો. આવો છે પતિવ્રતા સતીનો પ્રભાવ અને આવું છે એ વટસાવિત્રી વ્રતનું મહાત્મ્ય. ॥ ૪૮ ॥

# નાગપંચમી વ્રત કથ-૪૯

એક નાનકડા ગામમાં એક ડોસીમા રહેતાં હતાં. તેને સાત દિકરા હતા. એ બધાયે પરણેલા હતા. તે ડોસીમાને મોટા છએ દિકરા અને તેની પત્નીઓ ઉપર વધારે હેત હતું. પણ નાનો પુત્ર અને તેની પત્ની પર હેત નહિ. ઘરનું રસોઈ કરવી. વાસણો માંજવા, બધાનાં કપડાં ધોવાં, વગેરે નાની વહુ અને પુત્ર પાસે કરાવે. ડોસીમા પોતે અને છ પુત્રો અને છ વહુઓ એ બધા જમી લે. ત્યારપછી નાનો પુત્ર અને નાની વહુ વધ્યુ ઘટ્યું એંઠું ખાવા આપે. તેમાં છએ વહુઓ નિઃસંતાન હતી અને નાની વહુને સારા દિવસો હતા. એક દિવસે ભાદરવા માસમાં શ્રાદ્ધ પક્ષમાં શ્રાદ્ધ હોવાથી ખીર બનાવીને શ્રાદ્ધ ક્રિયા પતિ ગયા પછી ભેળા મળીને જમ્યા. પણ નાની વહુને અને નાના પુત્રને તો પૂછ્યું જ નહિ. બધાં જમીને ઉઠી ગયાં એટલે નાની વહુએ વાસણ માંજવાનું શરૂ કર્યું તે વખતે વાસણોમાં ખીર વગેરેની કપોટીઓ ચોંટેલી તે ઉખાડીને, આ કપડાં ધોવા જઈશ ત્યારે ખાઈશ. આવા વિચારથી કપડાને છેડે બાંધીને પછી વાસણો માંજ્યા. બધું સાફ કરીને કપડાંનો ગાંસડો ઉપાડીને તળાવે કપડાં ધોવા માટે ગઈ, ત્યાં કપડાં ધોવા માંડી અને પેલું કપાટીઓ બાંધેલું

કપડું છેટે મૂકીને વિચાર્યું કે, કપડાં ધોઈને પછી કપોટીઓ ખાઈશ. તેવામાં તેની સુગંધ આવવાથી સમીપે રાફડામાંથી એક નાગણી આવીને પેલી કપડામાં બાંધેલી કપાટીઓ ખાઈને રાફડામાં ચાલી ગઈ. બહેન કપડા ધોઈને સુકવીને પેલી કપોટીઓ ખાવા માટે આવી. કપડામાં બાંધેલી કપોટીઓ નહિ જોઈને ઊંચેથી બોલી જે, અરે હું અતિશય ભૂખી છું અને મારી કપોટીઓ કોણ ખાઈ ગયું ? માટે જેણે મારી કપાટીઓ ખાધી હોય એને અમૃતનો ઓડકાર થજો. તે સાંભળીને નાગણી બહાર આવીને પૂછવા લાગી ત્યારે તે કહે જે, મારી સાસુ તથા મારી છએ જેઠાણીઓ ઘરનું બધું કામકાજ મારી પાસે કરાવે અને મને ખાવાયે કોઈ દિવસ પૂછે નહિ. જેથી અતિશય દુઃખી છું. એ જેઠાણીઓમાં હું એક અણમાનીતી છું. તે બધાં મઝા કરે છે અને ઘરનું બધું કામકાજ મારી પાસે કરાવે અને મને ખાવાયે કોઈ દિવસ પૂછે નહિ જેથી અતિશય દુઃખી છું. વળી અતિશય ભૂખી હોવાથી મેં આ કપડામાં બાંધીને કપોટીઓ મૂકી હતી. તે પણ કોઈક ખાઈ ગયું. વળી મારા પિયરમાં પણ કોઈએ છે નહિ તેથી મારા જેવું દુઃખી બીજું કોઈ હશે ? ત્યારે નાગણી કહે જે, હું જ ભૂખી હોવાથી તારી કપોટીઓ ખાઈ ગઈ છું. માટે હું તારા ઉપર રાજી થઈ છું. માટે તને જે જોઈએ તે કહે હું તારું બધુંયે દુઃખ ટાળી નાખીશ. ત્યારે એ બાઈ કહે જે મારે સારા દિવસો છે (પ્રથમ ગર્ભ છે) પણ મારો ખોળો ભરનાર કોઈ નથી. ત્યારે નાગણી કહે તારા પિયરિયા અમો છીએ માટે તારા ખોળાની કંકોત્રી મારા રાફડા પાસે મૂકી જજે એમ કહીને એ નાગણી પોતાના રાફડામાં પાછી ચાલી ગઈ. પછી વહુ ઘેર આવીને પોતાની સાસુને વાત કરી જે

મારો ખોળો ભરવો છે. માટે કંકોત્રી લખી આપો ત્યારે સાસુએ તિરસ્કાર કરીને કંકોત્રી લખી આપી. વહુ એ કંકોત્રી લઈને રાફડાના દ્વાર પાસે મૂકી આવી અને બધા સગા સંબંધીને પણ કંકોત્રીઓ લખી ત્યારે ખોળો ભરવાને દિવસે બધી જેઠાણીઓ આવીને મશ્કરી કરવા લાગી અને આસુ પણ કહેવા લાગી કે, તારે પિયરમાં તો કોઈપણ છે નહિ તો તારો ખોળો ભરનાર કોણ છે ? આમ સહુ મશ્કરીમાં બોલતાં હતાં તેવામાં બે યુવાન રાજકુમારો આવીને ઘરના દરવાજામાં ઊભા રહ્યા તેની સાથે ચાર સેવકો હતા. તેઓના હાથમાં અનેક પ્રકારના વસ્ત્રો, ઘરેણાં ઘણુંક દ્રવ્ય તેના ભરેલા થાળ હતા. ત્યારે નાની વહુને તો નક્કી થયું કે, આ તો બધું નાગણી માએ જ મોકલાવ્યું લાગે છે એમ વિચારીને અતિ રાજી થઈ સાસુ તથા છએ જેઠાણીઓ આશ્ચર્ય પામી, જે આટલો આ ઠાઠ માઠ ક્યાંથી ? ત્યારે સાસુએ તેને આવકાર આપ્યો અને નાની વહુને કંસાર રાંધવા કહ્યું અને પેલા રાજકુમારોને જમીને જવા કહ્યું ત્યારે કહે જે અમો બહેનના ઘરનું જમીશું નહિ છતાં પણ જો તમારો આગ્રહ હોય તો થોડું દૂધ, કાચા, ઘઉં, બાજરી, મગ, મઠ વગેરેના પલાળેલા બાકડા (ઠોઠા) આપજો તે જમીશું. પછી નાની વહુએ દૂધ ગરમ કરીને ઠારીને એક ઓરડામાં મૂક્યું અને પલાડેલા ઠોઠા મૂક્યા અને ઓરડો બંધ કરી દીધો. પછી નાગકુમારો પોતાના મૂળરૂપમાં આવીને એ બધુંયે જમી ગયા પછી જ્યારે ખોળો ભરવાનો વિધિ શરૂ થયો ત્યારે નાગકુમારો હીરા મોતીના દાગીના અનેક પ્રકારનાં કિંમતી વસ્ત્રો પાત્રો આપ્યાં. તે જોઈને સાસુ-જેઠાણીઓ બધાં આશ્ચર્ય પામી ગયાં પછી એ બધી વિધિ થઈ રહ્યા.

પછી એ નાગ કુમારોએ કહ્યું કે અમારી બહેનને અમારે ઘેર મોકલો ત્યારે સહુએ વહુને વળાવી એટલે તે બહેનને રાફડામાં લઈ ગયા, ત્યાં એક સુંદર મહેલ હતો તેમાં પેલી નાગણીએ બહેનને કહ્યું કે બહેન તમારે આ મહેલમાં રહેવાનું અને તમારે આ તમારા ભાઈ નાગકુમારોને દૂધ ત્રણ વખત પાવાનું કામ કરવાનું ત્યારે તે કહે જે ઠીક પછી રોજ દૂધ ગરમ કરી, ઠારીને નાગકુમારોને પાન કરાવે એમ કરતાં થોડા દિવસો ગયા પછી તેને એક પુત્ર જન્મ્યો. દિન-પ્રતિદિન છોકરો મોટો થવા લાગ્યો એક દિવસે એ છોકરો રમતો હતો અને તે બહેન દૂધ ગરમ કરીને ઠરવા મૂકેલું અને પોતે કાંઈક કામ માટે બીજા ઘરમાં ગઈ અને છોકરે એક ઘંટડી જોઈને રમકડું જાણીને રમતમાં ઉપાડીને વગાડી એટલે નાગકુમારો ઉતાવળા ઉતાવળા આવ્યા. દૂધ પીવા તેને જોઈને છોકરો ડરી ગયો અને હાથમાંથી ઘંટડી પડી ગઈ અને તે બે નાગ કુમારોની પૂંછડી ઉપર પડી જેથી તેની પૂંછડી કપાઈ ગઈ. બે નાગકુમારો દૂધ પીવા માંડ્યા તો દૂધ ગરમ હોવાથી મુખ દાઝી ગયાં જેથી એ ચારેય નાગકુમારો પીડા ભોગવવા લાગ્યા. બહેનને થયું જે આ ચારેય ભાઈઓની આ દશા થઈ છે માટે ચોક્કસ છોકરે ઘંટડી વગાડી હશે. પછી નાગકુમારો બોલ્યા જે આ તારે છોકરે અમારી આવી બુરી હાલત કરી છે તેથી અમો તેને કરડીને તેનું વૈર લઈશું ત્યારે નાગણી બહેન બોલી જે આ છોકરો તો તમારો ભાણેજ કહેવાય માટે ભાણેજની સાથે વૈર ન હોય પછી સારો દિવસ જોઈને નાગણીએ બહેનને ઘેર મોકલાવી અને પહેરામણીમાં બહેનને ઘણી સમૃદ્ધિ આપી તે લઈને નાની વહુ સાસરે પહોંચી. પુત્રને સાસુના ખોળામાં મુક્યો. સાસુ

આગળ નાની વહુનું માન વધી ગયું અને મોટી વહુઓનું માન ઘટી ગયું. એમ કરતાં કેટલાક દિવસો વિત્યા બાદ નાગકુમારો છોકરાનું વૈર લેવા માટે પોતાના મૂળ સ્વરૂપે આવીને નાની બહુને ઘેર ઘંટી નીચે સંતાઈને રહ્યા. ત્યાં તો નાની વહુ પાણી ભરીને આવી. પાણીઆરામાં પાણીનું બેડું મુકતાં પગે ઠેસ વાગી તેથી બોલી જે ખમા મારા નાગ ભાઈઓને. આ સાંભળીને નાગકુમારોનો રોષ ઓછો થયો. પછી એ નાની વહુ તળાવે કપડાં ધોવા માટે જતી હતી. તે રસ્તામાં ચાલતાં પગે ઠેસ વાગી એટલે બોલી જે ખમા મારા નાગ ભાઈઓને. આ સાંભળી નાગકુમારો પ્રસન્ન થયા. અને મનમાં વિચાર્યું જે બહેનને આપણી ઉપર હેત ઘણું છે માટે વૈર રાખવા જેવું નથી એમ વિચારીને વૈરભાવને ભૂલી જઈને પોતાના રાફડામાં ચાલ્યા ગયા. એક વખતે એ છોકરે જેઠાણીનું દૂધ ઢોળી નાખ્યું તેથી જેઠાણીએ નાની વહુને મહેણું માર્યું જે આ તારે છોકરે મારું દૂધ ઢોળ્યું તો હવે પૈસા ક્યાંથી લાવવા ? અને તું તો તારા પિતાની માનીતી છો તેથી તારે આંગણે તું ગાયોને પણ રાખી શકીશ ત્યારે નાની વહુને એ મહેણું હાડોહાડ ઉતરી ગયું અને રડતી રડતી નાગણી મા પાસે જઈને વિનંતી કરીને સારી ગાયો વગેરેની યાચના કરી, ત્યારે નાગણી માએ કહ્યું જો હું તારે ત્યાં ગાયો મોકલાવીશ, પછી તે ઘેર જઈને ગૌશાળા વગેરેની તૈયારી કરી એટલે બીજે દિવસે નાગણી માની આજ્ઞાથી નાગકુમારો સારી અને દુઝણી ગાયો સોંપી ગયા ત્યારે નાની વહુએ સાસુને કહ્યું કે આ ગાયો આપણી છે માટે હવેથી આપણને દૂધ-દહીં-માખણ-ઘી વગેરેની છાશની તકલીફ નહિ રહે. એ સાંભળીને જેઠાણીઓનો રોષ સમી ગયો

અને સાસુનો પણ રોષ સમી ગયો. નાની વહુનું માન વધી ગયું અને નાગકુમારોને ખીર, મઠ, મગ, બાજરી વગેરેના ઠોઠા જમવા આપ્યા. નાગકુમારો એ ખાઈને પોતાને ઘેર રાફડામાં ચાલ્યા ગયા અને નાની વહુને ઘેર આનંદ આનંદ વર્તાઈ ગયો. આ વ્રત શ્રાવણ વદ પાંચમને દિવસે કરવાનું હોય છે. તે દિવસે સવારમાં ઉઠી નાહી-ધોઈને પવિત્ર થઈને પોતાના ઘરની ભીંતે અથવા તો પાણીચારામાં નાગ દેવનું ચિત્ર દોરીને તેની પાસે ઘીનો દીવો અગરબત્તી આદિક કરી પૂજા કરીને બે હાથ જોડીને પ્રાર્થના કરવી કે હે નાગદેવો તમો અમારા ઉપર પ્રસન્ન થઈને તમારા થકી અમોને ક્યારેય પણ ભય ન થાય ? એવી અમારા ઉપર કૃપા કરજો એમ પ્રાર્થના કરીને ખીર, મઠ, મગ, બાજરી વગેરે પલાળેલા ઠોઠાનું નૈવેદ્ય કરવું અને પોતે તે દિવસે એકટાણું કરવું. તેમાં પણ પલાળેલા, મઠ, મગ, બાજરી વગેરે ઠોઠા જમવા આવી રીતે એ નાગદેવનું મંદિર હોય તો ત્યાં કરવું અથવા તો શિવમંદિરમાં પણ નાગદેવનું મંદિર હોય ત્યાં પૂજન કરવું. આવી રીતે આ વ્રતને જે કરે છે તેને ક્યારેય પણ સર્પો થકી ભય થતો નથી. ॥ ૪૯ ॥

## સોમવતી અમાસની વ્રત કથા–૫૦

સુત પુરાણી સૌન કાદિક મહર્ષિઓ પ્રત્યે કહે છે બાણ શય્યા ઉપર શયન કરી રહેલા ભીષ્મ પિતામહની પાસે જઈ પ્રણામ કરીને ધર્માત્મા રાજા યુધિષ્ઠિરે પૂછ્યું જે હે પિતામહ કોપને પામેલા ભીમ તેમજ અર્જુન કૌરવોને તેમજ બીજા કેટલાકને મારી નાખ્યા. આમ દુર્યોધનના અત્યાચારથી (દુરાચારથી) આપણા સર્વે કુળનો નાશ થઈ ગયો. હવે પૃથ્વી ઉપર કોઈપણ રાજા રહ્યો નથી અને

ભરતવંશમાં પણ અમો પાંચ ભાઈઓ રહ્યા છીએ માટે હવે મને આ ચક્રવર્તી રાજ્ય રૂચતું નથી અને મારા દેહમાં પણ મને આશક્તિ નથી. વળી અમારા વંશનો વિનાશ થયેલો જોઈનેમારા હૃદયમાં નિરંતર સંતાપ રહ્યા કરે છે. વળી અતિ નિર્દય એવા અશ્વત્થામાએ ઉતરાનો ગર્ભ પણ બાળી નાખ્યો છે, જેથી પાછળ પિંડ આપનાર પણ કોઈ રહ્યો નથી તો હવે મારે શું કરવું ? મારા ઉપર કૃપા કરીને ચિરંજીવી સંતતી થાય. એવું જો કોઈ ઉત્તમ સાધન હોય તો આપ કહો ત્યારે ભીષ્મ પિતામહ કહે જે, હે રાજન ચિરંજીવી સંતતી થાય ? એવું સાધન તો એક સોમવતી અમાસનું વ્રત છે તે જ્યારે સોમવતી અમાસ આવે ત્યારે પીપળાની પાસે જઈને વિશ્નુ ભગવાનની સાથે એ પીપળાનું પૂજન કરીને એક સોને આઠ રત્નો એટલાં જ ફળ ફુલ વગેરેથી પૂજા કરીને એક સો-આઠ પ્રદક્ષિણા કરીને પીપળાને એકસો આઠ આંટા સૂતર વીંટવું. આ વ્રત તમારે ઉત્તરાની પાસે કરાવવું. એટલે એનો બળી ગયેલો. ગર્ભ સજીવન થશે. અને એ પુત્ર ત્રણે લોકમાં પ્રસિદ્ધિને પામશે તેના સંબંધમાં અહીં પુરાતની ઈતિહાસની કથા છે. તે તમોને કહુ છું સાંભળો. કાંચી નગરીમાં ધર્મવાળો અને મહાપ્રતાપી એક રત્નસેન એવે નામે એક રાજા હતો તે ધર્મથી પ્રજાનું પાલન કરતો હતો. એ નગરીમાં એક દેવ સ્વામી નામે બ્રાહ્મણ હતો. તેની ધનવતી નામે પત્ની હતી તે પતિવ્રતા પરાયણ હતી તેના સાત દિકરા હતા અને એક ગુણવંતી નામે પુત્રી હતી. એ સાત પુત્રોને પરણાવેલા હતા, પણ પુત્રી અવિવાહીત હતી. તે પણ યોગ્ય પતિની શોધમાં હતી. એક સમયે તેને ઘેર પવિત્ર બ્રાહ્મણે આવીને ભિક્ષાની યાચના કરી ત્યારે તેને

યોગ્ય ભિક્ષા આપી. અને સાતે પુત્રવધૂઓએ પણ યોગ્ય ભિક્ષા આપી ત્યારે વિપ્રે તેને અખંડ સૌભાગ્યવતીના અને સુખી સંપદાના આશીર્વાદો આપ્યા, પછી માતાના કહેવાથી પુત્રીએ પણ ભિક્ષા આપી ત્યારે તેને પુત્રી તું ધર્મ વતી ભવ આવો આશીર્વાદ આપ્યો ત્યારે માતાએ વિપ્રને પૂછ્યું જે હે વિપ્ર પુત્રવધૂઓને અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ આપ્યા અને પુત્રીને ધર્મવતી થા. આવો આશીર્વાદ કેમ આપ્યો ? ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મેં તારી પુત્રીને યોગ્ય જ આશીર્વાદ આપ્યો છે કારણ કે તારી પુત્રી લગ્ન વખતે ત્રણ ફેરા ફરશે. એટલે તરત જ રંડાશે અને વિધવા થશે. માટે એને હંમેશા ધર્મ પાલન કરવાનું જ છે માટે મેં પુત્રી તું ધર્મવતી થા. આવો આશીર્વાદ આપ્યો છે તે સાંભળીને અતિ વ્યાકુળ થયેલી ધનવંતીએ કહ્યું કે હે વિપ્ર તો પછી મારી પુત્રીના વૈધવ્યપણાને નાશના ઉપાયને આપ જાણતા હો તો કહો ત્યારે વિપ્ર કહે જે તમારે ઘેર જ્યારે સોમા આવશે અને તમો તેનું પૂજન કરશો ત્યારે જ તમારી પુત્રીનો વૈધવ્યપણાનો નાશ થશે. ત્યારે ધનવંતી કહે જે એ સોમા કોણ છે અને તે ક્યાં રહે છે ? અને તેની જાતિ કઈ છે ? અને એ સોમા ક્યારે આવશે ? ત્યારે વિપ્ર કહે જે સોમા (રંજક) ધોબીની સ્ત્રીની છે એ સિંહલ દ્વીપમાં રહે છે અને એ સોમા હંમેશા સોમવતી અમાસનું વ્રત કરે છે. એમ કહીને એ બ્રાહ્મણ ત્યાંથી અન્ય સ્થળે ભિક્ષા માટે થયો ચાલતો ત્યાર પછી ધનવંતીએ પોતાના પુત્રોને કહ્યું કે હે પુત્રો આ તમારી નાની બહેન ગુણવંતીનું વૈધવ્ય સોમાને હાથે જ નાશ થશે. માટે જો તમોને માતા પિતા પ્રત્યે સ્નેહ ભક્તિ હોય તો તમો સોમાને લાવવા માટે આ તમારી બહેનને સાથે લઈને

કોઈક જાઓ. ત્યારે સૌથી નાનો પુત્ર શિવસ્વામી કહે જે હે માતાજી તથા હે પિતાજી એ સોમાને લેવા માટે હું જઈશ. એમ કહીને માતા પિતાને પ્રણામ કરીને બહેનને સાથે લઈને સિંહલ દ્વીપ પ્રત્યે જવા માટે નીકળ્યો. તે ઘણાંક દિવસે સમુદ્ર કિનારે પહોંચ્યો અને હવે તે સમુદ્રને શી રીતે ઉતરવો એવો વિચાર કરતા થકા ત્યાં જ એક વિશાળ વડનું વૃક્ષ હતું તેની નીચે નિવાસ કર્યો તેજ વડની નીચે એને દિવસ ગાળ્યો. તેવામાં ગીધરાજે માંસ લાવીને પોતાનાં બચ્ચાને ખાવા માટે આપ્યું. પરંતુ એ માંસને બચ્ચાં ખાતાં નથી એટલે ચિંતા કરતા ગીધે પૂછ્યું કે હું તમારે માટે આ કોમળ માંસ લાવ્યો છું અને તમો ખાતા કેમ નથી ? ત્યારે એ બચ્ચાં કહે જે આ ઝાડની નીચે છાયામાં બે માણસો ભૂખ્યાં અને તરસ્યાં બેઠાં છે. અને એ આપણા નિવાસ સ્થાને આવ્યાં છે તો એ આપણા મહેમાન કહેવાય. એમણે કાંઈપણ ખાધું પીધું નથી તો અમારાથી કેમ ખવાય ? ત્યારે એ ગીધરાજે એમની પાસે જઈને પૂછ્યું કે તમો કોણ છો ? અને તમો શું જમશો ? અને તમારે કામ હોય ? તે કહો ત્યારે તે કહેજે અમારે સિંહલદ્વીપમાં સોમાને લેવા માટે જવાનું છે પણ ત્યાં જવું શી રીતે એનો વિચાર કરીએ છીએ પણ આ મોટા સમુદ્રને ઉલ્લંઘીને પહેલે પાર જવા માટે કોઈ ઉપાય સૂઝતો નથી. ત્યારે તે ગીધ કહે જે તમો તેની ચિંતાનો ત્યાગ કરી દીયો. હું તમોને સિંહલદ્વિપમાં પહોંચાડી દઈશ એમ કહીને એ બંને જણાને ઉપાડી જરા વારમાં સિંહલદ્વીપમાં પહોંચાડીને મૂકી દીધા અને ત્યાં તેને સોમાનું ઘર પણ બતાવી દીધું. પછી એ બંને જણાં ત્યાં રહ્યાં. અને છાની રીતે રોજ રાત્રિમાં વહેલા ઉઠીને એ કોઈ જાણે નહિ તેવી

રીતે એ સોમાનું ઘર સાફ સૂફી કરી જાય. વાસણ કપડાં વગેરે ધોઈને સાફ કરી નાખે એમ કરતાં એક વરસ થયું ત્યારે તે સોમાને ખબર પડી કે આ મારા ઘરને રોજ સાફસૂફ કોણ કરી જાય છે ? એમ પુત્રો તથા પુત્રવધૂને પૂછ્યું ત્યારે તેઓ કહે જે તેની અમોને ખબર નથી પછી રાત્રે છાની રીતે સંતાઈને તપાસ કરી તો ત્યાં એ બંનેને જોઈને પૂછ્યું કે આ તમો કોણ છો ? ત્યારે તે કહે જે અમો બ્રાહ્મણ છીએ અને આ મારી બહેનના વૈધવ્યપણાને નાશ માટે અમો તમોને લેવા માટે આવેલા છીએ ત્યારે તે સોમાએ અતિ પશ્ચાત્તાપ કરીને કહ્યું જે અરે તમો બ્રાહ્મણ થઈને મારા નીચના ઘરને સાફસૂફ કરો છો તે તો ખરેખર અયોગ્ય કહેવાય માટે હું તમારા ઉપર પ્રસન્ન થઈ છું તો હું અવશ્ય તમારા ઘર પ્રત્યે આવીશ. એમ કહીને પોતાના પુત્રો, પુત્રવધૂઓ એ સર્વેને કહ્યું કે હું આવું ?

ત્યાં સુધીમાં કદાચને કોઈપણ મરણ પામે ? તો તેના દેહને અગ્નિદાહ નહિ કરતા એ મૃતદેહને સાચવી રાખજો. એમ કહીને એ બંનેને ઉપાડીને સમુદ્ર પાર કરીને તેને ઘેર આવી ગયાં પછી તે સોમાને જોઈને ધનવંતી અતિ આનંદ પામી અને તેનો યોગ્ય રીતે સત્કાર કર્યો ત્યાર પછી પોતાની માતા પિતાની આજ્ઞાથી ઉજ્જૈન નગરીમાં ગયો. ત્યાંથી દેવશર્માના પુત્ર રૂદ્ર શર્માને બહેનને યોગય વર જાણીને તેને સાથે તેડીને પોતાને ઘેર આવ્યો. પછી સોમાએ વિવાહની તૈયારી કરાવીને શુભ નક્ષત્રમાં પુત્રી વરને અર્પણ કરી અને લગ્નમાં ત્રણ ફેરા ફર્યા. એટલે વર મૃત્યુને પામ્યો તે જોઈને સર્વે શોક કરવા લાગ્યા. પણ સોમાને તો જરાયે શોક થયો નહિ. પછી સોમાએ તરત વિધિ સહિત સંકલ્પ કરીને વ્રત રાજ સોમવતી

અમાવાસ્યાના વ્રતનું પુન્ય ગુણવંતીને અર્પણ કર્યું. એટલે તે વ્રતના પ્રભાવથી રૂદ્ર શર્મા સજીવન થયો અને જેમ ઊંઘમાંથી જાગૃત થાય તેમ બેઠો થયો. આમ રૂદ્ર શર્માને જીવતો કરીને વિવાહનું કાર્ય સંપૂર્ણ કરીને એ સોમવતી અમાસના વ્રતનો પ્રભાવ સર્વેને કહીને તે સોમા પોતાને ઘેર જવા માટે નીકળી. એ જ દરમિયાન સોમાને ઘેર તેનો પતિ, પુત્ર, અને જમાઈ એમ ત્રણ જણાં મરણને પામ્યા. કાંચીનગરીથી નીકળેલી સોમાને માર્ગમાં ચાલતાં કપાસની ગાંસડી માથા ઉપર ઉપાડીને આવતી એક વૃદ્ધાએ કહ્યું કે હે બહેન હું આ ભારથી પીડાઉં છું. માટે એ દિકરી આ કપાસની ભારી તો નીચે ઉતરાવ ત્યારે સોમા કહેજે આજે સોમવતી અમાસ છે. માટે આજે રૂનો સ્પર્શ ન કરાય. તેવામાં આગળ ચાલતાં એક મૂળાની ભારી માથા ઉપર ઉપાડીને આવતી એક વૃદ્ધાએ કહ્યું કે એ બહેન દીકરી આ મૂળાની ભારી તો ઉતરાવ. ત્યારે સોમા કહે જે, આજે સોમવતી અમાસ છે માટે આજે મૂળાનો સ્પર્શ ન કરાય, એમ કહીને નદીમાં સ્નાન કરીને પાસે જઈને વિષ્ણુ ભગવાનની સાથે પીપળાનું એકસોને આઠ રત્નો, એટલા જ ફળો, ફૂલ, દુર્વા, અબીર, ગુલાલ વગેરે ઉપચારોથી પૂજન કરીને એકસોને આઠ પ્રદક્ષિણા કરીને પીપળાને કાચું સૂત્ર એકસોને આઠ આંટા વિંટીને ભગવાનની સાથે એ પીપળાને પ્રણામ કર્યા. તેવામાં સોમાને ઘેર મરણ પામેલા પતિ, પુત્ર અને જમાઈએ ત્રણે સજીવન થયા અને બધું શહેર સમૃદ્ધિવાળું થયું. સોમાનું ઘર વિશેષ સમૃદ્ધિવાળું થયું. સોમા ઘેર આવી ત્યારે પુત્રવધૂએ પૂછ્યું કે હે દેવી, આપ ગયાં ત્યાર પછી, પુત્ર અને જમાઈ મૃત્યુને પામ્યા અને ફરીવાર જીવતા કેમ થયા ત્યારે સોમા કહે જે,

મેં પહેલાં સોમવતી અમાસનું વ્રત પૂજન વગેરે કરેલ હતું. તેનું પુન્ય મૃત્યુ પામેલા રૂદ્ર શર્માને અર્પણ કર્યું. એટલે તે જીવતો થયો અને પતિ, પુત્ર અને જમાઈ મરણ પામ્યા અને પાછી વળી ત્યારે માર્ગમાં ચાલતાં સોમવતી અમાસ આવી તે દિવસે તેનું વ્રત પૂજન વગેરે કર્યું ? તેના પ્રભાવથી ફરીવાર પતિ, પુત્ર અને જમાઈ જીવતા થયા, એ બધો પ્રભાવ છે સોમવતી અમાસનો. માટે તમો પણ જો સુખને ઈચ્છતા હો તો એ સોમવતી અમાવાસ્યાનું વ્રત પૂજન વગેરે અવશ્ય કરજો. તે સાંભળીને તેઓએ પણ એ વ્રત જીવંત પર્યંત કરીને આ લોકની સર્વે સુખ સંપત્તિને ભોગવીને દેહને અંતે સ્વર્ગલોકને પામ્યા. ભીષ્મ પિતા કહે છે કે, હે રાજન તમો પણ એ વ્રતરાજને કરો તો તમો પણ સર્વ રીતે સુખને પામશો. એમાં સંશય નથી. કારણ કે સોમવારે સહિત અમાવાસ્યા એ પુણ્યકાળ કહેવાય છે. તે દિવસે વ્રત કરનારે સવારમાં વહેલા ઊઠીને સ્નાનાદિક ક્રિયામાંથી પરવારીને પીપળા સમીપે જઈને પીપળાના મૂળમાં ભગવાન સાથે સોડશોપચારે કરીને પીળાં વસ્રો, ફળ, ફૂલ અક્ષત દુર્વા વગેરે અર્પણ કરીને નૈવેદ્ય અર્પણ કરવું ત્યાર પછી પ્રદક્ષિણા કરી સુતર વીંટીને બે હાથ જોડીને પ્રાર્થના કરવી અને મોતી, સુવર્ણ, રજત, હીરા, મણી, અન્ન વગેરે કાંસાના પાત્રમાં ભરીને ગુરૂ અથવા પવિત્ર બ્રાહ્મણને અર્પણ કરીને સોમાને પ્રસન્ન કરવા નિમિત્તે સુવાસિની સ્રીઓનું પૂજન કરીને બ્રહ્મ ભોજન કરાવવું પછી મૌન રહીને પોતે ભોજન કરવું. માટે હે રાજા યુધિષ્ઠિર, તમો પણ એ વ્રતને કરો. અને તે વ્રત ઉત્તરાની પાસે પણ કરાવો. એટલે અશ્વત્થામાએ બાળી નાખેલો ગર્ભ સજીવન થશે, પછી એ વ્રત

ઉત્તરાની પાસે વિધિવત્ કરાવ્યું, અને પોતે પણ કર્યું. એટલે પ્રથમ અશ્વત્થમાના શાપથી બળી ગયેલો ગર્ભ સજીવન થયો, અને તે થકી રાજા પરીક્ષિતનો જન્મ થયો, માટે એ વ્રત અવશ્ય કરવું અને તે જ વ્રત જો ભગવાનની પ્રસન્નતા માટે કર્યું હોય તો તે આ લોકમાં સર્વે ભોગ સુખ ભોગવીને દેહને અંતે ભગવાનના ધામને અવશ્ય પામે છે. વધારે શું કહું ? તે વ્રતની કથા માત્રનું શ્રવણ કરે. કે પાઠ કરે. તો પણ ભગવાનના વૈકુંઠ ધામને અવશ્ય પામે છે. એમાં સંશય નથી. ॥ ૫૦ ॥

**॥ ઈતિ શ્રી વ્રત કથા સમાપ્ત ॥**

